
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૬ જૂન ૨૦૧૫ સળંગ અંક : ૫૨૪

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**Charutar Vidya Mandal**
**Vallabh Vidyanagar**

# મેહુલો ગાજે ને માધવ નાચે

મેહુલો ગાજે ને માધવ નાચે,
રૂમઝૂમ વાજે પાય ઘૂઘરડી રે,
તાલ-પખાજ વજાડે ગોપી
વહાલો વજાડે વેણુ-વાંસલડી રે.
- મેહુલો.

દાદુર-મોર-બપૈયા બોલે,
મધુરી શી બોલે કોયલડી રે!
પહેરણ ચીર, ચરણા ને ચોળી,
ઓઢણ આછી લોબરડી રે.
- મેહુલો.

- નરસિંહ મહેતા




**વિ-વિદ્યાનગર**

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૬

સળંગ અંક: ૫૨૪

**ISSN 0976-9609-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

*कर्मण्येवाऽधिकारस्ते*

**તંત્રી**

હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ ગામડી



**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ ‘વલ્લભ વિદ્યાનગર’ પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે ‘વિદ્યાનગર’ નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે ‘વિ-વિદ્યાનગર’ એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

‘વિ-વિદ્યાનગર’ ચારુતર વિદ્યામંડળની વેબસાઇટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

પ્રભો! દુનિયામાં સત્ય અને અસત્ય મિશ્રિત છે. અમારી વૃત્તિ શુદ્ધ નથી. અમને સત્ય વીણીને ભેગું કરવાની કળા તેમ જ શક્તિ આપ. **- કાકા કાલેલકર**

# વિ-વિદ્યાનગર


**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જૂન ૨૦૧૫

વર્ષઃ ૧૭ અંકઃ ૬

સળંગ અંકઃ ૫૨૪

**ISSN 0976-9609-V Vidyanagar**


• • •

**बलवान् वर्णवान् सर्वरतिः स्वङ्गः स्थिरेन्द्रियः।**
**प्रसन्नात्मा सर्वसहो, विज्ञेयः प्रकृतिं गतः॥**

બળવાન, સ્વરૂપવાન, બધાં કાર્યોમાં રૂચિ ધરાવનાર, ઉત્તમ અંગવાળી, સ્થિર ઇન્દ્રિયોવાળો, પ્રસન્ન આત્માવાળો અને બધાને સાથે લઇ ચાલનારો મનુષ્ય સ્વસ્થ કહેવાય છે.

**(ચરક સિદ્ધિસ્થાનમ્ ૧૨.૯)**

• • •


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ મારા વિચારો-સર્વધર્મસમભાવ • ડૉ.સી.એલ. પટેલ

॥ પ્રાથમ્ય ॥ પાંચ શિક્ષણશાસ્ત્રીઓનું પ્રદાન • વિદ્યુત જોષી / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ) • કલાપી, નરસિંહ મહેતા, હરીન્દ્ર દવે / 2

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) માધુકરી • કાકા કાલેલકર / 3

॥ નવાં કાવ્યો ॥ • નીરજ મહેતા, સાહિલ, વિશાલ જોશી,રમેશ આચાર્ય/5

॥ અભ્યાસ ॥ મનુ અને મનુસ્મૃતિઃ કેટલાક પ્રશ્નો • કાન્તિલાલ રા.દવે / 6

॥ અભ્યાસ ॥ સ્વાતંત્ર્ય સંગ્રામની આર્થિક અસરો • એસ.વી. જાની/ 9

॥ અભ્યાસ ॥ ગાંધીયુગની અહોભાવમુક્ત જેલડાયરી • ઉર્વીશ કોઠારી / 14

॥ સમીક્ષા ॥ આચારધર્મી ડૉ.સી.એલ.પટેલનું વિચારપ્રેરક પુસ્તકઃ ‘મારા વિચારો’ • રમણભાઇ પી. પટેલ / 17

॥ સમીક્ષા ॥ સાર્થક જલસોઃ વિષય વૈવિધ્ય અને અનોખાપણાનો જલસો • પ્રણવ અધ્યારુ / 20

॥ રમન્તે તત્ર દેવતા ॥ કન્યાના બાળવિવાહ • પારુલટીના દોશી / 22

॥ Gyan-Vigyan ॥ Human Genetic Disorders- An Overview • Kundankumar Mishra / 26

॥ આરોગ્ય ॥ વાસંતિક વમનઃ શ્રેષ્ઠ ઋતુની શ્રેષ્ઠ ચિકિત્સા • હિમાંશુ ફુલતરિયા, નેહા ડોલાસિયા,એમ.સરદેશપાંડે, બિપીન સાવંત/29

॥ સામ્પ્રત ॥ ભારત-ચીન સંબંધોનો મહિમા • હરિ દેસાઇ / 30

# મારા વિચારો - સર્વધર્મસમભાવ

ડૉ.સી.એલ.પટેલ

દેશમાં દરેક રાજકીય પક્ષ અને તેના આગેવાનો એમ માની બેઠેલા છે કે આ દેશના હિતેચ્છુ અને તારણહાર છે. જે તે આગેવાનો અને પક્ષ પોતાની આગવી મોનોપોલી સમજીને લોકશાહી દેશને ન છાજે તેવાં નિવેદનો કરી આ દેશની શાંતિને જોખમમાં મૂકતા હોય તેવું લાગી રહ્યું છે. દેશને પ્રજાસત્તાક દેશ જાહેર કરતાં પહેલાં જે તે સમયના બુદ્ધિજીવીઓ અને રાજકીય આગેવાનો દેશની પ્રજા પોતપોતાની રીતે સુખશાંતિથી અને પોતે આ દેશનો એક હિસ્સો છે તેમ માનતાં છેક ૧૯૫૦થી લાભ મેળવતા આવ્યા છે. કોઈપણ પ્રકારનું ધર્મઝનૂન આ દેશને કોઈપણ રીતે ફાયદાકારક નથી, એ દરેકે સમજી લેવું જોઈએ. કોઈ વ્યક્તિ હિંદુ હોય તે સાચો હિંદુ બને. કોઈ મુસ્લિમ હોય તો તે સાચો મુસ્લિમ બને. એ જ રીતે આપણે જોતા આવ્યા છીએ કે ઈરાનથી આવેલા પારસી લોકોએ દૂધમાં સાકરની જેમ આપણા સૌની સાથે ભળી જઈને આ દેશના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.

વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને લોકસભામાં બહુમતી આપવા પાછળ પ્રજાનો એક જ ઉદ્દેશ્ય હતો કે તેમનું શાસન આવતાં આ દેશની સુખશાંતિમાં વધારો થશે અને જે સરકાર બહુમતીથી રચાશે એ પ્રજાપાલક હશે; ખેડૂત જગતનો તાત ગણાય છે તે હકીકત સાચી પડશે, ખેતી માટે જરૂરી બધું જ પ્રાપ્ત થશે; નહેરોથી ખેતીમાં મદદ થશે; ગામડે-ગામડે સારા રસ્તા બનશે. આ બધી અપેક્ષાઓ સાથે ગ્રામ્યપ્રજાએ હોંશે હોંશે શ્રી નરેન્દ્રભાઈ મોદીની તરફેણમાં ભારે મતદાન કરી તેમને બહુમતી અપાવી. ૨૦૧૪ પછી એક વર્ષ વીતવા આવ્યું છતાં પણ પ્રજાની અપેક્ષાનો કોઈપણ એક હિસ્સો સરકાર પૂર્ણ કરી શકી નથી તેવું અનુમાન કરીએ તો ખોટું નથી.

ઘણીવાર તો એવું લાગે છે કે જે પક્ષ ચૂંટણીમાં વિજયી બન્યો તે પક્ષના આગેવાનો પોતાના વાણી-વર્તનમાં વિવેક દાખવતા હોય તેવું લાગતું નથી. જે લોકો હિંદુ હોય અને હિંદુ મહાસભા જેવી કોઈ સંસ્થા ચલાવતા હોય તેમણે સમજી લેવું પડશે કે તેમની ખરી જવાબદારી હિંદુઓને કેમ કરીને સાચા હિંદુ બનાવવા અને હિંદુ ધર્મનો ખાસ મહત્વનો આદેશ કે દરેક ધર્મ માટે સમભાવ રાખી શકે તેવા ગુણધર્મો ધરાવતા લોકો તૈયાર

કરવા. દરેકે સમજી લેવું પડશે કે તમે એક વિશાળ ભારત રાષ્ટ્રના નાગરિક છો. કોઈપણ પક્ષ, સત્તા કે સંસ્થાએ ભારત જેવા વિશાળ રાષ્ટ્રના બંધારણને અનુરૂપ જ વાણી-વર્તન રાખવાં જોઈએ. આ ફક્ત એકલા હિંદુને જ લાગુ પડતું નથી, પરંતુ મુસલમાન ભાઈઓ કે જે પોતે ઈસ્લામમાં માને છે, તેમણે પણ મહંમદ પયગંબર સાહેબે આપેલ સાચા આદેશોથી જ, સાચા નાગરિક બનીને, સાચી રીતે દેશની સેવા કરવા લાગુ પડે છે. મુસ્લિમ ભાઈઓ પણ પોતાના વાણી-વર્તનમાં સંયમ દાખવે તે આ દેશ માટે ખૂબ જરૂરી છે.

હમણાં હમણાં કેટલાક આગેવાનો ભાજપના ચૂંટણી જુવાળમાં ચૂંટાઈ આવ્યા બાદ તેમનો વાણી-વર્તન પોતાની જાત અને ધર્મ માટે મર્યાદિત રાખે તે કોઈપણ રીતે યોગ્ય નથી. આ દેશના હરેક નાગરિકને જેમ ભગવાને હવા,પાણી, સૂર્યની ગરમી અને રાતે ચાંદનીની શીતળતા આપી છે, તે રીતે દેશના બંધારણે દરેક નાગરિકને તે પોતે સારી રીતે જીવન જીવી શકે તે માટેના હક્કો અને આદેશ આપેલા છે. તે રીતે આ દેશનો હરેક નાગરિક અને રાજકીય આગેવાનોએ પોતાના વાણીવિલાસથી અશાંતિ ઊભી ના થાય તેની કાળજી રાખવી તે આગેવાનોની પહેલી ફરજ છે. કોઈ હિંદુ હોય તો તે માત્ર હિંદુઓ માટેનો જ લોકસભા કે વિધાનસભાનો પ્રતિનિધિ નથી ચૂંટાતો, પરંતુ આ દેશના નાગરિકોએ તેમણે કે તેમના પક્ષે આપેલાં વચનોમાં ભરોસો મૂકીને તેમને ચૂંટ્યા છે એટલે એ બધાના પ્રતિનિધિ છે. લોકપ્રતિનિધિ દ્વારા એક ધર્મ કે જાતિ માટે કોઈપણ નિવેદન કરવાં તે બાલિશતા છે. તે માટે તેઓ ગર્વ ના લઈ શકે, તેમના વર્તન અને નિવેદનોની ટીકા જ થવી જોઈએ. મીડિયાએ પણ આવાં બાલિશ નિવેદનોને અવગણવાં જોઈએ. મીડિયા દેશને માટે હાનિકારક બાબતોને ચગાવવાની ભૂલો ના કરે અને અશાંતિ ફેલાતી રોકવાની કાળજી લે એ અપેક્ષિત છે. આ દેશમાં રાષ્ટ્રપ્રેમી હિંદુ, રાષ્ટ્રપ્રેમી મુસ્લિમ અને રાષ્ટ્રપ્રેમી ખ્રિસ્તીઓ પારસીઓમાંથી જરૂર પ્રેરણા લઈને રાષ્ટ્રના હિતને સદાય કેન્દ્રમાં રાખીને કાર્યરત રહે તેજ આજની માંગ છે.

(૧૩ મે ૨૦૧૫)

# પાંચ શિક્ષણશાસ્ત્રીઓનું પ્રદાન

## વિદ્યુત જોષી

ભાવનગરમાં ૧૯૦૯ થી ૧૯૩૦ વચ્ચે શિક્ષણના જે પ્રયોગો થયા તે જગતના શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ હતા. તેની શરૂઆત નાનાભાઇ ભટ્ટે કરી. શામળદાસ કૉલેજમાં પ્રોફેસર તરીકે કાર્ય કરતા નાનાભાઇ ભટ્ટને મૅકોલેપ્રેરિત શિક્ષણથી ખૂબ જ અસંતોષ હતો. તેમને થતું કે આપણા ઋષિઓ આશ્રમમાં જે શિક્ષણ આપતા તે પદ્ધતિ ભારત માટે વધુ અનુકૂળ હતી. આથી તેમણે સલામત નોકરી છોડીને ભાવનગર સ્ટેશન પાસેની એક બૉર્ડિંગમાં આવો આશ્રમ સ્થાપવાની શરૂઆત કરી. અહીં તેમને મૂળશંકર ભટ્ટ આવી મળ્યા. તેમને લાગ્યું કે આશ્રમ નહિ, આશ્રમશાળા જોઇએ. આથી તેમણે ૧૯૧૩માં દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. પછી તેમને શિક્ષણ મનોવિજ્ઞાનના નિષ્ણાત હરભાઇ ત્રિવેદી આવી મળ્યા. આ દક્ષિણામૂર્તિનો પ્રયોગ એટલો જાણીતો બનવા લાગ્યો કે ૧૯૧૬માં મહાત્મા ગાંધી જે બુનિયાદી કેળવણીના પ્રયોગો કરી રહ્યા હતા તેઓ આ પ્રયોગ જોવા આવ્યા. તેમને આશ્રમની પદ્ધતિ ગમી ગઇ અને તેમણે અપનાવી. આ પ્રયોગમાં પછી ગિજુભાઇ બધેકા પોતાની વકીલાત છોડીને ભળ્યા. તેમાં બાકી હતું તે મનુભાઇ પંચોળી પણ આ દક્ષિણામૂર્તિમાં જોડાયા. આ પાંચ ઋષિઓએ કેટલાંક વર્ષો સાથે કામ કર્યું અને દક્ષિણામૂર્તિ ભારતમાં ભારતીય શિક્ષણ માટેના પ્રયોગોની સંસ્થા તરીકે જાણતી બની. પાંચ આંતરરાષ્ટ્રીય કક્ષાના શિક્ષણશાસ્ત્રીઓ એક સંસ્થામાં સાથે રહ્યા હોય તેવો આ જગતનો એકમાત્ર બનાવ છે.

આ પાંચેય શિક્ષણશાસ્ત્રીઓ અલગ શૈક્ષણિક વિચારો ધરાવતા હતા. નાનાભાઇ ઋષિ જીવનમાં માનતા હતા અને આશ્રમી જીવન પદ્ધતિ ભારત માટે વિકસાવી ગયા. આજે અનેક સંસ્થાઓ આશ્રમી પદ્ધતિનું જીવન વિદ્યાર્થીઓને શીખવે છે. તેના પાયામાં નાનાભાઇ છે. તો મૂળશંકરભાઇ છાત્રાલય કઇ રીતે ચલાવવું અને કિશોરોને સાહસના પાઠો કઇ રીતે ભણાવવા તે વિશે પાયાની વાતો કરી ગયા. આજે જે હોસ્ટેલો ચાલે છે તેના ગૃહપતિઓએ આમાંથી ઘણું શીખવા જેવું છે. હરભાઇ શિક્ષણ મનોવિજ્ઞાનના નિષ્ણાત હતા અને પશ્ચિમમાં ભણી બાળકને શિક્ષણ દ્વારા કઇ રીતે સજ્જ કરવા અને તેમની સર્વતોમુખી પ્રતિભાનો વિકાસ કઇ રીતે કરવો તે વિશે કામ કરી ગયા. ગિજુભાઇ મૂછાળી મા તીરેક ઓળખાતા. તેમણે બાળ મંદિરોને મોન્ટેસરી પદ્ધતિથી ચલાવવા માટે મહત્વનું પ્રદાન આપ્યું. મનુભાઇ પંચોળી શિક્ષણ એ ઉદ્યોગનું શિક્ષણ હોવું જોઇએ અને ગ્રામ્ય શિક્ષણ હોવું જોઇએ તેમાં માનતા હતા.

આ પાંચેય શિક્ષણકારો પાછા સર્જકો હતા. દરેકે પોતપોતાની રીતે સાહિત્યનું સર્જન કર્યું છે. નાનાભાઇનું સંસ્થા સાહિત્ય, મૂળશંકર ભટ્ટનું કિશોર સાહિત્ય, હરભાઇનું શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સાહિત્ય, ગિજુભાઇનું બાળ સાહિત્ય અને મનુભાઇનું લલિત તથા ઐતિહાસિક સાહિત્ય ખૂબ જ જાણીતાં છે. આ લેખકને આ પાંચમાંથી ત્રણ સર્જકોને મળ્યાનો સંતોષ છે.

આ પાંચે મહામનાઓ અલગ વ્યક્તિત્વ ધરાવતા હતા અને અલગ શૈક્ષણિક વિચારો ધરાવતા હતા, તેથી થોડાં વર્ષો સાથે કામ કરીને દરેકે પોતાની સંસ્થાઓ સ્થાપી. હરભાઇએ દક્ષિણામૂર્તિ પાસે જ ઘરશાળાની સ્થાપના કરી. ગિજુભાઇએ પોતાનું કાર્ય બાલમંદિર સુધી મર્યાદિત કરી નાખ્યું. મનુભાઇ નાનાભાઇ અને મૂળશંકર ભટ્ટને ભાવનગર શહેર છોડાવી ગામડામાં લઇ જવા સફળ થયા અને આ ત્રિમૂર્તિએ દક્ષિણામૂર્તિ છોડી આંબલા ખાતે ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. આગળ જતાં મનુભાઇને શાળાનું ક્ષેત્ર નાનું પડતાં તેમણે લોકભારતીની સ્થાપના કરી. ત્યારે નાનાભાઇ રાજકારણમાં ગયા અને મૂળશંકરભાઇ છાત્રાલયના વિકાસમાં લોકભારતી સાથે રહ્યા.

આ પ્રદાન વિશે નાના મોટા લેખો અવશ્ય થયા છે, પરંતુ આ દરેક ઋષિના કામ-વિશે, પ્રદાન વિશે કોઇ વૈજ્ઞાનિક સંશોધનાત્મક કાર્ય નથી થયું. આવડું મોટું કાર્ય ભારતના શિક્ષણના ઇતિહાસમાં નોંધાયું નથી તેનું કારણ એ છે કે, જે લખાયું તે માત્ર પ્રશસ્તિમાં લખાયું એટલે તેની ગંભીરતાની નોંધ ન લેવાઇ. બીજું એ પણ થયું કે મોટા ભાગનું ગુજરાતીમાં લખાયું એટલે માત્ર ગુજરાતમાં જાણીતું બન્યું, ગુજરાત બહાર તેની નોંધ ન લેવાઇ. આ કારણે આ પાંચ ઋષિઓના પ્રદાનને આજે શિક્ષણના ઇતિહાસમાં ભણાવતું નથી. પુણે સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍજ્યુકેશને સમગ્ર ભારતમાં શિક્ષણના જે પ્રયોગો થયા છે તે વિશે પાંચ ગ્રંથો બહાર પાડ્યા છે. જેમાં ૭૦ શિક્ષણ પ્રયોગો વિશે લેખો છે. આ લેખકે તે ગ્રંથમાં આદિવાસી શિક્ષણ પ્રયોગ વિશે લખ્યું છે. આની મિટિંગ જ્યારે યોજાઇ ત્યારે આ પાંચ ઋષિઓ વિશે અંગ્રેજીમાં લખનાર કોઇ નહોતું. એટલું જ નહિ આજે ભારતના શિક્ષણનો ઇતિહાસ આ બહુ મોટા ગજાના પ્રયોગો વિના અધૂરો રહ્યો છે. આથી એક ટહેલ નાખવી છે. આ ઋષિઓના દરેકના પ્રદાન વિષે સંશોધન થાય, પીએચડીની પદવીઓ આ વિશેના અંગ્રેજી સંશોધન લેખને અપાય તથા એક સમિતિ બનાવી આ પાંચેય વિશે અંગ્રેજીમાં લખાય તથા પ્રગટ થાય તો જગત તેમના અને ગુજરાતના શિક્ષણ પ્રદાનની નોંધ લેશે.

(૪૪, સાકેત-૩, નંદીશ્વર મહાદેવ સામે, બકેરી સિટી,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ મો: ૯૮૨૫૦૬૪૭૪૮)

## આપની યાદી

**કલાપી**

જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની!

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!

આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં;
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા,
યાદ બનીને ઢાળ ખેંચાઇ રહી છે આપની!

દેખી બૂરાઇ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઇને બધે ગંગા વહે છે આપની!

થાકું સિતમથી હોય જ્યાં ના કોઇ ક્યાંયે આશના;
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની!

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની!

પ્યારું તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફરઃ
ધોવાઇ યાદી ત્યાં રડાવે છે જુદાઇ આપની!

રોઉં ન કાં એ રાહમાં એ બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની!

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધુંઃ
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની!

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટીઃ
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની!

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની!

## વૈષ્ણવજન

**નરસિંહ મહેતા**

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે.
- વૈષ્ણવ.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે.
- વૈષ્ણવ.

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
- વૈષ્ણવ.

મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
- વૈષ્ણવ.

વણલોભી ને કપટ રહિત છે, કામ-ક્રોધ નિવાર્યાં રે;
ભણે નરસૈંયોઃ તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે.
- વૈષ્ણવ.

## તમે યાદ આવ્યાં

**હરીન્દ્ર દવે**

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,
એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યાં.
ક્યાંક પંખી ટહુક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે શ્રાવણના આભમાં ઊઘાડ થયો રામ,
એક તારો ટમક્યો ને તમે યાદ આવ્યાં.

જરા ગાગર ઝલકી ને તમે યાદ આવ્યાં
જાણે કાંઠા તોડે છે કોઇ મહે રામણ રામ,
સહેજ ચાંદની છલકી ને તમે યાદ આવ્યાં.
કોઇ ઠાલું મલક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે કાનુડાના મુખમાં બ્રેમાન્ડ દીઠું રામ,
કોઇ આંખે વળગ્યું ને તમે યાદ આવ્યાં.
કોઇ આંગણ અટક્યું ને તમે યાદ આવ્યાં,
જાણે પગરવની દુનિયામાં શોર થયો રામ,
એક પગલું ઉપડ્યું ને તમે યાદ આવ્યાં.

## માધુકરી

### કાકા કાલેલકર

પ્રાંતમાં બૉર્ડિંગો ઘણી છે. કેટલીક બૉર્ડિંગો અથવા છાત્રાલયો તવંગર ઘરના છોકરાઓને માટે હોય છે, કેટલીક ગરીબને માટે હોય છે. છાત્રાલયના ઉદ્દેશ બે હોય છેઃ છોકરાઓ માટે ખાવાની તથા રહેવાની સગવડ, અને બીજું તેમનું જીવન નિયમિત થાય માટે તેમના ઉપર દેખરેખ.ગરીબોને માટે જે છાત્રાલયો હોય છે તેમાં બન્ને વસ્તુ મફત આપવામાં આવે છે. આવાં છાત્રાલયો સાર્વજનિક દાનમાંથી ચાલે છે. ઘણાં છાત્રાલયો બરાબર ચાલતાં નથી એવી બૂમ ઘણી વાર સંભળાય છે. પણ તેના કારણમાં આપણે નહીં ઊતરીએ. સંસ્થા એટલે જ સાર્વત્રિક નિયમ. તે વગર સંસ્થા ચાલી ન શકે, અને નિયમ તો બધાને માટે સરખા હોવા જોઇએ.પણ જેમના ઉપર નિયમ ચલાવવાના હોય છે તે કાંઇ બધા સરખા હોતા નથી.

મહારાષ્ટ્રમાં એક એવી અદ્‌ભુત સંસ્થા છે, જેની અંદર નિયમ નથી, અને છતાં તે સંસ્થા સાર્વત્રિક છે. તેનું નામ માધુકરી. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી છાત્રાલયનું નામ ન હતું.ગરીબ મહારાષ્ટ્રમાં છાત્રાલય જેવી સંસ્થા કાઢવી પણ સહેલ વાત નથી. અને ગરીબ વિદ્યાર્થીઓની ભણવાની સગવડ તો કરવી જ જોઇએ. માટે જ ત્યાં માધુકરીની પ્રથા જૂના કાળથી ચાલતી આવી છે. આ સુંદર પ્રથાનો લાભ ફક્ત બ્રાહ્મણ છોકરાઓ જ લઇ શકે છે એટલી એક જ તેમાં ખામી છે. બીજા છોકરાઓને માટે આવી સગવડ કરવામાં આવે તો પણ તેઓ તેનો લાભ નહીં લે. અરે ! પણ માધુકરી છે શું એ કહ્યા પહેલાં જ હું તેના ગુણદોષ બતાવવા નીકળ્યો!

એક ગામડાનો છોકરો દસ વરસનો થયો. એના મનમાં થયું કે આપણે ભણીએ તો જ આપણો ઉદ્ધાર થાય. બસ! તેણે પોતાની મા પાસેથી બે ચાર રોટલીઓ, થોડી ચટણી, પૌંઆ અને ગોળ એટલું લીધું અને ચાલ્યો શહેરમાં. કયું શહેર? ગમે તે પૂના, સતારા, વાઇ, નાશિક, બેલગામ અથવા અમરાવતી. શહેરમાં જઇ બે ચાર ઘેર રહેવાની જગા મળશે કે કેમ તેની તપાસ કરી. જગા તો મફત જ જોઇએ. જગા ન મળી. છોકરો સીધો ગયો મંદિરમાં, અને ત્યાં પોતાની પથારી પાથરી. બીજે દિવસે સવારે મળસકે ઊઠ્યો, નાહી ધોઇ, તિલક કરી નિશાળમાં કે શાસ્ત્રી પાસે ગયો.

''ગુરુજી! મારે ભણવું છે.''

''શું ભણવું છે?''

'સંસ્કૃત કે અંગ્રેજી જે હશે તે.'

ગુરુજી કહે, 'ઠીક, બેસ ભણવા. તું ક્યાં રહે છે?'

''હું કાલે જર આવ્યો છું. મુરલીધરના મંદિરમાં રહું છું.''

દશ વાગ્યે છોકરો ગુરૂજી પાસેથી પાછો આવ્યો. હાથપગ ધોઇને પીતાંબર પહેરી હાથમાં ઝોળી લઇને બહાર નીકળ્યો. ઝોળી એટલે બે હાથ ચોરસ એક લૂગડું. એના બબ્બે છેડાની ગાંઠ વાળે છે ને વચ્ચે થાળી મૂકે છે. એક હાથમાં અંદરથી કલાઇ કરેલો એક લોટો હોય. (આ લોટાને ત્યાં તપેલી કહે છે.) આટલું સાહિત્ય લઇને જે પોળમાં તે રહેતો હોય (પોળને ત્યાં આળી કહે છે. સંસ્કૃતમાં આવલી, આલયાવલી, ઘરોની હાર) ત્યાં બારણા આગળ ઊભો રહીને છોકરો સ્પષ્ટ અને શુદ્ધ અવાજથી પોકારે છેઃ

ॐ भवती भिक्षां देही

તરત જ મોટું પીતાંબર પહેરેલી એક સ્ત્રી ઘરમાંથી બહાર આવે છે અને પૂછે છેઃ ''अरे मुला, तू नवीन दिसतोस. तू कुठला? इकडे कोणाकडे शिकातोस?'' બિચારા ગુરુજીએ જેટલા પ્રશ્ન નહીં પૂછેલા તેના કરતાં બમણા પ્રશ્નોનો જવાબ અહીં આપવો પડશે. પ્રશ્નોમાં તિરસ્કાર બિલકુલ નહીં. સહાનુભૂતિ પણ નહીં. તે તો છોકરાએ મેળવવી રહી.

છોકરાએ ટૂંકામાં પણ નિખાલસ દિલથી બધા જવાબ આપ્યા ત્યારે કાકુ અંદર ગઇ અને કડછી ભાત, રોટલાનો એક નાનો કકડો અને એક બે કડછી ખાટી દાળ છોકરાને આપી. રોટલા ઉપર ઘીનાં એક બે ટીપાં તો હોય જ. (તમે કહેશો કેટલી કંજૂસાઇ ! હા, કંજૂસાઇ તો ખરી, પણ આવા પાંચ દશ છોકરાઓ તો માધુકરી માટે આવે જ, અને ઘરની કાકુ બધાને થોડું થોડું આપે જ.)

આટલું લીધું અને ગયો તે છોકરો બીજાને ત્યાં.ત્યાં પણ ॐ भवती भिक्षां देही । ત્યાં પણ એવા જ સવાલ અને જવાબ. ત્યાં પણ એને એટલો જ ભાત, એટલો જ રોટલો અને એટલું જ ઘી મળ્યું. ખાટી દળને બદલે અહીં શાક મળ્યું. ત્રીજાને ત્યાં ગયો. ત્યાંની કાકુએ કહ્યું ''હજુ રસોઇ તૈયાર થઈ નથી.પણ જોઇતો હોય તો થોડો ગોળ આપું.''

છોકરો પાંચ છ ઘર ફર્યો અને તેને બે ટંક પૂરતું ખાવાનું મળી ગયું. ઉતારે આવ્યો અને જે મળ્યું હતું એમાંથી કેટલાક રોટલાના કકડા, ગોળ અને શાક તેણે સાંજને માટે કેળનાં પાંદડાં ઉપર નોખાં રાખી મૂક્યાં. બાકીનું ખાઇ, થાળી ઊટકી, એ જ થાળીમાં સાંજનું ખાવાનું મૂક્યું અને ઝોળી ખીંટી પર મૂકી દીધી, કેમ કે એને બિલાડીને

મહેમાનગીરી કરવી ન હતી. ફરી બપોરે ભણવા ગયો. ત્યાં નિશાળના કેટલાક છોકરાઓ સાથે મૈત્રી કરી. સાંજે બધા છોકરા સાથે સારી પેઠે રમ્યો. એની રમવાની હોશિયારી જોઇ બધા છોકરા એના પર ખુશ ખુશ થઇ ગયા. છોકરાઓએ પૂછ્યું, ''તું કોણ? ક્યાંનો? હમણાં ક્યાં રહે છે?''

મહારાષ્ટ્રમાં આવી માધુકરી માગી ખાવું અપમાન ભરેલું ગણાતું નથી. ગરીબાઇ એ કાંઇ પાપ નથી. આળસ પાપ છે. છોકરો કોઇ એક ઘર ઉપર આધાર રાખતો નથી, કેમ કે તેથી એને પરતંત્ર થવું પડે, ને ઘરના લોકોની ખુશામત કરવી પડે અને ઘણો વખત પણ ગુમાવવો પડે, જમવાનો, ભણવાનો, નિશાળે જવાનો વખત ન સચવાય. માટે એ પાંચ દસ ઘર ફરે છે. એને જાતતજાતનું ખાવાનું મળે છે, બધા લોકો સાથે એને ઓળખાણ થાય છે, અને એથી વિશેષ તો એ કે જેટલાને ત્યાંથી ખાવાનું લઇ આવે છે તેટલાની એના પર દેખરેખ રહે છે. આ બધા લોકોની માયા મેળવવી અથવા મળતી માધુકરી ગુમાવવી એ એના ચારિત્ર્ય અને ઉદ્યોગ ઉપર છે. છોકરો માંદો પડે તો આ પાંચ દસ ઘરમાંથી કોઇ ને કોઇ તેની સારવાર તો કરે જ. (પણ માધુકરી છોકરો માંદો પડે જ શાનો?)

ત્રીજે દિવસે રજા હતી. તે દહાડે આપણો છોકરો નવા કરેલા કેટલાક દોસ્તોને ત્યાં ગયો. તેને ત્યાં જોઇતી જૂની ચોપડી મળી ગઇ. 'અમરકોષ' અથવા ડિક્ષનરી જેવી ચોપડી તો એને મળે જ નહીં. પણ કાંઇ ફિકર નહીં. બપોરે કે રાત્રે કોઇ પણ છોકરાને ત્યાં જઇ ડિક્ષનરીમાંથી એ શબ્દ ખોળી કાઢશે. છોકરાનું ભણતર ઠીક ચાલ્યું. પણ એને વ્યાકરણ કંઇ ઠીક આવડે નહીં. હવે શું કરવું? પેલો દેશપાંડેનો ગણપત વ્યાકરણમાં હોશિયાર છે. એ રોજ અર્ધો કલાક આપશે તો બે મહિનામાં હું તૈયાર થઇ જઇશ. છોકરો ગયો ગણપતને ત્યાં અને કહ્યું ''ગણપત, હું તારે ત્યાં રોજ દેવપૂજાને માટે ફૂલ અને તુળસી આણી આપીશ. મને તું વ્યાકરણ ભણાવીશ?'' ગણપતે ક્હયું, ''ખુશીથી.''

બે મહિનામાં છોકરાનું વ્યાકરણ પાકું થયું. એક દિવસ ગણપતના દાદાએ છોકરાને પૂછ્યું, 'તને દેવપૂજા આવડે છે?' છોકરાએ કહ્યું, 'ના જી, હું તો ફક્ત સંધ્યા અને રામરક્ષા ભણ્યો છું.' ડોસાએ કહ્યું, ''ત્યારે અમારા ગણપતને પુરુષસૂક્ત ભણાવવા રામભટ શાસ્ત્રી આવે છે એની પાસે તું પણ આવીને ભણજે.'' ડોસો મનમાં કહે, 'છોકરો ચાલાક લાગે છે, બે મહિનામાં વ્યાકરણ શીખી ગયો, ગણપત સાથે વેદ ભણશે તો ગણપત પણ ખંતથી અભ્યાસ કરશે. સ્વાર્થ પણ થયો અને પરમાર્થ પણ થયો.'

ધીમે ધીમે છોકરાનું શરીર, એનું ભણતર, એનું ચારિત્ર્ય અને એની કીર્તિ વધતાં ગયાં. સ્વાભાવિક રીતે એના દસ બાર વાલીની એના તરફ સહાનુભૂતિ પણ વધી. છોકરાનું ચારિત્ર્ય અને તેની હોશિયારી જોઇ ગણપતના દાદાએ તેને કહ્યું. ''અલ્યા, તું મંદિરમાં રહે છે એના કરતાં અમારે ત્યાં આવીને રહે. અમારે ત્યાં જ તું જમ અને રોજ સવારની દેવપૂજા કર.'' છોકરો કહે, ''તમારે ત્યાં રહેવા તો આવું, પણ તમારે ત્યાં જમવાનું બહું મોડું થાય છે. માટે હું તો માધુકરી માગીને જ ખાઇશ. તમારે ત્યાં દેવપૂજા કરીશ, તેને બદલે તમે મને પહેરવાનાં કપડાં અને લાઇબ્રેરીના ચાર આના આપશો તો ઠીક થશે.''

ઘણાં વરસ આવી રીતે ગયાં.હવે તે છોકરો શહેરનાં એક બે છોકરાંને ગણિત ભણાવે છે. તેમાંથી એને દસ બાર રૂપિયા મળે છે. છતાં એણે માધુકરી છોડી નથી. માધુકરી તો અન્નપૂર્ણા દેવી છે. છ સાત વરસ પછી તે છોકરો ગણપત સાથે ફરગ્યૂસન કૉલેજમાં ગયો. ત્યાં રેસિડેન્સી (છાત્રાલય)માં સાત કલબ છે, ત્યાં પણ ગણપતની ઓળખાણને લીધે બધી ક્લબમાં એને વાર મળ્યા. વાર એટલે અઠવાડિયામાં એક એક કલબમાં એક એક દિવસ મફત જમવાની રજા. એટલે દરેક કલબમાં એક મહિનામાં ચાર દિવસ જમે. મફત જમે છે તેથી તે કંઇ કોઇને ઓશિયાળો નથી. ચર્ચાપરિષદમાં તે આગળ પડતો ભાગ લે છે. પ્રતિસ્પર્ધીઓનો સખત વિરોધ કરે છે, અને પોતાના મત વિશે અભિમાન ધરાવે છે. છોકરાઓને ભણાવીને મેળવેલા પૈસાથી એણે પ્રથમ સત્રની ફી આપી. સત્રાંત પરીક્ષામાં એનો નંબર ત્રીજો આવવાથી એને છાત્રવૃત્તિ(સ્કોલરશિપ) મળી અને ધીમે ધીમે તે એક પ્રખ્યાત વિદ્વાન બની ગયો.

આજે એને સારો પગાર મળે છે. એને ત્યાં ત્રણ વિદ્યાર્થીઓ રહે છે અને દસ વિદ્યાર્થીઓને માધુકરી મળે છે.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः।
अघंयुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति॥

મારા એક ગુરુ રાવજી બાળાજી કરંદીકર એ જ રીતે બેલગામમાં ભણેલા અને ત્યાં જ તેઓ અમારી સરદાર્સ હાઇસ્કૂલના હેડમાસ્તર થયા હતા. જે તપેલીમાં તેઓ માધુકરીની ખાટી દાળ લેતા તેમાં રૂપિયા ભરીને તેમણે તે બ્રાહ્મણોને દાન આપ્યા. ઘરમાં બહુ જ કંજૂસાઇથી રહેતા, એટલા માટે પડોશીઓ તેમની બહુ જ નિંદા કરતા, પણ જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે તેઓ પોતાની જિંદગીની કમાણી પોણો લાખ રૂપિયા શિક્ષણના કાર્યને માટે દેશને સારુ મૂકી ગયા હતા. શ્રદ્ધાપૂર્વક તેમને હું પ્રણામ કરું છું.

(**'મધપૂડો'**માંથી સાભાર)

## ઝાકળોની પાર... (નઝમ કુંડલ)

**નીરજ મહેતા**

જરાક ઝાકળોની પાર ઝાંખઃ ફફડે છે
પરોઢ નામના પંખીની પાંખ ફફડે છે

પરોઢ નામના પંખીની પાંખમાં ડૂમો
કહ્યું મેં ફૂલને- 'ઝાકળ ત્યજી, કિરણ ચૂમો.'

કહ્યું મેં ફૂલને 'SOMEHOW' કંઈક વાંધો છે
તમારી મ્હેક નથી આખી, ક્યાંક સાંધો છે

તમારી મહેક સ્મરણના ગરાસનો વૈભવ
કરી શકાય હવે કેમ મ્હેકથી વિપ્લવ

કરી શકાય હવે કેમ જીભથી અળગી
'બપોર' એમ કહ્યું ત્યાં જ શુષ્કતા વળગી

'બપોર' એમ કહ્યું ત્યાં સતત બફારો, લ્યો
પલાશ ફાંટ ભરીને સૂરજને ઠારો, લ્યો.

પલાશ ફાંટ ભરી આભને કર્યું ભગવું
ક્ષિતિજની મધ્ય તિલક સાંજને કર્યું ભગવું

ક્ષિતિજની પાર અરવ રમ્ય સાંજ ડૂબે છે
જરાક ઝાકળોની પાર- ઝાંખ ફફડે છે.

(૧૦૨, આશિયાના, ૨-વૈશાલીનગર, રૈયા રોડ,
રાજકોટ- ૩૬૦૦૭ મોઃ ૯૬૬૨૦૪૧૪૯૮

•

## ગઝલ

**સાહિલ**

કોઈ વાર ભાલે સુખડની જેમ મુસીબતોને ઘસી જુઓ.
અને હેમ જેમ પગ તમારી જાતનેય કસી જુઓ.

પૂરી ફોજ મુશ્કિલોની ધીરે ધીરે પીછેહઠ કરતી જશે
બસ મુશ્કિલોથી નજર મિલાવીને એક વાર હસી જુઓ

મળી જાશે માહિતી માછલીની મનોદશા વિષેની બધી,
તમે ખુદ બિછાવેલ જાળમાં ઘડી-બેઘડી તો ફસી જુઓ.

યદિ આદમીના તમામ રૂપને જાણવા મતે ચાહો તો,
ખુદા! આદમીની બિરાદરી મહીં એક દિ'તો વસી જુઓ.

પછી આપ મેળે જ આસમાન આ સાવ ચોખ્ખું થઈ જશે,
તમે બંધ ઘરમાં છો કેદ માનીને ઊંડો શ્વાસ શ્વસી જુઓ.

બધાં લકવાગ્રસ્ત વિચારનાં થશે વિશ્વ સઘળાં થરક થરક,
જરા વીજળીની રગો મહીં બસ લસી શકો તો લસી જુઓ.

મચી જાશે 'સાહિલ' બિંબની બધીયે બરાકમાં દોડધામ,
કદી સામી છાતીએ દર્પણોના દળોની સામે ધસી જુઓ.

('નિસા', ૩-૧૫, દયાનંદનગર,
રાજકોટ -૩૬૦૦૦૨ મોઃ ૯૪૨૮૭૯૦૦૬૯)

•

**વિશાલ જોશી 'સ્નેહ'**

શબ્દમાં જે ના કદી પકડાય તે સંબંધ સાચો
મૌન જ્યારે મૌનથી પડઘાય તે સંબંધ સાચો.

એ સતત વ્હેતો રહે આકાર પાણીનો ધરીને,
આપમેળે રંગ-રૂપ સર્જાય તે સંબંધ સાચો.

આ બધી સરખામણીની તું પળોજણ છોડ ને,
જે અનોખી રીતથી પરખાય તે સંબંધ સાચો.

એમ ચોક્કસ કોઈ બીબાઢાળમાં ઢળતો કદી ક્યાં?
નિત નવો સમયાંતરે સમજાય તે સંબંધ સાચો.

મિત્રતા કે દોસ્તી છે અન્ય નામો લાગણીના,
નામના વળગણ હટાવી જાય તે સંબંધ સાચો.

સ્હેજ પણ એકાંત મળતાં લાગતું મેળા સરીખું,
મન વિચારે કોઈના મલકાય તે સંબંધ સાચો.

(લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર)

•

## પરિવર્તન

**રમેશ આચાર્ય**

મારી હથેળીએ ચડી
બેઠી બેઠી ખિસકોલી દાણા ખાય.
તેના શરીર પર હું મારો હાથ મૂકું,
તેના શરીરના ચટ્ટાપટ્ટામાં મારી
આંગળીઓ ગોઠવું.
હવે મારો હાથ, સેતુબંધ બાંધતો, રામનો હાથ,
હવે મારી હથેળી રામની હથેળી,
હવે મારી આંગળીઓ રામની આંગળીઓ.

(''કવિતા'', ૧૦, અંકુર સોસાયટી, નવા જંકશન માર્ગ,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ ફોન ઘરઃ ૦૨૭૫૨-૨૩૨૭૧૧)

# મનુ અને મનુસ્મૃતિઃ કેટલાક પ્રશ્નો

કાન્તિલાલ રા. દવે

ભારતીય સંસ્કૃતિમાં વેદો પછી મનુરચિત મનાતી 'મનુસ્મૃતિ' સર્વાધિક વિશ્વસનીય, પૂજનીય અને આદરણીય ગ્રંથ તરીકેનું બહુમાન ધરાવે છે. સ્મૃતિકાર બૃહસ્પતિએ મનુસ્મૃતિને સૌથી પ્રામાણિક સ્મૃતિ માનીને એની વિપરીતની તમામ સ્મૃતિઓને અમાન્ય ઠરાવેલ છે. પ્રસિદ્ધ જર્મન દાર્શનિક ફ્રીડરિચ નીત્સેએ 'મનુસ્મૃતિ બાઈબલ કરતાં ઉત્તમ ગ્રંથ છે.' એમ કહી એની પ્રતિષ્ઠા કરી છે. આર્ય સમાજના પ્રવર્તક વિદ્રોહી વિચારક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ વેદો પછી (પ્રક્ષિપ્ત શ્લોકો વગરની) મનુસ્મૃતિને જ ધર્મમાં પ્રમાણ રૂપ માની છે. આમ અતીતમાં એક ધર્મગ્રંથ અને લિપિગ્રંથ તરીકે મનુસ્મૃતિને જે પ્રતિષ્ઠા અને માન-મહત્ત્વ મળ્યાં છે, તે અન્ય કોઇને પણ પ્રાપ્ત થયાં નથી.

આ હકીકત હોવા છતાં તેના કર્તા તરીકે સ્વીકારવામાં આવેલ ભગવાન મનુ વિશે ભારે મતમતાંતરો ચાલે છે. આ નામ ઐતિહાસિક છે કે કાલ્પનિક છે કે ગોત્રનામ છે, એ પણ ભારે વિવાદનો વિષય છે. અલબત્ત, છેક ઋગ્વેદથી માંડીને તૈત્તિરીય સંહિતા, તાણ્ડ્ય મહાબ્રાહ્મણ, ઐતરેય બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ, નિરુક્ત, રામાયણ, મહાભારત, મત્સ્ય-ભાગવત-વિષ્ણુ આદિ પુરાણો વગેરેમાં સમાદરપૂર્વક થયેલો મનુનો નામોલ્લેખ તેમની ઐતિહાસિકતાની તો અવશ્ય પુષ્ટિ કરે છે. પરંતુ આ વિવિધ ગ્રંથોમાં મળતી મનુની વિવિધ ઉત્પત્તિકથાઓ અને આનુસંગિક ઉલ્લેખો આપણા ચિત્તને અવશ્ય ચકરાવે ચડાવે છે. તેથી તેમની સમીક્ષા કરવાનું મુનાસિબ જણાય છે.

૧. મનુસ્મૃતિના પ્રારંભે સૃષ્ટિપ્રકરણમાં પ્રાપ્ત ઉલ્લેખ અનુસાર બ્રહ્માજીએ પોતાના દેહને બે વિભાગમાં નર-નારી રૂપે વિભક્ત કરી પછી નારી દેહ દ્વારા 'વિરાટ' નામના પુરુષની અને વિરાટથી 'મનુ'ની ઉત્પત્તિ કરી. હવે પ્રશ્ન એ થાય છે કે બ્રહ્માજીએ પોતાના દેહને બે વિભાગમાં વિભાજિત કરી દીધા પછી બ્રહ્માજીનું અસ્તિત્વ જ ક્યાં રહ્યું? વળી પરવતી ગ્રંથોમાં આ નર-નારી દેહનાં નામ મનુ અને શતરૂપા પ્રાપ્ત થાય છે તે શાના આધારે આપવામાં આવ્યાં છે? સમગ્ર મનુસ્મૃતિમાં શતરૂપાનો કોઇ જ ઉલ્લેખ કે સંકેત સુદ્ધાં પ્રાપ્ત થતો નથી. હવે મનુસ્મૃતિ અનુસાર જો બ્રહ્મા પાસે નારી જ ન હોય તો તેમણે કયા સામર્થ્યથી મરીચિ આદિ દસ પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા? આ પ્રજાપતિઓએ સૃષ્ટિની રચના કેવી રીતે કરી? આ સૃષ્ટિ રચના પ્રજાપતિઓએ તપોબળથી કરી એમ માનવામાં આવે તો, એવો પ્રશ્ન થાય કે શું શરીરને નર-નારી એવા બે વિભાગમાં વિભાજિત કરી, નારીદેહ દ્વારા વિરાટ અને વિરાટ દ્વારા મનુ અને મનુ દ્વારા સૃષ્ટિ ઉત્પન્ન કરવા માટે ભારે પરિશ્રમ કરનાર બ્રહ્માજી પાસે તપોબળ ન હતું?

(૨) મનુસ્મૃતિના સૃષ્ટિપ્રકરણ અનુસાર, બ્રહ્માસર્જિત નારી-દેહ, તેમાંથી વિરાટ નામના પુરુષનું સર્જન, તેમાંથી મનુ અને મનુ દ્વારા મરીચિ આદિ દસ પ્રજાપતિઓનું સર્જન અને પ્રજાપતિઓ દ્વારા સમગ્ર સ્થાવર-જંગમ સૃષ્ટિનું મનુષ્ય-પશ્વાદિ સહિત સર્જન કર્યાની વાત સત્ય કે ઋગ્વેદના શ્રદ્ધેય પુરુષસૂક્ત (ઋ. ૧૦.૯૦)માં પુરુષ દ્વારા મુખ આદિ અંગો દ્વારા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર સહિતની મનુષ્યસૃષ્ટિ સર્જવાની વાત સત્ય? વળી એવો પણ પ્રશ્ન થાય કે 'પુરુષસૂક્ત' (ઋ.૧૦.૯૦) અનુસાર, પુરુષથી સર્જિત બ્રાહ્મણાદિ ચાર વર્ણોની મનુષ્યસૃષ્ટિ, મરીચિ આદિ પ્રજાતિઓ દ્વારા સર્જિત મનુષ્ય સૃષ્ટિથી અલગ હતી કે કેમ? જો આવા વર્ણો હતા તો શાના આધારે આવું વર્ણવિભાજન કરવામાં આવ્યું હતું?

(૩) મનુસ્મૃતિ (અ.૧.૮થી ૧૫ અને ૧.૨૪-૨૫માં) બ્રહ્માના દ્વિધા વિભક્ત નર-નારીરૂપ સ્વરૂપોથી વિરાટથી મનુ અને મનુથી મરીચિ આદિ પ્રજાપતિઓ અને પછી તેમાંથી મનુષ્ય-પશુ આદિ સહિતની સ્થાવર-જંગમ સૃષ્ટિ સર્જાઇ હોવાની વાત કરે છે. આ જ મનુસ્મૃતિ (૧.૯૩)માં બ્રહ્માના મુખથી બ્રાહ્મણાદિ ચાર વર્ણો ઉત્પન્ન થયાની વાત કરે છે. આ બે વાતોનો મેળ કેવી રીતે બેસાડી શકાય?

(૪) મનુસ્મૃતિ (૧.૩૫)માં પ્રજાપતિ મરીચિને મનુના પુત્ર માનવામાં આવ્યા છે, જ્યારે મહાભારતના આદિ-પર્વ (અધ્યાય ૬૫.૯-૧૩)માં તેમને બ્રહ્માજીના મરીચિ આદિ છ માનસપુત્રો પૈકીના એક એવા મરીચિના પુત્ર કશ્યપ તથા દક્ષકન્યા

અદિતિના પુત્ર વિવસ્વાન આદિત્યના પુત્ર અર્થાત્, મરીચિના પ્રપૌત્ર માનવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે મનુસ્મૃતિ અનુસાર, 'મનુ' મરીચિના પિતા પણ છે અને મહાભારત મુજબ મરીચિના પ્રપૌત્ર છે! આ વિસંગતિનું સમાધાન કેવી રીતે શક્ય બને?

(૫) ધર્મગ્રંથોમાં પ્રાપ્ત મનુવિષયક અનેક વિરોધાભાસી ઉલ્લેખોમાં એક બાબત સર્વસામાન્ય જણાઇ છે. અને તે છે સર્વ ઉલ્લેખોમાં મનુનો પુરુષ તરીકે ઉલ્લેખ. પરંતુ મનુને અયોધ્યાકાંડ (અ.૧૧૦.૩-૧૨)માં મનુને, કશ્યપના પ્રૌત્ર અને મરીચિના પ્રપૌત્ર જણાવતું રામાયણ પોતાના જ અરણ્યકાંડ (અ.૧૦.૨૯)માં મનુનો મરીચિપૌત્ર કશ્યપની પત્ની તરીકેનો વિચિત્ર ઉલ્લેખ કરે છે! જેમાં એમ કહેવામાં આવ્યું છે કે કશ્યપની પત્ની મનુએ સર્વ મનુષ્યોને જન્મ આપ્યો છે- मनुर्मनुष्याञ्जनयन् कश्यपस्य महात्मनः। અહીં સ્પષ્ટતઃ પતિ કશ્યપ અને પત્ની મનુ દ્વારા મૈથુની સૃષ્ટિનું વર્ણન છે, જેમાં કહેવામાં આવ્યું છે કે મનુ નામની માતાના નામ પરથી તેનાં સંતાનો મનુષ્ય, મનુજ, માનવ એવાં નામોથી ઓળખાયાં છે. હવે પ્રશ્ન એ થાય છે કે મનુ ખરેખર પુરુષ છે કે સ્ત્રી?

(૬) મનુસ્મૃતિના આરંભે સૃષ્ટિપ્રકરણમાં મનુનો વિરાટના પુત્ર તરીકે ઉલ્લેખ છે, જ્યારે રામાયણ અયોધ્યાકાંડ (અ. ૧૧૦-૩-૧૨)અને મહાભારત આદિપર્વ આદિમાં તેમનો વિવસ્વાન્ આદિત્યના પુત્ર તરીકે નિર્દેશ છે. પ્રશ્ન થાય છે કે મનુ ખરેખર કોના પુત્ર છે.!

(૭) મત્સ્ય પુ. (અ.૩.૨૯.૩૩, ૪૩-૪૫)માં શતરૂપા (સાવિત્રી)નો મનુની માતા તરીકે ઉલ્લેખ છે, જ્યારે વિષ્ણુ પુરાણ ૧-૭-૧૫ તથા ભાગવતાદિ પુરાણોમાં શતરૂપાનો મનુની પત્ની તરીકે ઉલ્લેખ છે. એટલું જ નહીં મનુને મનુસ્મૃતિના સૃષ્ટિપ્રકરણ અનુસાર બ્રહ્માના અર્ધનારીદેહ વિરાટનો પુત્ર માનીએ તો બ્રહ્માપત્ની વિરાટને મનુની પિતામહી માનવી પડે, જે બાબત સમજવાનું મુશ્કેલ છે.

મનુના જન્મ, પારિવારિક સંબંધો અને ઐતિહાસિકતા અંગે વિવાદનાં જેટલાં વમળો સર્જાયાં છે એથી યે અધિક વમળો મનુસ્મૃતિના કર્તૃત્વ, રચનાકાળ અને કથયિતવ્ય અંગે સર્જાયાં છે. એક બાજુ મનુસ્મૃતિને 'અતિ આદરણીય, ધર્મસર્વસ્વશાસ્ત્ર' તરીકે સનાતન વૈદિક ધર્મ, સંસ્કૃતિ સભ્યતા અને સંસ્કારોની આધારશિલા માનવામાં આવેલ છે. બીજી બાજુ માનવતા, સમાનતા અને ન્યાયના ઘોર અપમાનના પ્રતીકરૂપ, બર્બર, અમાનુષી, વંશીય અને ફાસીવાદી વિધિનિષેધો લાદતા, તિલાંજલિ આપવા યોગ્ય અ-ધર્મશાસ્ત્ર ગણાવાયેલ મનુસ્મૃતિની રચના અંગે પણ ભારે મતમતાંતરો પ્રવર્તમાન છે.

(૧) મનુસ્મૃતિ (૧.૩૨-૪૧)માં પ્રાપ્ત નિર્દેશ મુજબ સૃષ્ટિના રચનાકાળે બ્રહ્માએ આ શાસ્ત્ર સર્વપ્રથમ મનુને સંભળાવ્યું હતું. મનુસ્મૃતિ ૧.૫૮ અનુસાર મનુએ પોતે ઉત્પન્ન કરેલા મરીચિ આદિ મુનિઓને સંભળાવ્યું હતું.

મનુસ્મૃતિના પ્રાચીન ટીકાકાર કુલ્લૂક ભટ્ટ અનુસાર મૂળ બ્રહ્માપ્રણીત આ મનુસ્મૃતિ લક્ષશ્લોકી હતું, જેનું સંક્ષિપ્તીકરણ કરીને મનુએ મરીચિ આદિ મુનિઓને ઉપદેશ્યું. પુનઃ ભૃગુ ઋષિએ આ શાસ્ત્રની રચના કરી બીજા શિક્ષકોને એનો ઉપદેશ આપ્યો, આ કારણે આ શાસ્ત્ર 'ભૃગુશાસ્ત્ર' તરીકે પણ પ્રસિદ્ધ થયું. પ્રશ્ન એ થાય છે કે આ શાસ્ત્રના મૂળ પ્રણેતા કોણ?

(૨) મનુસ્મૃતિ નામે હાલ પ્રાપ્ત ગ્રંથ મૂળ મનુ દ્વારા પ્રચારિત નથી. એ બાબતમાં મનુસ્મૃતિના પ્રાચીન શ્રદ્ધેય ટીકાકાર મેધાતિથિનો મત છે કે મનુસ્મૃતિ નામનો કોઇ પ્રાચીન મૂળ ગ્રંથ હતો ખરો. પરંતુ કોઇક શાપના કારણે તે નષ્ટ થઇ ગયો હતો. ત્યારબાદ વર્ષો પછી મદનસહારણના રાજવી નામના પુત્રે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તે ગ્રંથ આજની મનુસ્મૃતિ છે. આમ મૂળ બ્રહમા દ્વારા મનુ અને પછી મરીચિને પ્રાપ્ત મનુસ્મૃતિ, પછી ભૃગુ દ્વારા રચિત મનુસ્મૃતિ અથવા ભૃગુશાસ્ત્ર અને તે ગ્રંથ પણ નષ્ટ થઇ ગયા બાદ પરંપરાગત વાતોના આધારે મદનસહારણના પુત્ર રાજવી દ્વારા પંડિતો દ્વારા આ ગ્રંથનો જીર્ણોદ્ધાર કરાવ્યાનું સમજાય છે. આમ મૂળ મનુસ્મૃતિ પછી ભૃગુશાસ્ત્ર અને પુનઃ રાજવી દ્વારા જીર્ણોદ્ધાર કરાયેલ મનુસ્મૃતિનો આજે ઉપલબ્ધ તૃતીય નૂતન અવતાર છે.

મનુસ્મૃતિની રચના, રચયિતા અને રચનાકાળ વિષે પ્રાપ્ત થતી ઉપરની વાતો વાંચતા સ્વાભાવિક રીતે જ

અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ સંદર્ભમાં સ્વામી સચ્ચિદાનંદ લખે છેઃ સૃષ્ટિની શરૂઆતમાં અબજો વર્ષ ઉપર સંસ્કૃત ભાષા જ કયાં હતી?તેમાં પણ મનુસ્મૃતિની સંસ્કૃત ભાષા તો પાણિનિના વ્યાકરણથી બદ્ધ છે, એટલે કે વૈદિક ભાષા કરતાં અત્યંત આધુનિક છે. મહાભારત, રામાયણ તથા પુરાણો જેવી જ છે. એટલે પણ કહી શકાય કે આ ગ્રંથ સૃષ્ટિની શરૂઆતનો નથી. વળી મનુસ્મૃતિમાં કેટલાક ઋષિઓનાં નામો આવે છે. સૃષ્ટિની શરૂઆતમાં તો કોઇ હતું જ નહીં, પછી આવા ઋષિઓનો નામોલ્લેખ કેવી રીતે શક્ય બને? એટલે લાગે છે કે તે તે ઋષિઓ પછી આ ગ્રંથ લખાયો હશે. (અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા, પૃ. ૮૫)

આમ આજે ઉપલબ્ધ મનુસ્મૃતિ કોઇપણ દષ્ટિએ મનુપ્રોક્ત મનુસ્મૃતિ નથી, નથી ને નથી જ. આના સમર્થનમાં એમ કહી શકાય કે મનુસ્મૃતિમાં જે વિધિનિષેધો છે તેનો વેદાદિ ગ્રંથોમાં સંકેત સુદ્ધાં મળતો નથી, આમ છતાં મનુસ્મૃતિ પોતાને વેદને અનુકૂળ અને વેદના હાર્દને પ્રકટ કરનાર હોવાનો દાવો કરે છે. વળી વાલ્મીકિ રામાયણ ઉત્તરકાંડ (૩૦.૧૯-૨૦)મા સ્વયં બ્રહ્માજી ઇન્દ્રને કહે છેઃ ''હે ઇન્દ્ર! મેં મારી બુદ્ધિથી એવી માનવીય સૃષ્ટિની રચના કરી છે, જેમાં સર્વ મનુષ્યો એક જ વર્ણનાં હતાં, સર્વની એક જ ભાષા હતી, સર્વનો એક સમાન જ આકાર હતો. દેખાવ અને લક્ષણોમાં પણ કોઇ ભેદ ન હતો.'' આ શ્લોકો દર્શાવે છે કે આદિ સૃષ્ટિમાં સર્વ મનુષ્યો એક સમાન હતાં તો પછી મનુસ્મૃતિપ્રોક્ત ચારવર્ણોના ભેદભાવવાળી અને શૂદ્રોને હાડોહડ અન્યાય કરનારી વાતો કેવી રીતે સ્વીકારી શકાય? આવી બહુજન સમાજને અન્યાયકારી અને બ્રાહ્મણો પ્રત્યે ભારોભાર પક્ષપાતપૂર્ણ વલણ રાખનારી મનુસ્મૃતિનો 'ધર્મશાસ્ત્ર' તરીકે તો હરગિજ સ્વીકાર કરી શકાય તેમ નથી, નથી ને નથી જ. કદાચ આ કારણે જ બાબાસાહેબ આંબેડકર મનુસ્મૃતિને બાળવાની હદે ગયા હશે. અહીં સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન થાય કે ડૉ.આંબેડકર જેવા વિદ્યાનુરાગી, ગ્રંથ પ્રેમી મહામાનવ આવી કટુતા દાખવે એમાં ઔચિત્ય ખરું? આ સંદર્ભે ગુજરાતના પ્રખર ચિંતક ગુણવંત શાહ લખે છેઃ શું બાબા-સાહેબની કટુતા ગેરવાજબી હતી? આ પ્રશ્ન પર મેં ઘણીવાર વિચાર કર્યો છે. જે સવર્ણ લોકોને બાબાસાહેબની કટુતા ખૂંચે તો લોકો એક કલાક માટે 'દલિત' બની જુએ. આમ કહેવા માટે મારી પાસે એક સબળ કારણ છે. ૧૯૫૫-'૫૬ના અરસામાં હું અને મારા મિત્રો રાંદેરમાં એક કલાક માટે 'દલિત' બન્યા હતા. અમે માથે મેલું ઉપાડીને રાંદેરમાં પ્રભાતફેરી કાઢી હતી. એ એક કલાક દરમિયાન તીવ્ર દુર્ગંધનો અનુભવ કમકમા છૂટી જાય તેવો પીડાકારક હતો. એ તીવ્ર અનુભૂતિ થઇ પછી દલિત મિત્રોમાં અને બાબાસાહેબમાં રહેલી કટુતા મને સાવ વાજબી લાગવા માંડી હતી.

આજે આપણામાંથી બહુ ઓછાને કદાચ ખબર હશો કે મનુસ્મૃતિનું જાહેરમાં પૂનામાં 'દહન' કરનાર, બાબાસાહેબના એક બ્રાહ્મણમિત્ર 'સહસ્રબુદ્ધે' હતા. ભગવાન ઓશોએ પણ આવી ઝંખનાને વાચા આપી હતી. ભારતને માથે જે જે અભિશાપો છે, મનુસ્મૃતિ તેમાંની એક છે, તેણે હિન્દુ સમાજને ઘણા જ કઢંગા સ્વરૂપમાં ચાર વર્ણોમાં વહેંચી નાખ્યો, એણે સ્ત્રીનું બેહદ અવમૂલ્યન કર્યું. તેણે સમાજના ચોથા ભાગને મનુષ્યતાથી પણ નીચે ધકેલી દીધો. તેથી મારી તો તીવ્ર ઝંખના છે કે મનુસ્મૃતિના તમામ ગ્રંથોને બાળીને ખાક કરી નાંખો. આ રીતે આપણે મનુના પ્રેતાત્માથી છૂટકારાનો દમ લઇએ.

(ઉદ્ધૃતઃ આંબેડકર ઓશોની આંખે, પૃ. ૪૯)

મહામાનવનો ન્યાય તોળનારા આપણે કોણ?!

**સંદર્ભસૂચિ**


૧. મનુસ્મૃતિ (હિન્દી), સંપાદન- અયોધ્યા પ્રસાદ ભાર્ગવ, ગાયઘાટ, બનારસ, પ્રથમ સંસ્કરણ, વિ.સં. ૧૯૯૫.

૨. અધોગતિનું મૂળઃ વર્ણવ્યવસ્થા, લે. સ્વામી સચ્ચિદાનંદ, ગૂર્જર પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ, જુલાઇ-૧૯૮૮.

૩. આંબેડકર ઓશોની આંખે, લે. આચાર્ય સ્વામી ભાલચંદ્ર ભાલેકર, ગુજ. અનુવાદક, કાન્તિભાઇ મકવાણા, અખિલ ભારત અનુ.જાતિ પરિષદ પ્રકાશન, ન્યૂ દિલ્હી, પ્રથમ આવૃત્તિ, મે, ૨૦૧૩.

૪. ગુજરાતી દૈનિક 'દિવ્ય ભાસ્કર'ની રવિવાર ૧૨ એપ્રિલ, ૨૦૧૩ની રવિવારીય આવૃત્તિ અંતર્ગત 'વિચારોના વૃંદાવન' કોલમમાં ગુણવંત શાહનો લેખઃ ''ગાંધીજી અને આંબેડકર સામસામે નહીં, સાથોસાથ હતા.''



(ડી-૭, નીલકંઠ બંગલોઝ, નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ
મો.૯૪૨૮૪૩૭૫૦૭)

॥ અભ્યાસ ॥

## સ્વાતંત્ર્ય સંગ્રામની આર્થિક અસરો

**એસ.વી. જાની**

ભારતનો સ્વતંત્રતા સંગ્રામ એ આધુનિક ભારતના ઈતિહાસનો એક મહત્ત્વનો શકવર્તી બનાવ ગણવામાં આવે છે. ૧૮૫૭માં તેનું બીજારોપણ થયું અને ૧૮૮૫માં તેનાં અંકુરો ફૂટ્યાં, પરંતુ ૧૯૧૫માં ગાંધીજીના દ.આફ્રિકાથી ભારત આગમન સાથે તેના સ્વરૂપ અને કાર્યક્રમોમાં આમૂલ પરિવર્તન આવ્યું અને તેમાં જાણે કે નવજીવનનો સંચાર થયો. સામાન્ય રીતે સ્વતંત્રતા સંગ્રામની રાજકીય અસરો અંગે જ અભ્યાસ થતા રહ્યા છે પરંતુ તેની સામાજિક અને આર્થિક અસરો વ્યાપક અને પ્રભાવક હોવા છતાં તેનો વિવેચનાત્મક અભ્યાસ કરવા અંગે વિશેષ ધ્યન અપાયું નથી. આ સંશોધન-લેખમાં ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની સૌરાષ્ટ્ર પ્રદેશ ઉપર થયેલી આર્થિક અસરોનું વિવેચનાત્મક પરીક્ષણ કરવાનો ઉપક્રમ છે.

સૌરાષ્ટ્રનો પ્રદેશ તો ૨૨૨ દેશી રજવાડાં ધરાવતો પ્રદેશ હતો. બ્રિટિશ ભારત અને દેશી રાજ્યોની પ્રજામાં કોઈ સાંસ્કૃતિક ભેદભાવ ન હતા પરંતુ બંનેના રાજ્ય વહીવટમાં ખૂબ જ અસમાનતા હતી.[૧] અનેક દેશી રાજ્યો રાષ્ટ્રીય ચળવળને ખફાભરી નજરે નિહાળતાં હતાં. શ્રી ઉ.ન. ઢેબર તો દેશી રાજ્યોને દમામ, શોષણ અને ખટપટની ખાણ ગણાવતા હતા.[૨] વળી મોટા ભાગનાં દેશી રાજ્યોએ પ્રજાને શાસનમાં ભાગ લેવાનો હક્ક આપ્યો ન હતો.[૩] વીસમી સદીના પ્રારંભે સૌરાષ્ટ્રમાં ભાવનગર, રાજકોટ જેવા રાજ્યોને બાદ કરતાં અન્ય દેશી રાજ્યોમાં ઈજારાશાહી અને આપખુદ શાસનનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. જુલમી કાયદાઓ નીચે પ્રજા કચડાતી હતી અને રાજકર્તાઓને સાર્વભૌમ સત્તાનું પીઠબળ હોવાથી પ્રજાનો અવાજ રૂંધાઈ ગયો હતો.[૪] રાજવીઓ પ્રજા પાસેથી અસહ્ય કરવેરારૂપે મેળવેલ નાણાંનો ઉપયોગ જવાબદારીની કોઈ ભાવના વિના અવિચારી ખર્ચ પાછળ કરતા હતા.[૫]

૧૮૮૫માં કૉંગ્રેસની સ્થાપના પછી પ્રજામાં આર્થિક પ્રશ્નો અંગે પણ જાગૃતિ આવી હતી. યુરોપના ઔદ્યોગિકીકરણથી ભારતના રાજકીય નેતાઓને પણ પોતાની સરકાર સામેની માગણીઓ રજૂ કરવાનું બળ મળ્યું. ૧૯મી સદીના અંત સુધીમાં ભારતમાં કાપડ અને વણાટની મિલો ભારતના રાષ્ટ્રીય ઉદ્યોગ હતા.[૬] સુતરાઉ કાપડની પ્રથમ મિલ મુંબઈમાં ૧૮૫૩માં સ્થપાઈ હતી. શાપુરજી બંગાળીએ ૧૮૭૫માં કારખાનામાં પરિસ્થિતિ સુધારવા કામદાર ચળવળનો પાયો નાખ્યો હતો.[૭] એન.એસ. લોખંડે ભારતના પ્રથમ મજૂર નેતા હતા.[૮] તેમણે એક કામદાર તરીકે જીવનનો પ્રારંભ કર્યો હતો. ૧૮૯૦માં તેમણે મુંબઈ મિલ કામદારોનું સંગઠન ઊભું કર્યું હતું. તેઓ 'દીનબંધુ' નામનું કામદારો અંગેનું છાપું પણ કાઢતા હતા. ભારતની પ્રથમ હડતાળ ૧૮૭૭માં નાગપુરની એમ્પ્રેસ કાપડ મિલમાં પડી હતી.[૯]

૧૮૮૫ થી ૧૯૦૫ના વીસ વર્ષો દરમ્યાન ભારતની રાષ્ટ્રીય ચળવળ ખૂબ વેગવંતી બની શકી ન હતી. તેમ છતાં ધીમી ગતિએ પણ તે સક્રિયપણે પ્રજાની માગણીઓ રજૂ કરતી રહી હતી. દાદાભાઈ નવરોજી, મહાદેવ ગોવિંદ રાનડે, ગોપાલકૃષ્ણ ગોખલે જેવા નેતાઓએ ઓગણીસમી સદીના અંત ભાગમાં આર્થિક રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપ્યું હતું.[૧૦] પરંતુ ૧૯૦૫માં બંગભંગના પગલે સ્વદેશી ચળવળનો ઉદય થયો. તેની અસરરૂપે કામદાર સંઘ આંદોલનને વેગ મળ્યો. રાજકીય નેતાઓ કામદાર સંઘમાં રસ લેતા થયા. લોકમાન્ય તિલકને ૧૯૦૮માં છ વર્ષની જેલ સજા થઈ ત્યારે મુંબઈના કામદારોએ છ દિવસની હડતાલ પાડી હતી.[૧૧] તેના પગલે ભારતના અન્ય ભાગોમાં કામદારો સંગઠિત થયા અને કામદાર સંઘો સ્થપાયાં હતાં. ૧૯૧૦માં મુંબઈમાં કામદાર હિતવર્ધક સભા સ્થપાઈ હતી. સૌરાષ્ટ્રમાં પણ સ્વદેશી આંદોલનના ભાગરૂપે ભાવનગરમાં ૧૯૦૮માં અને ૧૯૧૦-'૧૧માં સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન યોજાયું હતું. સૌરાષ્ટ્રનાં અન્ય રાજ્યોમાં પણ સ્વદેશી ચળવળ જેવી આર્થિક રાષ્ટ્રવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન મળ્યું હતું. સ્વદેશી ચળવળે કામદારોમાં રાજકીય જાગૃતિ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.[૧૨]

બ્રિટિશ હિંદમાં રાષ્ટ્રીય ચળવળનો ધીમી ગતિએ પણ પ્રારંભ થયો ત્યારે તેના પડઘા સૌરાષ્ટ્રમાં પણ પડ્યા હતા. તેમાં પણ ૧૯૧૫માં ગાંધીજી દ.આફ્રિકાથી ભારત આવ્યા અને તેમણે પોતાના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહ અનુસાર શરૂઆતના એક વર્ષ સુધી ભારતનો પ્રવાસ કરી પ્રજાની મુશ્કેલીઓની જાત માહિતી મેળવી, તેના અંગે ચિંતન કર્યું. પરિણામે ૧૯૧૭માં ચંપારણમાં ગળી ઉગાડતા ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા સત્યાગ્રહ કરી તેમણે સફળતા તેથી પ્રજામાં શાસનના અન્યાય સામે લડવાનું જોમ પ્રગટ્યું. ૧૯૧૮નું વર્ષ ભારતની મજૂર ચળવળના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે કારણ કે તે વર્ષે જ અમદાવાદમાં ગાંધીજીએ

કાપડ મિલના મજૂરોના વેતન વધારાના પ્રશ્ને થયેલા આંદોલનને સમર્થન અને માર્ગદર્શન આપી સફળતા મેળવી. અમદાવાદમાં સૌ પ્રથમ લવાદના સિદ્ધાંત આધારિત મજૂર મહાજનની સ્થાપના થઇ. આમ રાજકીય સ્વતંત્રતા માટેનું આંદોલન આર્થિક ક્ષેત્રે પણ પ્રભાવક બનવા લાગ્યું હતું. ગાંધીજી, લાલા લજપતરાય, શ્રીમતી એની બિસંટ વગેરેએ પણ મજૂર ચળવળને ટેકો આપ્યો. તેમની નેતાગીરી હેઠળ વધુ વેતન, રહેણાંકની સગવડો તથા અન્ય સગવડો માટે માગણી કરાઇ હતી. હોમરૂલ ચળવળના નેતા બી.પી. વાડિયાએ મદ્રાસની ત્રણ કાપડ મિલોનાં મજૂરોનું સંગઠન સ્થાપ્યું. ૧૯૧૮-૧૯૨૧ દરમ્યાન અનેક મજૂરસંઘો રચાયાં. આ મજૂર સંઘો મોટાભાગે રાજકીય નેતાઓ દ્વારા સંગઠિત કરાયા હતા. આ નેતાઓ પોતે કામદાર ન હતા.[૧૩] રાજકીય પક્ષો અને મહત્ત્વાકાંક્ષી નેતાઓ મજૂરોના પ્રશ્નોમાં રસ લેવા લાગ્યા અને સંગઠિત મજૂર ચળવળોને પોતાના હેતુ સિદ્ધ કરવાનું સાધન ગણવા લાગ્યા. અમદાવાદમાં મજૂર આંદોલનને પરિણામે ગાંધીવાદી શ્રમિક વિચારધારાનો એટલે કે અહિંસક મજૂર ચળવળનો પ્રારંભ થયો.[૧૪] તેથી કૉંગ્રેસે ૧૯૨૦માં આઇટૂક(ઑલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસ)ની સ્થાપના કરી. તેના પ્રથમ પ્રમુખ લાલા લજપતરાય હતા.[૧૪અ]

વીસમી સદીના બીજા દાયકાના અંતે ગાંધીજી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કેન્દ્રસ્થાને અને અગ્રસ્થાને આવી ગયા હતા. રોલેટ કાયદો અને જલિયાંવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં હડતાલ પાડવાની તેમની હાકલને દેશભરમાંથી ચમત્કારિક ટેકો સાંપડ્યો. ત્યાર પછી તેઓ અખિલ ભારતીય નેતા અને ભારતના બેતાજ બાદશાહ તરીકે બહાર આવ્યા.[૧૫] ૧૯૨૧માં તેમણે અસહકારની ચળવળ જેવા સામુદાયિક આંદોલનનો પ્રારંભ કર્યો. સૌરાષ્ટ્રમાં પણ અનેક રજવાડાંમાં આ આંદોલનને સમર્થન મળ્યું. તેના અનુસંધાને મે ૧૯૨૧માં ભાવનગરમાં ‘સેવા સમિતિ’ રચાઇ. તેણે સ્વદેશી વસ્તુઓના ઉપયોગનો જોશભેર પ્રચાર કર્યો. ભાવનગર, સિહોર, તળાજા, રાજકોટ વગેરેમાં સ્વદેશી વસ્ત્રો પહેરવાનો પ્રચાર કરાયો તથા રેંટિયા વર્ગો શરૂ કરી લોકોને તેમણે સ્વદેશી સમર્થક બનાવવાના પ્રયત્નો કર્યો. ભાવનગરના દીવાન પ્રભાશંકર પટ્ટણીએ પ્રજા પ્રતિનિધિ સભાની બેઠકમાં ૧૯૨૧માં સ્વદેશી કાપડના વેપારને પ્રોત્સાહન આપવા સુતરની આયાત ઉપરની જકાત નાબૂદ કરવાની જાહેરાત કરી હતી.

૧૯૨૦માં કૉંગ્રેસે દેશી રાજ્યોને પોતાના રાજ્યમાં જવાબદાર રાજ્યતંત્ર શરૂ કરવા માટે પગલાં લેવા વિનંતી કરી હતી.[૧૬] તેનાથી પ્રોત્સાહિત થઇને સૌરાષ્ટ્રના ભાવનગર, રાજકોટ, વઢવાણ, જામનગર, જૂનાગઢ, ધ્રાંગધ્રા, લીંબડી વગેરે રાજ્યોમાં પ્રજામંડળો કે પ્રજાપરિષદો સ્થપાયેલ. પરંતુ ભાવનગર અને રાજકોટના ઉદારવાદી રાજવીઓએ તો ક્રમશઃ ૧૯૧૭ અને ૧૯૨૩માં પ્રજા પ્રતિનિધિ સભા સ્થાપી હતી. પરંતુ સમસ્ત સૌરાષ્ટ્રની પ્રજાના પ્રશ્નોને વાચા આપનારી કાઠિયાવાડ રાજકીય પરિષદની સ્થાપના સાથે સૌરાષ્ટ્રમાં રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રીય જીવનનું સોનેરી પ્રભાત ઊગ્યું.[૧૭] ઉપરાંત રાજકોટમાં ૧૯૨૧માં જે.બી. કૃપાલાણીના પ્રમુખપદે કાઠિયાવાડ વિદ્યાર્થી પરિષદ અને ૧૯૨૯માં જવાહરલાલ નહેરુના પ્રમુખપદે કાઠિયાવાડ યુવક પરિષદ અને ૧૯૩૧માં અમરેલીમાં ભક્તિલક્ષ્મી દેસાઇના પ્રમુખપદે કાઠિયાવાડ મહિલા પરિષદ યોજાઇ. તેનાથી યુવકો, મહિલાઓ તથા જનસમૂહમાં પણ જોમ અને જુસ્સો વધ્યાં હતાં.

૧૯૩૦માં ગાંધીજીએ આપેલા સવિયન કાનૂન ભંગના એલાનને પગલે સૌરાષ્ટ્રમાં પણ તેના પડઘા પડ્યા હતા. સ્વદેશીની પ્રવૃત્તિ દ્વારા ગાંધીજીએ ખંડનાત્મકની સાથે રચનાત્મક પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન આપ્યું હતું. આ લડત રાજકીય રીતે ધોલેરા અને વીરમગામના મીઠાના સત્યાગ્રહ તરીકે લડાઇ હતી. તો આર્થિક ક્ષેત્રે સ્વદેશીને પ્રોત્સાહન આપવા માટે વિદેશી વસ્ત્ર બહિષ્કાર આંદોલન કરાયાં હતાં. ભાવનગરમાં વિદેશી વસ્ત્રનો વેપાર ધમધોકાર ચાલતો હતો. તેથી વઢવાણથી ફૂલચંદભાઇ શાહ અને શિવાનંદજીએ ભાવનગર આવી સ્થાનિક નેતા જગુભાઇ પરીખ સાથે ચર્ચા કરી. ૧૯૩૦માં ‘ભાવનગર પિકેટીંગ મંડળ’ની સ્થાપના કરી પિકેટીંગ સ્તયાગ્રહ કર્યો હતો. તે સફળ રહ્યો હતો. સરદાર પટેલે ફૂલચંદભાઇને ૨૪-૧૧-૧૯૩૦ના લખેલ પત્રમાં વિદેશી કાપડનો નિર્ભયતાથી વેપાર કરનારને ‘દેશદ્રોહી’ કહ્યા હતા.[૧૮] તો ગાંધીજીએ પણ જણાવેલું કે ‘‘પરદેશી કાપડ અને દારૂનો બહિષ્કાર લેશમાત્ર મોળો કરવાનો નથી- એ આપણો રાષ્ટ્રીય કાર્યક્રમ છે.’’[૧૯] ભાવનગરની સફળતા અને સરદાર પટેલ તથા ગાંધીજીના વિચારોથી પ્રોત્સાહિત ફૂલચંદભાઇ શાહ અને રાજકોટના ચંપકલાલ વોરાએ ૧૯૩૧માં મોરબી રાજયમાં જઇને વિદેશી કાપડ બહિષ્કારની ચળવળ શરૂ કરેલી પરંતુ તેમાં રાજ્યે સહકાર આપવાનું વચન આપી ફેરવી તોળ્યું હતું. ભાવનગર રાજ્યે પણ પ્રારંભે વિરોધ કરેલો પરંતુ પછીથી પ્રજાના જોમ અને

જુસ્સા સામે નમતું જોખ્યું. જ્યારે મોરબીમાં નિષ્ફળતા મળી. તેમ છતાં એક વાત ચોક્કસ છે કે કાર્યકરોમાં નીડરતા આવી ગઇ હતી. તેઓ એક જ વાતમાં માનતા હતા કે-

''અમારી આ લડત માંહે, નીડરતા મુખ્ય વસ્તુ છે,
અમારી આ લડત માંહે, અહિંસા મુખ્ય વસ્તુ છે.
અમલદારો બનીને જુલ્મી, ભલેને જુલ્મ આચરતા
નહિ હટવું, નહિ ડરવું, પ્રતિજ્ઞા પાળવી પ્યારી.''[૨૦]

સૌરાષ્ટ્રનાં રચનાત્મક કાર્યક્રમો અને રાષ્ટ્રીય આંદોલનના કાર્યક્રમો એકબીજાના પૂરક હતા. સૌરાષ્ટ્રમાં રચનાત્મક કામ કરનારી જે સંસ્થાઓ સ્થપાઇ હતી તે એ રીતે તો રાષ્ટ્રીય આંદોલન ચલાવનારી સંસ્થાઓની શાખાઓ હતી. જ્યારે પણ રાષ્ટ્રીય આંદોલનનો પ્રારંભ થતો ત્યારે આ સંસ્થાઓનાં કાર્યકરોએ તેમાં સક્રિયપણે જુસ્સાભેર ઝુકાવી અનેક કષ્ટ વેઠી એક સાચા સત્યાગ્રહીની છાપ ઊભી કરી હતી. વળી જ્યારે રાષ્ટ્રીય ચળવળ મોકૂફ રહેતી કે સમેટાઇ જતી ત્યારે આ સંસ્થાના કાર્યકરો ગાંધીજીની સલાહ પ્રમાણે રચનાત્મક કાર્યમાં ગૂંથાઇ જતા. આમ સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી આંદોલન ચલાવનારા કે રચનાત્મક કાર્ય કરનારા તો મોટે ભાગે એક જ હતા. આમ હકીકતમાં આ કાર્યકરોને આપણે પૂર્ણ સમયના રચનાત્મક કાર્યકર અને ખંડ સમયના રાષ્ટ્રવાદી રાજકીય કાર્યકર કહી શકીએ. આ રચનાત્મક કાર્યક્રમો એ રાષ્ટ્રીય ચળવળમાં પુરુષોની સાથે સૌરાષ્ટ્રની સ્ત્રીઓ પણ સક્રિય રીતે જોડાઇ હતી. તેમનું સંખ્યાત્મક પ્રદાન અલ્પ હોવા છતાં ગુણાત્મક પ્રદાન અજોડ અને અવિસ્મરણીય કહી શકાય. આર્થિક રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરનારી મુખ્ય સંસ્થાઓ હતી કાઠિયાવાડ ખાદી મંડળ, કાઠિયાવાડ વિદેશી કાપડ પિકેટીંગ મંડળ, કાઠિયાવાડ ચરખા સંઘ, સહકારી મંડળીઓ, કાઠિયાવાડ ગ્રામોત્થાન અને ગ્રામ સેવા મંડળ, શિક્ષણ મંડળ વગેરે.

આ રચનાત્મક સંસ્થાઓના નેતાઓ અને કાર્યકર્તાઓ સંગઠન, શક્તિ, ત્યાગ સત્યનિષ્ઠા, સહનશક્તિ કે રચનાત્મક કાર્યમાં બ્રિટિશ ભારતના તેમના સમકક્ષો જેટલા જ સક્ષમ અને યોગ્ય હતાં. પરિણામે તેમની રાજકીય તેમજ આર્થિક અને સામાજિક કામગીરી પ્રભાવક અન અસરપૂર્ણ રહી હતી અને તેથી અંતે તેમને સફળતા મળી હતી. ગાંધીજીએ સ્વયંસેવકોને કામદારો વચ્ચે જઇ રચનાત્મક કાર્યો હાથ ધરવા સૂચવેલું. બી.પી. વાડિયાના શબ્દો આ સંદર્ભમાં સૂચક છે. તેમણે કહેલું ''રાષ્ટ્રીય આંદોલનના એક આવશ્યક અંગ તરીકે મજૂર પ્રવૃત્તિનો સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે. સ્વતંત્ર અને સંગઠિત કામદાર સંઘ પ્રવૃત્તિ વિના લોકશાહી માર્ગે રાષ્ટ્રીય ચળવળની સફળતા શંકાસ્પદ છે.''[૨૧]

અમદાવાદમાં કામદારોના પ્રશ્ન ઉકેલવા ગાંધીજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ મજૂર મહાજન સ્થપાયું હતું. પછીથી લીંબડીના મણિલાલ કોઠારીએ રેલવેના મજૂરોનું સંગઠન રચ્યું હતું, ૧૯૨૮-૨૯માં ભાવનગરમાં શ્રી મોહનલાલ વ્યાસે ગુલઝારીલાલ નંદાનું માર્ગદર્શન મેળવી મજૂર મહાજનની શાખા ખોલી હતી.પછીથી શ્રી નંદાજીના જ માર્ગદર્શન હેઠળ શ્રી જેઠાલાલ જોશીએ રાજકોટ અને વાંકાનેરમાં મજૂર સંગઠન ઊભું કરવા પ્રયાસ કર્યો હતો. સૌરાષ્ટ્રમાં પ્રથમ અને મહત્ત્વનો ઉદ્યોગ સુતરાઉ કાપડ મિલનો હતો. ૧૯૪૬ સુધીમાં સૌરાષ્ટ્રમાં કુલ ૧૧ મિલો હતી, જેમાં ૧૧ હજાર કામદારો કામ કરતા હતા.૨૨ ૧૯૪૪-૪૫માં ભારતમાં ૮૬૫ કામદાર સંઘો હતા. જેની સભ્ય સંખ્યા ૮.૮૯ લાખ હતી.

રાજકોટમાં પણ રાજ્યની માલિકીની કાપડ મિલ ૧૯૧૧માં સ્થપાઇ હતી. તેના મેનેજર તલકશી દોશી હતા. મિલ નફો કરતી હતી. પરંતુ તેના કામદારોની હાલત બહુ ખરાબ હતી. તેમની પાસેથી બારથી ચૌદ કલાક કામ લેવામાં આવતું હતું. સ્ત્રીઓ અને બાળ મજૂરોની સ્થિતિ તો વધુ હૃદયદ્રાવક હતી. મજૂરી પણ ઓછી અપાતી હતી. રજાઓ ભાગ્યે જ અપાતી. તબીબી સહાય આપતી ન હતી. કામ ન કરે તો માર પણ મારવામાં આવતો. તેથી આ કામદારોના પ્રશ્નોને વાચા આપવા આઝાદીની ચળવળના સૌરાષ્ટ્રના નેતા એવા શ્રી.ઉ.ન.ઢેબર અને જેઠાલાલ જોશીએ રાજકોટમાં મિલકામદાર મંડળની સ્થાપના કરી હતી. તેઓ ક્રમશઃ આ મંડળના પ્રમુખ અને મંત્રી હતા. તેમણે રાજ્ય પાસે મજૂરો વતી બે માગણીઓ મૂકી ૧. કામના કલાકો ઘટાડી નવ કરવા અને ૨. સોળ વર્ષથી નાની ઉંમરનાં બાળકોને મિલમાં કામે ન રાખવા. રાજ્યના દીવાન વીરાવાળા આ બાબતે ધ્યાન ન આપતાં મજૂરોમાં રોષ ફેલાયો. રાજકોટની પ્રજા પણ કામદારોના પ્રશ્નમાં રસ લેવા લાગી. વીરાવાળા કાબેલ મુત્સદ્દી અને રાજકારણના ખેલાડી હતા. તેમણે જોયું કે કામદારોને પ્રજાની સહાનુભૂતિ મળી રહી છે. તેનાથી રાજ્ય માટે મુશ્કેલી ઊભી થાય. તેથી તેમણે મજૂરમંડળની માગણી સ્વીકારી. પ્રજાનો રોષ શાંત પડી જતાં થોડા દિવસોમાં જ ૨૨-૨-૧૯૩૭ના તેમણે મજૂર મંડળને ગેરકાયદેસર જાહેર કરી મજૂરોના ચૌદ નેતાઓને મિલમાંથી છૂટા કરી હદપારીનો હુકમ કર્યો. કામદારોને તેમનો અપરાધ

જણાવાયો ન હતો કે તેમને રજૂઆત કરવાની તક અપાઇ ન હતી.તેથી તે કુદરતી ન્યાયના નિયમનો ભંગ હતો. પરિણામે મિલ કામદારોએ ૨૪-૨-૧૯૩૭થી મિલમાં હડતાલ પાડી. આમ રાષ્ટ્રીય ચળવળના વાતાવરણમાં આવેલી જાગૃતિના પગલે કામદાર મંડળે મક્કમતા દર્શાવી, પ્રજા પણ મજૂરો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી ટેકો આપ્યો. પરિણામે આંદોલન ઊગ્ર બનતું ગયું. ૩૦ જેટલી હરિજન સ્ત્રી કામદરો પણ હડતાલમાં જોડાઇ હતી. આ હડતાલની સફળતામાં તેમનું કાર્ય નેત્રદીપક રહ્યું હતું. તેમણે પોતાના પતિ કે પુત્રોને કામ પર જતા રોકયા. તેઓ કહેતી 'બીજા કામદારોને દગો દઇને કામે જવા કરતાં તો પેટ ફોડી નાખવું સારુ' આ ભાવના અન્ય કામદારો માટે પ્રોત્સાહક બની હતી.[૨૩]

કામદારોની સહાનુભૂતિમાં પ્રજામાંથી વિરોધનો વંટોળ ઊઠ્યો. અમદાવાદ, ભાવનગર તથા અન્ય સ્થળોએથી કામદારોના પ્રતિનિધિઓ આ લડતનું હાર્દ જોવા અને જાણવા આવ્યા હતા. તેમણે પણ આ લડતને યથાશક્તિ મદદની ખાત્રી આપી. પરિસ્થિતિમાં આવેલા પરિવર્તનને પારખી રાજ્યને સમાધાન કરવાનું યોગ્ય લાગ્યું. અંતે ૧૦.૦૩.૧૯૩૭ના સમાધાન થયું. કામદારોનો વિજય થયો અને હડતાલનો સુખદ અંત આવ્યો. પંદર દિવસ ચાલેલી આ હડતાલ સૌરાષ્ટ્રની મજૂર ચળવળના ઇતિહાસમાં એક સીમાચિહ્ન ગણાવી શકાય. રાષ્ટ્રીય ચળવળના વાતાવરણમાં કામદારોની આ હડતાલ એ આઝાદીની લડતની આર્થિક આડપેદાશ ગણાવી શકાય. ગાંધીચીંધ્યા માર્ગે તે ચાલી હતી. તેમાં કામદારોની જીતથી પ્રજામાં આત્મવિશ્વાસ પ્રગટ્યો. પ્રજાને પ્રતીતિ થઇ કે પ્રજાનું બળ અને સત્યાગ્રહી પ્રતિકાર દ્વારા ગમે તેવી સત્તાને નમાવી શકે છે. આ હડતાલની સફળતાને રાષ્ટ્ર શાયર શ્રી ઝવેરચંદમેઘાણીએ 'પ્રજાની ઠંડી તાકાતનો વિજય' કહીને બિરદાવવી હતી.[૨૪]

આ હડતાલને પરિણામે સૌરાષ્ટ્ર અને ભારતને શ્રી.ઉ.ન. ઢેબર જેવા મહાન ગાંધીવાદી નેતા મળ્યા જે પછીથી સ્વતંત્ર સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યપ્રધાન (૧૯૪૮-'૫૫) અને અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ (૧૯૫૫-'૫૯) બન્યા હતા. વળી તેઓ એક વ્યવહારુ નેતા હતા. પોતાની વિચારસરણી ગાંધીવાદી હોવા છતાં કામદારોના હિતમાં સામ્યવાદી વિચારસરણી ધરાવતા કામદાર નેતા શ્રી વજુભાઇ શુકલનો સાથ લઇ પોતાના જાહેર જીવનની પ્રથમ સફળતા મેળવી હતી.[૨૫]

આમ રાજકોટ કાપડ મિલની હડતાલ સૌરાષ્ટ્રના મજૂર સંઘોની પ્રવૃત્તિની દૃષ્ટિએ, રાજ્યોના જુલમોના પ્રતિકારની દૃષ્ટિએ, આર્થિક સિદ્ધાંતની દૃષ્ટિએ મહત્ત્વની બની રહી. સૌરાષ્ટ્રના આર્થિક ઇતિહાસનું તે એક મહત્ત્વનું અને નોંધપાત્ર પ્રકરણ છે, એમ કહી શકાય. આ નાની પરંતુ સફળ કામદાર હડતાલ એ ભારતની રાષ્ટ્રીય ચળવળની આર્થિક અસરોની ફલશ્રુતિરૂપે હતી. સૌરાષ્ટ્રમાં ભાવનગર, મોરબી, રાજકોટ તથા અન્ય રાજયમાં અસહાકર ચળવળ અને સવિયન કાનૂન ભંગની લડતના રચનાત્મક કાર્યક્રમોના ભાગરૂપે થયેલી સ્વદેશી ઉત્પાદન અને ઉપયોગની ચળવળ પણ તેના રાજકીય પ્રભાવ હેઠલ થયેલી આર્થિક અસરો પ્રતિબિંબત કરે છે. કેટલાંક રાજ્યો અને ઉદ્યોગપતિઓએ પણ સ્વાર્થ પ્રેરિત હોવા છતાં આ ચળવળને પ્રોત્સાહન આપી મૂક અને પરોક્ષ રીતે રાષ્ટ્રીય ચળવળને પ્રોત્સાહન આપ્યું હતું તેમ કહી શકાય. તત્કાલીન ભારતના મજૂર આંદોલનો મજૂરો માટેનાં હતાં. પરંતુ મજૂરો દ્વારા ન હતા. (These Labour movements were for labours but not by labours)

ગોંડલ અને નવાનગર જેવાં રાજ્યો રાષ્ટ્રીય ચળવળને ખફાભરી નજરે નિહાળતાં હતાં, કારણ કે આ ચળવળને સમર્થન અપાય તો સર્વોચ્ચ બ્રિટિશ સત્તાની નારાજગી વહોરવાનો ભય તેમને હતો. તેમ છતાં ખાદી, ગ્રામોદ્યોગ જેવી રચનાત્મક પ્રવૃત્તિને તેમણે પોત્સાહન આપ્યું અથવા તેના વિસ્તાર પ્રત્યે નિરસતા દાખવી. પરિણામે આ રાજ્યોમાં પણ રચનાત્મક પ્રવૃત્તિનો પ્રભાવ હકારાત્મક અને અસરકારક રહ્યો હતો. વળી વિવિધ ક્ષેત્રે રાજવીઓએ પોતાના સ્વાર્થ તથા પ્રજા કલ્યાણનાં ઓઠાં હેઠળ આ પ્રવૃત્તિને સમર્થન આપ્યું. તેથી રાજ્યની આવક અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થઇ અને તેનો ઉપયોગ કરી રાજ્યોનું આધુનિકીકરણ કરાયું હતું. આ રાજવીઓ રાજકીય રાષ્ટ્રવાદ એટલે કે પ્રજાની લોકશાહી ઢબની જવાબદાર રાજ્યતંત્રની માગણી અંગે ઉગ્ર વિરોધી વલણ ધરાવતાં હતાં. તેથી બ્રિટિશ હિંદ જેવો રાજકીય રાષ્ટ્રવાદ સૌરાષ્ટ્રના દેશી રાજયોમાં વિકસી શકયો નહિ. પરંતુ આર્થિક રાષ્ટ્રવાદને વેગ આપવામાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો કારણ કે તેનાથી તેમના હોદ્દા કે સત્તાને આંચ આવતી ન હતી, ઉલ્ટું રાજ્યની આવક અને સમૃદ્ધિ વધતાં તેની સત્તા સુદૃઢ બનતી હતી. તેથી એમ કહી શકાય કે સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં રાજકીય સત્તાએ આર્થિક રાષ્ટ્રવાદને ભલે પોતાના સ્વાર્થ ખાતર પણ પ્રોત્સાહન આપ્યું હતું. પણ તે અસરકારક રહ્યું હતું. વિવિધ પરિબળોએ સૌરાષ્ટ્રમાં આર્થિક રાષ્ટ્રવાદને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું અને તેના

પરિણામે સૌરાષ્ટ્રની પ્રજા અને રાજ્યના આર્થિક વિકાસની કૂચ શરૂ થઇ હતી.

આમ ભારતની સ્વાતંત્ર્ય ચળવળની અસરો વિવિધલક્ષી અને વ્યાપક રહી હતી. રાજકીય ક્ષેત્રે જવાબદાર રાજ્યતંત્ર સાથેની સ્વાધીનતાની માંગણીને પરિણામે પ્રજાના વિવિધ વર્ગમાં જાગૃતિ આવી. તેથી સ્વદેશી ચીજવસ્તુઓના ઉત્પાદન અને ઉપયોગને વેગ મળ્યો. પરિણામે પ્રદેશે આર્થિક વિકાસ તરફ કૂચ કરી અને લાંબા ગાળે સ્વતંત્રતાની સાથે સમૃદ્ધિ પણ મેળવી એમ કહી શકાય. તેથી એમ કહેવું યથોચિત ગણાય કે રાષ્ટ્રીય ચળવળની સામાજિક તેમજ આર્થિક અસરો અત્યંત પ્રભાવક અને અવિસ્મરણીય પ્રકારની હતી.

**સંદર્ભો:**


૧. જાની, એસ.વી.- આઝાદીની લડતમાં સૌરાષ્ટ્ર, રાજકોટ, ૨૦૦૫, પૃ. ૧.

૨. ઢેબર, ઉ.ન.- દરબાર ગોપાળદાસ, મુંબઇ, ૧૯૭૪, પૃ. ૬.

૩. Jaffery, Robin - (Edi.) People, Princes and Paramount Power,New Delhi, 1978, p. 241.

૪. રાજગોર, શિવપ્રસાદ-ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૨૧૫.

૫. Chundgar, P.L.- Indian Princes, Under British Protection, London, 1929, p. 215.

૬. Dutt, R.C., Economic History of India, New Dehli, 1960, p. 388.

૭. પટેલ, હિમાંશુ, ભારતના કામદાર સંઘો, મુંબઇ, ૧૯૮૦, પૃ. ૧.

૮. Ravery, C.- The Indian Trade Union Movement, New Delhi, 1972, p. 32.

૯. Karnik, V.B.- Strikes in India, Mumbai, 1967, p.10.

૧૦. Dietmar, Rothurmand- An Economic History of India, New Delhi, 1988. p.92.

૧૧. શાસ્ત્રી, આર.વી. ભારતનો આર્થિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૩૨.

૧૨. Das, R.K., Labour Movement in India, 1923, p. 26.

૧૩. Desai, S.S.M.- Economic History of India, Bombay, 1982, . 274-75.

૧૪. Jayapalan, N.- Economic History of India, New Delhi, 2001, p. 245-46.

૧૪અ. મહેતા, મકરંદ-સાંસ્થાનિક ભારતનો આર્થિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૯૯, પૃ. ૨૩૬.

૧૫. Majumdar, R.C.- History of Freedom Movement in India, Vo-II, Calcutta, 1963, p.15.

૧૬. ગાંધી, મો.ક.- દેશી રાજ્યોનો પ્રશ્ન, અમદાવાદ, ૧૯૪૧, પૃ. ૨૦૮.

૧૭. જાની, એસ.વી., સૌરાષ્ટ્રનો ઇતિહાસ, અમદાવાદ, ૨૦૦૩, પૃ. ૪૬૫.

૧૮. નાંદુરકર, ગ. માં. (સંપાદક), સરદારશ્રીના પત્રો- ગુજરાતના સાથીઓને, અમદાવાદ, ૧૯૭૬, પૃ. ૧૨૨.

૧૯. દલાલ, ચંદુભાઇ ભ. (સંપા.) મહાદેવભાઇની ડાયરી ભાગ-૧૪, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૧૧૩.

૨૦. પુરોહિત, ડૉ. નીતા જે. ભારતીય રાષ્ટ્રીય ચળવળના પરિપ્રેક્ષ્યમાં સૌરાષ્ટ્રમાં પ્રજા આંદોલનનું સ્વરૂપ અને પ્રદાન (૧૯૨૦-૧૯૪૭), અપ્રકાશિત મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૧, પૃ. ૧૩૩.

૨૧. Kumar, C.B.- The Development of Industrial Relations in India, Bombay, 1961, p.92.

૨૨. જાની, ડૉ. એસ.વી. - સૌરાષ્ટ્રનો ઇતિહાસ, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૩૫૬.

૨૩. જાની, ડૉ. એસ.વી.- ઇતિહાસ સુધા, રાજકોટ, ૨૦૦૮, પૃ. ૩૦.

૨૪. રાવળ, મનુ- ઉ.ન. ઢેબર-એક જીવનકથા, અમદાવાદ, ૧૯૯૪, પૃ. ૫૧.

૨૫. જાની, ડૉ. એસ.વી.નો લેખ- રાજકોટ કાપડ મિલ હડતાલ, સૌરાષ્ટ્ર મજૂર મહાજન સુવર્ણ જયંતી અંક, સ્મરણભાથું, રાજકોટ, ૨૦૧૩, પૃ. ૧૪.


(સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇતિહાસ અનુસ્નાતક ભવન દ્વારા યુજીસી અનુદાનિત રાષ્ટ્રીય પરિસંવાદ-ફેબ્રુઆરી ૨૦૧૫માં યુનિવર્સિટીના ઇતિહાસ અનુસ્નાતક ભવનના અધ્યક્ષ અને પ્રાધ્યાપક રહેલા ડૉ. જાનીએ ઉપરોક્ત સંશોધનલેખ પ્રસ્તુત કર્યો હતો.)


(શિવમ્, સેતુબંધ સોસાયટી, મહિલા કોલેજ પાછળ, રાજકોટ ૩૬૦૦૦૭ મો:૯૪૨૮૭૦૧૧૮૯)

॥અભ્યાસ॥

# ગાંધીયુગની અહોભાવમુક્ત જેલડાયરી

ઉર્વીશ કોઠારી

લોકોની વિસ્મૃતિ અને પાઠ્યપુસ્તકોની કચાશના લીધે ઘણા લોકો એવું માનવા પ્રેરાય છે કે ગુજરાતમાં-ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામની શરૂઆત ૧૯૧૫માં ગાંધીજીના આગમન પછી થઇ. વાસ્તવમાં, ગાંધીજીએ લડતને નવો વળાંક આપ્યો અને ખાસ તો તેમાં સામાન્ય લોકોને જોડ્યા. એ બહુ મોટી વાત હતી. પરંતુ તેમના આગમન પહેલાં પણ મુંબઇ પ્રાંતનું જાહેર જીવન રાજકીય-સામાજિક અગ્રણીઓથી ધબકતું હતું. તેમાંના એક એટલે ડૉ.સુમંત મહેતા.

સ્વતંત્ર મિજાજ, સુધારક વૃત્તિ, પ્રચંડ આત્મવિશ્વાસ અને ઠીક ઠીક પ્રમાણમાં પહેલો પુરુષ એકવચનમાં, ભારપૂર્વક વાત કરવાની પ્રકૃતિ ધરાવતા સુમંતભાઇ અભ્યાસે ડૉક્ટર હતા. પરદેશમાં અભ્યાસ પૂરો કર્યા પછી તે વડોદરાના ગાયકવાડ રાજપરિવારના ડૉક્ટર તરીકેની નોકરીમાં જોડાયા અને પરિવારના પ્રીતિપાત્ર-ભરોસાપાત્ર બની રહ્યા. પરંતુ સત્તા-સંપત્તિનું તેમને આકર્ષણ ન હતું. તેમનાં પત્ની શારદા મહેતા એટલે વિદ્યાગૌરી નીલકંઠનાં બહેન. એ બન્ને બહેનો ગુજરાતનાં પહેલવહેલાં મહિલા સ્નાતક. શારદાબહેન અને ડૉ.સુમંત મહેતાના દાંપત્યજીવનમાં સામાજિક અને જાહેર એમ બન્ને પ્રકારની પ્રવૃત્તિઓનો સમન્વય થયો હતો.

ડૉ.સુમંત મહેતા તેમની પ્રકૃતિગત લાક્ષણિકતાને કારણે, ગાંધીજી પ્રત્યે ભાવ ધરાવતા હોવા છતાં તેમના અનુયાયી કે ભક્ત બન્યા ન હતા. તેમનો અને ગાંધીજીનો રસ્તો એક હતો. ગાયકવાડ રાજપરિવારની નોકરી છોડીને જાહેર જીવનમાં ઝંપલાવ્યું, ત્યારે તેમણે આર્થિક સલામતીની ચિંતા કરી ન હતી. દાંડીકૂચ અને તેની આસપાસ ઊભી થયેલી લડત વખતે ઉત્તર ગુજરાત અલિપ્ત રહ્યું છે એવું લાગતાં, ડૉ.સુમંત મહેતાએ (મરચાં માટે જાણીતા) શેરથામાં આશ્રમ સ્થાપ્યો. ઇ.સ.૧૯૩૧ની વિજયાદશમીએ સ્થપાયેલા આશ્રમનું ધ્યેય રાજકીય નહીં, પણ દારૂબંધી, સ્વદેશી જેવાં ક્ષેત્રોમાં જાગૃતિ ફેલાવવાનું હતું. અલબત્ત, અંગ્રેજ સરકારને મન આ બધી પ્રવૃત્તિઓ ગાંધીજીની વ્યાપક રાજકીય ચળવળનો જ હિસ્સો હતી. એટલે, ફેબ્રુઆરી ૧, ૧૯૩૨ના રોજ ટ્રેનમાં વિસનગર જતા ડૉ.સુમંત મહેતાની ટ્રેનના ડબ્બામાં જ ધરપકડ કરવામાં આવી.

ત્યારથી શરૂ થયેલા એકાદ વર્ષના જેલજીવન વિશે ડૉ.સુમંત મહેતાની નોંધ અને તેમાં આવતાં અનેક અવલોકનો-ટિપ્પણી-અભિપ્રાય સ્પષ્ટ, વિશિષ્ટ, મૌલિક અને ક્યારેક આત્યંતિક લાગે એવાં છે. સત્યાગ્રહીઓના જેલવાસ અને તેમાંથી કેટલાકના દંભ કે અણસમજ અંગે તેમણે નિષ્ઠુરતાથી લખ્યું. 'મારી જેલડાયરી'ના આરંભે પોતાની ધરપકડનું વર્ણન અને સ્ટેશન પર 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના નારા ગુંજ્યા એ વિશે ડૉ.સુમંત મહેતાના ઉદ્‌ગાર : 'ક્યાં છે એ 'ઇન્કિલાબ'? મને એ પોપટીઓ પોકાર ગમતો નથી. કારણ કે હું સર્વદેશીય વિપ્લવમાં માનનારો છું. પોકારની પાછળ બળ હોવું જોઇએ.'

મધ્યાહ્ને ધીકતા ગાંધીયુગમાં ડૉ.સુમંતે લખ્યું હતું, 'અંગ્રેજ અમલદારની નીચે સારામાં સારા સિપાહીઓ પેદા થયા છે, સારા ન્યાયાધીશો થયા છે, વકીલો-દાક્તરો અને ઇજનેરો થયા છે, પણ જવાબદારી લેવી, તાત્કાલિક નિર્ણયો કરવા, સાહસ ઉપાડવું, વ્યૂહરચના કરવી, તાલીમ આપવી, હાર વખતે ધીરજ રાખવી, જીત વખતે સંયમી થવું--આવા સદ્‌ગુણો જેમાં પુષ્કળ આત્મબળ એટલે આત્મશ્રદ્ધાની આવશ્યકતા હોય છે, તે આપણે ખોયા છે. હજી સુધી આપણે તેમાં પછાત છીએ. એ કેળવ્યા વિના કોઇ આગેવાન થઇ શકતો નથી. આજે પણ આગેવાનોની ખોટ છે.'

ડૉ.સુમંત મહેતાના જેલજીવનની શરૂઆત અટકાયતી તરીકે સુરતમાં થઇ. ત્યાં ઓછામાં ઓછાં બંધન હતાં. મચ્છરના ત્રાસ સિવાય બધું સુખ હતું. બાકી બધી બાબતોમાં ભારે કઠણ ડૉ.સુમંત મચ્છરની બાબતમાં ઘણા 'સંવેદનશીલ' હતા. 'ઘણાં વર્ષોથી હંમેશાં મચ્છરદાની વાપરેલી. એવું કહેતો કે જો કદી ભવિષ્યમાં સંન્યાસ લઇશ તો પણ ભગવી મચ્છરદાની સાથે રાખવાનો છું.' પરંતુ જેલવાસ દરમિયાન તેમણે મક્કમતાથી મચ્છરદાનીનો 'વૈભવ' છોડ્યો. બાકી, 'જે કરવાની મનાઇ હોય તે ખાસ કરવું જ જોઇએ, એવી વૃત્તિ જેલમાં થાય છે' એવું આખી ડાયરીમાં ઘણી વાર તેમણે નોંધ્યું છે.

જેલમાં બે પ્રકારના કેદીઓ હતા. ડૉ.સુમંતે નોંધ્યું છે,'રાજકીય કેદીઓ ને ગુનેગાર કેદીઓ. 'સ્વરાજના કેદી', 'ગાંધીજીના કેદી', 'મહાત્માના કેદી' કહેતા અને એ બિચારા ક્રિમિનલો 'કેમિકલ' કહેવાતા.' પરંતુ ભવ્ય નામોથી ઓળખાતા રાજકીય કેદીઓ વિશે 'મને પહેલો કડવો અનુભવ એ થયો કે જે ભાઇઓ દેશદાઝથી પ્રેરાઇને, દેશકાજ માટે ભોગ આપવા તૈયાર થયેલા, તેમનામાં સામાન્ય ચોખ્ખાઇ કે શિસ્ત મળે નહીં...' તેમને થયેલો બીજો કડવો અનુભવ, જે સામૂહિક હકની લડાઇમાં

નેતાગીરી લેનારને હજુ પણ થતો હોય છે : 'અમલદારો સાથે મસલત કરવાની હોય ત્યારે કેદીઓના તરફથી જે પ્રતિનિધિ થાય (અને) તે જે ગોઠવણ કરી આવે, તેને ટેકો ન આપતાં, તેના પર સખત ટીકા કરે...'

ગાંધીજી અને તેમના અંતેવાસીઓના જેલવાસના વર્ણનમાં એક પ્રકારે 'જેલયોગ'નો અહેસાસ મળતો હોય છે, પરંતુ ડો.સુમંતે લખ્યું,'જેલનું વાતાવરણ સંકુચિત અને મનાઇહુકમોવાળું એવું હોય છે કે તેમાં માણસોની અધોગતિ થાય છે. નીચ વૃત્તિઓ ખીલે છે. દા.ત. જે ચીજો જેલના નિયમો પ્રમાણે મળતી ન હોય, તે મેળવી લેવામાં જીવનનું સાફલ્ય ગણાય છે. તેમ કરવામાં કેદીઓ તથા હલકા નોકરોની હદપાર ખુશામત કરવી પડે, લાંચ આપવી પડે, સ્વમાન ખોવું પડે. આવી અનીતિથી મેળવેલી ચીજો 'તિકડમ' કહેવાય છે.' ડો.સુમંત થિયરી આપતાં કહે છે કે જેલમાં અમુક ચીજો ક્યાંથી આવી? તેના જવાબમાં માણસ ફોડ પાડ્યા વગર (મરાઠીમાં) કહે, 'તિક્ડુન' (ત્યાંથી). 'તિકડમ' શબ્દ 'તિક્ડુન'માંથી આવ્યો હશે, એવું તેમણે અનુમાન કર્યું હતું.

જેલમાં દરેક કેદીને એક ચંબુ મળતો હતો. દેશી બોલચાલમાં તે 'શંભુ' કહેવાતો હતો. એક જ ચંબુથી પાણી ભરવાનું, દૂધ ભરવાનું, નહાવાનું, કપડાં ધોવાનાં અને શૌચક્રિયા માટે પણ વાપરવાનું. આવો 'દરેક કામને માટે લાયક' ચંબુ રમૂજમાં 'સિવિલિયન' (આઇ.સી.એસ.) તરીકે પણ ઓળખાતો. વડોદરામાં રાજપરિવારના ડૉક્ટર તરીકે રહી ચૂકેલા ડૉ.સુમંત મહેતાને વૈભવનો મોહ ન હતો. છતાં, કેટલાક આગ્રહો જરૂર હતા. તેમણે લખ્યું છે, 'જેલજીવન આશ્રમજીવન કરતાં ઘણું વધારે જાહેર અને કમ્યુનિસ્ટિક (સામુદાયિક) છે. જે લોકોએ કદી પોતાનો અસ્ત્રો ન વાપર્યો હોય તે આપણો અસ્ત્રો લઇને બેસે. વૉર્ડમાંથી દસબાર જણ અમારી બ્લેડ વાપરે. જેવી રીતે બીજાએ વાપરેલું ટુથબ્રશ, સાબુ કે ટુવાલ મને વાપરવાં ગમતાં નથી, તેમ અસ્ત્રો કે બ્લેડ કોઇને વાપરવા દેવી ગમતી નથી. ભલે તેમાં બુજરંગીપણું હોય. ખરી વાત તો સ્વચ્છતાની છે...મને કોઇ મારી કાંસકી વાપરે તે પણ ગમતું નથી, પણ જેલમાં તો મારો અસ્ત્રો વપરાયો.'

સજા પડ્યા પછી ડૉ.સુમંત મહેતાને બીજા કેદીઓ સાથે સાબરમતી જેલમાં ખસેડવામાં આવ્યા. જેલમાં બધો મોભો છોડીને કેદીઓની સાથે રહેવાનું, બિસ્તરો લપેટીને રોજ બબ્બેની લાઇનમાં ઊભા રહેવાનું, વૉર્ડરો ગિનતી કરે અને એ વખતે જોરથી ખભે હાથ લગાડે. ત્યાર પછી લાઇનમાં બેસીને કાંજી પીવાની. ડૉ.સુમંતે લખ્યું છે,'(જેલમાં) મીઠાની ભૂખ તો એવી લાગેલી કે અમારા ખોરાકનાં સ્વપ્નાંમાં ઘીવાળો ચીકટ પદાર્થ, ખાંડ અને મીઠું અગ્રસ્થાન ભોગવતું. જેલમાંથી છૂટેલાને ધારાસણાના (મીઠાના) અગરો લૂંટવાનું કહ્યું હોય તો સુંદર રીતે કામ પાર પાડે. ડૉ.સુમંત મહેતાની જેલડાયરી ગાંધીયુગની બીજી જેલડાયરીઓ કરતાં ઘણી રીતે જુદી અને વિશિષ્ટ છે. તેનું એક કારણ ડૉ.સુમંત મહેતાના આકરા, આત્યંતિક અભિપ્રાયો અને પ્રબળ 'હું'ભાવ છે, તો બીજું કારણ તેમની બિનભારતીય લાગી શકે એટલી હદે તટસ્થ વિશ્લેષણવૃત્તિ છે. પોતાની આ પ્રકૃતિ જાણતા ડૉ.સુમંત મહેતાએ લખ્યું છે, 'મારી નોંધપોથીમાં ઘણીએ નોંધ (એવી) છે કે જે પ્રગટ કરવી ઇષ્ટ નથી.' ડૉક્ટરે લખ્યું હતું, 'આપણા ગુજરાતમાં સાબરમતી આશ્રમે પ્રાર્થના કરતી વખતે ઘાસ્ટલી (કમકમાટી ઉપજાવે એવી) ધૂન (પદ્ધતિ) દાખલ કરેલી છે... ધૂનમાં પડવું અને અફીણ લેવું તેમાં બહુ ફરક નથી. બંનેમાં બુદ્ધિ મંદ પડે છે અને ઇમોશનને ફૂલ પ્લે મળે છે. બીજું, એમની(મહારાષ્ટ્રના બ્રાહ્મણોની) બધી પ્રાર્થના મરાઠી અને કોઇ હિંદીમાં હોય છે અને આપણે ત્યાં હજી સંસ્કૃત વિશે મોહ છે.'

વ્યક્તિપૂજાના વિરોધી ડૉ.મહેતાને મહારાષ્ટ્રમાં ટિળકને સંપ્રદાય સામે બહુ વાંધો હતો--અને ગુજરાતમાં ગાંધીજી માટે એવું જ થશે, એવી આશંકા હતી. તેમણે લખ્યું હતું,'મહારાષ્ટ્રમાં એક ત્રાસ એવો થઇ ગયો છે કે ટિળક મહારાજ જેવી મહાન વ્યક્તિ થઇ ગઇ, એટલે 'લાસ્ટ વર્ડ્ઝ ઑફ વિઝડ્મ' (અંતિમ સત્યો) બોલાઇ ગયા..ટિળકના શબ્દોની ટીકા લખી શકાય નહીં. નવો વિચાર તો કરી શકાય નહીં...વેદ અને કુરાનના જેવું. તેથી આજે (૧૯૩૨-૩૩માં) મહારાષ્ટ્રનું જીવન લંગડું છે. આવો ભયંકર પ્રસંગ ગુજરાતમાં જરૂર આવશે.'

અહિંસાના અને આજ્ઞાંકિતતાના નામે આચરાતી કાયરતાની તેમને ભારે ચીડ હતી. ડાયરીમાં એક જગ્યાએ તેમણે લખ્યું, 'કહેવાતા ધર્મ અને રીતરિવાજોએ આ દેશનું સત્યાનાશ વાળ્યું છે. ખોટી અહિંસાને લીધે પ્રજા બાયલી બની ગઇ. દરેક વડીલને, શિક્ષકને, માબાપને બધાને પગે લાગવાનું અને ચરણરજ લેવાની. તેને લીધે બિચારા સ્વમાન ખોઇને બેઠા. હદપાર આજ્ઞાંકિત કરી નાખ્યા.આ બધું માનસ બદલવાની જરૂર છે અને પ્રજાએ સ્વમાનની સાથે જરા મિલિટન્ટ (આક્રમક) થવાની જરૂર છે.'

વિસાપુર અને નાસિકની જેલમાં ડૉક્ટર અને તેમના સાથીદારો વચ્ચે કેવા વિષયો પર વાત થતી, તેની યાદી રસપ્રદ છે. (એમાંથી ઘણા વિષયોમાં ડૉક્ટરે ચર્ચા

છેડી હશે, એ કલ્પી શકાય એવું છે) : પ્રાર્થના સંસ્કૃતમાં નહીં, સ્વભાષામાં હોય, પ્રાર્થના હિંદીઓ માટે સર્વસામાન્ય હોવી જોઇએ--રામ અને કૃષ્ણની ન હોય, રાજકીય લડતમાં રેંટિયાને સ્થાન નથી, જનોઇ, કંઠી, કસ્તી, ચાંલ્લા, ટીલાં વગેરે ભેદ પાડનારાં ચિહ્નો ન રાખવાં, દુઃખથી પીડાતાં વાછરડાં કે સાપને મારી નંખાય તેવી રીતની હિંસા અહિંસા છે અથવા ક્ષમ્ય હિંસા છે, આપણા ખોરાકમાં ઈંડા અને માછલી દાખલ કરવાં, વહેમો કાઢવા માટે રાષ્ટ્રિય પ્રચાર કરવો, જેવી રીતે અસ્પૃશ્યતાની ભાવના કાઢવાની છે તેવી રીતે વહેમો દૂર કરવાના છે...

વિષયોની અછડતી યાદીમાંથી સ્વતંત્ર વિચારના અને બળવાખોર પ્રકૃતિના લોકસેવકની ઝલક મળે છે. જેલના અનુભવોની વચ્ચે વચ્ચે જીવન વિશેનું તેમનું દર્શન પણ પ્રગટ થતું રહે છે. જેમ કે, 'કોઇ પણ કામ કરવા માટે સાધનની છત હોય તેથી કામ થાય છે અને અછતથી અટકી પડે છે, એ માન્યતા ખોટી છે. આપણા ટૂંકા જીવનમાં કંઇ કરવું હોય તો જે વખતે જે મળે તે લઇને પાર પાડવું. રાહ જોવાથી વખતે કાંઇ જ થશે નહીં અને વખત તો વહી જાય છે. મેં અનેક વાર કહ્યું છે કે જો કોઇ યોજનાને દૂધ પીતી કરવી હોય તો તેને વિસ્તૃત કરી દેવી. આવી રીતે વિઘ્નસંતોષીઓ સારી યોજના મારી નાખે છે.' જાહેર કામગીરીમાં આ સિદ્ધાંત અત્યારે પણ એટલો જ સાચો નથી?

જેલજીવન અને જેલમાં રહેનારા લોકોનું ગુલાબી ચિત્ર આપવાને બદલે, ડૉ.મહેતાએ તેમની આકરી શૈલીમાં લખ્યું, 'જેલજીવનમાં કેટલાક માણસો સ્વાર્થી થઇ જાય છે. એટલું જ નહીં, પણ આળાં, સુવાળાં અને વધારે પડતી ટીકા કરનાર થઇ જાય છે અને તેમાંથી નિંદા જન્મ્યા વિના રહેતી નથી. મૂળ સ્વભાવથી જ બંને મારામાં છે અને જેલમાં વધારો થયો હતો. જેલમાં ટેવાયા પછી નૉર્મલ સ્થિતિમાં આવી પહોંચ્યો.'

ઘણી બાબતોમાં કટુતાની હદે કડકાઇ સુધી પહોંચતા ડૉ. મહેતા જેલજીવનમાં કુદરતી સૌંદર્ય, ફૂલછોડ કે પક્ષીઓ વિશે વાત કરતાં એકદમ ઋજુ બની જતા હતા. પોતાના જન્મદિવસે વહેલી સવારે તેમણે જોયેલું દૃશ્ય આ શબ્દોમાં ઉતાર્યું છે : 'સામેના યાર્ડના છાપરા પર ચંદ્ર જણાતો હતો. ભીંત પર મારો અને દરવાજાનો (સળિયા વગેરે) પડછાયો પડ્યો હતો. હું પાંજરામાં પુરાયેલો હોઉં તેવું દૃશ્ય મારા જોવામાં ભાગ્યે જ આવે. બહાર કોઇ અરીસો મૂકે તો જણાય, પણ આ જન્મગાંઠને દિવસે મેં મને કેદમાં પુરાયેલો જોયો. એ સાંજે મેં સૂર્યાસ્ત વખતે પ્રેરણાત્મક આકાશ અને સૂર્યનાં કિરણો જોયાં. આવાં દૃશ્યોથી કલાકો સુધી અને કેટલીક વાર દિવસો સુધી આહ્લાદ અને ઉત્સાહ અનુભવાય છે.'

રાષ્ટ્રિય ચળવળથી ફેલાયેલી જાગૃતિનું એક હૃદયસ્પર્શી ઉદાહરણ ડૉ.મહેતાના પાડોશી કેદીનું હતું. મુંબઇમાં પચાસેક અખાડા ચલાવતો એ ભાઇ પુષ્કળ દારૂ પીતો અને જુવાનીના કેફમાં મસ્ત રહેતો. એક દિવસ તેના પાંચ વર્ષના પુત્રે પૂછ્યું, 'બાપુ, હું પ્રભાતફેરીમાં જાઉં?' બાપે કહ્યું, 'તારાથી ના જવાય.' બીજા દિવસે છોકરાએ પૂછ્યું, એટલે જવાબ મળ્યો, 'તું હજુ નાનો છું.' ત્રીજા દિવસે છોકરો ફરી હાજર. કહે,'આજે હું મોટો થયો છું?' બાપે હસીને ના પાડી, એટલે છોકરો કહે,'કેટલો મોટો થાઉં ત્યારે જવાય?' બાપે કહ્યું,'મારા જેવડો.' છોકરો થોડી વાર ચૂપ થઇ ગયો અને પછી બોલ્યો,'ત્યારે તમે કેમ જતા નથી?' એ સવાલથી પેલા માણસનો હૃદયપલટો થયો, એ લડતમાં જોડાયો અને જેલમાં પહોંચ્યો.

ગાંધીજી અસ્પૃશ્યોને મળેલા અલગ મતદાર મંડળ સામે આમરણ ઉપવાસ કરવાના છે, એવું સાંભળીને ડૉ.મહેતાએ લખ્યું હતું, 'એ ધરણાનો સગો ભાઇ થાય. એ અપવાસમાં પૂરી અહિંસા નથી. તેમાં અત્યાચાર અને હદપારનો આગ્રહ છે. ૧૯મીએ ગાંધી માટે કુંડાળામાં ઊભા રહીને પ્રાર્થના કરી. હું તેમાં જોડાયો નહીં. એના કરતાં શાંતિથી આત્મચિંતન કર્યું હોત તો કંઇક લાભ થાત...મુંબઇમાં (અસ્પૃશ્યો માટે) મંદિરો ખુલ્લાં મૂકવાનું નાટક ભજવાય છે તે જુસ્સો શમી જવાને વાર લાગવાની નથી. મને તો આ મંદિરો ઊઘડે તેમાં જરા ખુશી નહોતી. જરૂર તો છે ગામડાંમાં પાણી ભરવાની. એક જ કૂવો સ્પૃશ્ય અને અસ્પૃશ્ય માટે વપરાય છે?' ગાંધીજીએ અસ્પૃશ્યોને સંદેશો આપ્યો કે દારૂ પીશો નહીં ને ચોખ્ખા રહો. ડૉ.મહેતાની ટીપ્પણી : 'એ મને જરાયે પસદ ન પડ્યો. પ્રશ્ન આર્થિક શોષણનો છે.'

જેલમાં સુવિધા મળતાં ડૉ.મહેતાએ દીર્ઘ આત્મકથા લખી (તેમના હિસાબ પ્રમાણે આશરે પાંચેક લાખ શબ્દો), જે દાયકાઓ પછી સંપાદિત સ્વરૂપે પ્રકાશિત થઇ. જાહેર જીવનમાં નોંધપાત્ર પ્રદાન અને દળદાર આત્મકથા સહિતનાં પુસ્તકો લખવા છતાં, ગુજરાતના જાહેર જીવનમાંથી ડૉ.મહેતાનું નામ અને ખાસ તો તેમની તરાહ પર વિચારનારા માણસો જોવા-સાંભળવા મળતાંનથી. ગુજરાતની અસ્મિતાની બાળવાર્તાઓમાં સ્વાભાવિક રીતે જ સુમંત મહેતાનો સમાવેશ થતો નથી--અને એ ગુજરાતનું જ નુકસાન છે.


(લુહારવાડ, મહેમદાવાદ જિ. ખેડા મો:૯૯૮૨૧૬૭૦૬)

॥ સમીક્ષા ॥

## આચારધર્મી ડૉ.સી.એલ. પટેલનું વિચારપ્રેરક પુસ્તકઃ 'મારા વિચારો'

**રમણભાઈ પી. પટેલ**

**(મારા વિચારોઃ લેખકઃ ડૉ.સી.એલ.પટેલ, પ્રકાશકઃ નિયામક-સૅરલિપ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, ઍપ્રિલ ૨૦૧૫ મૂલ્યઃ ₹ ૨૦૦)**




શ્રી અને સરસ્વતીના અનેરા સંગ અને સમન્વયે ચારુભૂમિ ચરોતર પ્રદેશે વિવિધ ક્ષેત્રે વિકાસ-સમૃદ્ધિ હાંસલ કર્યાં છે, તેમાં આ પ્રદેશોની શૈક્ષણિક સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, ઔદ્યોગિક, સહકારી વગેરે જાહેર સંસ્થાઓનું યોગદાન ધ્યાનપાત્ર રહ્યું છે. એ સાથે પ્રજામાં શિક્ષણ-સંસ્કાર-સેવા-સમર્પણ-ધર્મભાવના વગેરેનું સિંચન કરતી કેટલીક વ્યક્તિ વિશેષનું સેવાપ્રદાન  પણ મહત્ત્વનું તેમ નોંધપાત્ર બની રહ્યું છે.

શિક્ષણ ક્ષેત્રે દૃષ્ટિપાત કરીએ તો, ચરોતરને 'એજયુકેશન હબ' તરીકે વિકસાવવામાં, ઓળખ આપવામાં આ વિસ્તારની કેટલીક શિક્ષણ સંસ્થાઓનું પ્રદાન ધ્યાનપાત્ર છે. તેમાં વિદ્યાનગર-આણંદના વિદ્યાજગતને યાદ કરવું ઘટે. સરદાર પટેલના પ્રેરણાબળે, સ્વ.ભાઈકાકા-ભીખાભાઈ સાહેબના પુરુષાર્થબળે અને સ્વ.એચ.એમ. પટેલની કુશાગ્ર સંચાલનદૃષ્ટિ-શક્તિ બળે ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળ વલ્લભ વિદ્યાનગર, સરદાર પટેલ યુનિવર્સિટી અને વિઠ્ઠલ ઉદ્યોગનગર ત્રિવેણીના સર્જન-વિકાસ-સમૃદ્ધિ થકી અહીં શિક્ષણ, ઉદ્યોગ, રોજગારીની અનેક તકો-સુવિધાઓ સાંપડતાં ચરોતર પ્રદેશનો ઝડપી વિકાસ શક્ય બન્યો. અલબત્ત, એને પગલે આ વિસ્તારમાં બીજાં અનેક વિદ્યાસંકુલો સર્જાતાં પ્રગતિમાં તેજગતિ આવી.

આ સમૃદ્ધિ-વિકાસની યાત્રામાં, છેલ્લા બે દશક કરતાં પણ વધારે સમયથી ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે સફળ સુકાન સંભાળનાર ડૉ.સી.એલ. પટેલનું નામ અને કામ સુવિદિત છે. ન્યૂ વલ્લભ વિદ્યાનગરના સર્જક-સંવર્ધક અને 'ચરોતરરત્ન', 'માનવગૌરવ પુરસ્કાર', 'ગુજરાત રત્ન' જેવા એવોર્ડ તેમજ વિવિધ યુનિવર્સિટી દ્વારા ડી.લિટ્.ની માનદ પદવીથી વિભૂષિત-સન્માનિત થયેલ શિક્ષણ મહર્ષિ ડૉ.સી.એલ. પટેલનું વ્યક્તિત્વ બહુઆયામી અને ભાતીગળ છે. પ્રગતિશીલ ખેડૂત, પ્રામાણિક એન્જિનિયર, કર્તવ્યનિષ્ઠ સમાજસેવક, દૃષ્ટિવંત કેળવણીકાર, કુશાગ્ર વહીવટકર્તા, માનવીય ગુણસંપન્ન વ્યક્તિવિશેષ, આચારધર્મી ધર્મ-સંસ્કારપુરુષ ડૉ.સી.એલ. પટેલ એક વિચારક-ચિંતક-લેખક તરીકેનું પણ વ્યક્તિત્વ દાખવે છે, તેની પ્રતીતિ તેમનાં લખાણોથી થાય છે.

ચારુતર વિદ્યામંડળના મુખપત્ર 'વિ-વિદ્યાનગર' સામયિકના ઉઘડતે પાને 'અધ્યક્ષસ્થાનેથી' કૉલમ દ્વારા ડૉ.સી.એલ. પટેલનો, જાન્યુઆરી ૨૦૧૦થી, નિયમિત રૂપે કોઇ એકાદ વિચાર ચિનગારી રૂપે પ્રતિમાસે પ્રગટ થાય છે. એપ્રિલ ૨૦૧૫ સુધીના લેખકના આ વિચારોનો સંચય 'મારા વિચારો' પુસ્તકરૂપે, સૅરલિપના નિયામકશ્રી ડૉ.હરિ દેસાઇ દ્વારા  તાજેતરમાં પ્રકાશિત થયેલ છે. વર્ષો પૂર્વે ગુજરાતી સાહિત્યના જાણીતા લેખક, અગ્રણી રાજપુરુષ કનૈયાલાલ મુનશી તેમના ભારતીય વિદ્યાભવનના સામયિક 'નવનીત' (પછીથી નવનીત-સમર્પણ)માં 'કુલપતિના પત્રો' કૉલમ હેઠળ વિવિધ વિષય સંબંધી પોતાના વિચારો વ્યક્ત કરતા. ડૉ.સી.એલ. પટેલે આ પરંપરા કંઇક નોખી અને પોતાની રીતે 'વિ.' સામયિકમાં આરંભી, પોતાના વિચારસાગરમાંથી એકાદ વિચારની મૌલિક અભિવ્યક્તિ  પ્રતિ માસે થવા લાગી. ઘણી વખત નાદુરસ્ત તબિયત તેમજ વહીવટીય વ્યસ્તતા હોવા છતાં, લેખક પ્રત્યેક આવતા અંક માટે કૉલમ માટેની સામગ્રી સમયસર પહોંચાડે, એમાં એમની ચીવટ, નિયમિતતા અને કર્તવ્યનિષ્ઠાની નિસબતભરી પ્રતિબદ્ધતાની પ્રતીતિ થાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં સંખ્યા અને સત્વની દૃષ્ટિએ સમૃદ્ધ એવા વિવિધ વિષયના ૬૪ જેટલા વિચારલેખો ૧૯૨ પાનામાં વિસ્તરેલા છે, જેમાં શિક્ષણ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ,

ઇતિહાસ, ઉદ્યોગ, રાજકારણ, અર્થકારણ, પર્યાવરણ, લોકશાહી, માતૃભાષા, રોજગારી, રાજકીય પક્ષો, વિદ્યાસંસ્થાઓ, વહીવટ, ભ્રષ્ટાચાર, જનઆંદોલનો, અકસ્માતો, યુવા-નાગરિક ઘડતર, સેવા-સહિષ્ણુતા, સમર્પણ, ચૂંટણીઓ વગેરે અનેક વિષય પર લેખકની કલમ વિહરી છે. લેખકના આ વિચારો પુસ્તકના કાગળ પરના ઉપલકિયા વિચારો નથી. પોતાને જે લાગે તેવું લખનારા-કહેનારા આ સ્પષ્ટભાષી આચારધર્મી લેખક પોતાના વિચારને ગંભીરતા અને જવાબદારીપૂર્વક નિર્ભિકતાથી સ્પષ્ટપણે વ્યક્ત કરે છે. તેની તો તેમના આ વિચારોમાં કૃતકતા નહિ પણ દિલની અનુભૂતિની સચ્ચાઇ અને સ્વાનુભવનો તેમજ આચાર-વિચાર-વ્યવહારની સંવાદિતાનો નગદ રણકો સંભળાય છે. અનેક વિષયો પર ગંભીર ચર્ચા-વિચારણા દ્વારા સાંપ્રત સમય-સંદર્ભે પોતાના મૌલિક વિચારો-ચિંતન-દૃષ્ટિબિંદુ રસાયણરૂપે લોકસમૂહ તેમજ બૌદ્ધિક વર્ગ ઉભયને સમાનરૂપે સ્પર્શે છે. એટલું જ નહિ, એમાં વાચકચિત્તને 'સ્પાર્ક' કરે એવી ચિનગારી છે. પ્રેરણા અને આત્મખોજ માટેનું ભાથું પણ છે.

પુસ્તકના આરંભના દશ વિચારઘટકોમાં લેખકે આ ક્ષેત્રમાં આવવાના ઉદ્દેશ, સંસ્થાસંચાલનના કડવા-મીઠા અનુભવો, તેમાં આવતા સંઘર્ષો-પડકારો, તેમાંથી મળતા ઉકેલ, આર્થિક કટોકટી, લોક સમુદાય અને દાતાઓનો સહકાર, નવા-નવા સંકલ્પ-પ્રકલ્પ થકી અનેક સ્વનિર્ભર સંસ્થાઓનો આરંભ-વિકાસયોજનાઓ, ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના- વિકાસયાત્રા વગેરે સંદર્ભે સ્થાપના-વિકાસયાત્રા વગેરે સંદર્ભે પોતાની સક્રિયતા, સહભાગીદારીતા, વિવધરંગી અનુભવોની, એક કૃષિકાર-એન્જિનિયરની કલમે, સરળ, સ્વાભાવિક, ચિત્રાત્મક, લાઘવ શૈલીમાં અસરકારક રીતે અભિવ્યક્તિ થઇ છે. જેમાં લેખકની અનુભવ અને અનુભૂતિજન્ય વૈચારિક દૃષ્ટિશક્તિની પ્રતીતિ થાય છે. આ ઉપરાંત, લેખક સરદાર સાહેબ, ભાઇકાકા, ભીખાભાઇ સાહેબ, એચ.એમ. પટેલ, મોતીભાઇ અમીન, વિઠ્ઠલભાઇ સાહેબ જેવી મહાવિભૂતિઓથી પ્રભાવિત થતાં એમાંથી પ્રેરણા લઇ શિક્ષણ-પ્રવૃત્તિ મારફતે સમાજસેવા કરવાની નિષ્ઠા-નિસબત-પ્રતિબદ્ધતા પણ પ્રગટ કરે છે.

શિક્ષણક્ષેત્રે વ્યાપેલા ભ્રષ્ટાચાર, કામચોરી, સરકારની ઉદાસીનતા, બિનજરૂરી દખલગીરી, વૈમનસ્યભરી વૃત્તિ-પ્રવૃત્તિને લીધે શિક્ષણસંસ્થાઓના સ્થાપન-સંચાલન-વિકાસમાં પડતી મુશ્કેલીઓ અને વિદ્યાજગતને થતું નુકસાન લેખક સહન ન કરી શકતાં કેટલાક વિચારલેખમાં એ દૂષણો પ્રત્યે રોષ અને પુણ્યપ્રકોપ દાખવી શાસકો સામે પણ નિર્ભયતાપૂર્વક પોતાનો અવાજ અને પ્રતિકારભરી લાગણી પણ વ્યક્ત કર્યાં છે. અલબત્ત, એ પાછળ લેખકની કોઇ દ્વેષબુદ્ધિ નહિ પણ શિક્ષણ પ્રત્યેની નિસબતભરી શુભ હિતચિંતા વરતાય છે.

યુવકોના ઘડતર, શિક્ષક વ્યવસાય, શિક્ષણના બદલાતા પ્રવાહો, રાષ્ટ્રઘડતરમાં ગાંધી-સરદારનું પ્રદાન, સેવા-સમર્પણ નિષ્ઠા સહિષ્ણુતાના માનવીય ગુણો, આઝાદીના ઘડવૈયા, ચૂંટણીઓમાં લોકધર્મ વગેરે વિશેના લેખોમાં લેખકના સાંપ્રત સંદર્ભે રજૂ થયેલા વિચારો નવી પેઢીને યુગધર્મ ચીંધી, પ્રેરક-માર્ગદર્શક બની રહે તેવું જીવનઘડતરનું ભાથું આપે છે. કેટલાંક અવતરણો જોઇએ:

શિક્ષણ વિશેની વિચારદૃષ્ટિ દાખવતાં લેખક જણાવે છે: ૧. નવી પેઢીના ઘડતર તેમજ તેમને વિશ્વસ્પર્ધા માટે સજ્જ બનાવવા શિક્ષણ સંસ્થાઓ, શાસકો, સમાજઅગ્રણીઓએ ઉદાસીનતા-નિષ્ક્રિયતા છોડી સચિંત-સક્રિય થવું પડશે. ૨. આજે જ્યારે દેશનો ચાલીસ ટકા યુવા વર્ગ દેશની જવાબદારી સંભાળવા થનગની રહ્યો હોય ત્યારે તેનું યોગ્ય ઘડતર કરવા, જ્ઞાનસભર નાગરિકો તૈયાર કરવા વિકાસલક્ષી આયોજનો અને વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે. ૩. શિક્ષણક્ષેત્રે તક્ષશિલા-નાલંદાને વધુ સારી રીતે ઓપ આપવા ઓક્સફર્ડ, કેમ્બ્રિજ, હાર્વર્ડ, એમ.આઇ.ટી.નાં સારાં પાસાં સ્વીકારીને તેનું સંયોજન થાય એવી એવી શિક્ષણવ્યવસ્થા આજે જરૂરી છે.

ઉદ્યોગ અને રોજગારી બાબતે લેખકના વિચારો આ પ્રમાણે છે- ૧. ઉદ્યોગો દેશના વિકાસમાં પાયાની જરૂરિયાત છે, એ સાથે તેમને ચલાવનાર બુદ્ધિજીવી નાગરિકોની પણ એટલી જ જરૂર છે. ૨. કોઇપણ દેશના વિકાસનો આધાર તે દેશની પ્રજા સાયન્સ અને ટેકનોલોજીનો કેટલો અને કેવો ઉપયોગ કરે છે, તે પર નિર્ભર છે. ૩. આપણે વૈશ્વિકીકરણના યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે યુવાનોએ અભ્યાસકાળ દરમિયાન એમ્પ્લોયેબલ સ્કીલ અર્થાત્ જ્ઞાનસભર રોજગારી મેળવવાની ક્ષમતા અને સાહસિકતા કેળવવાં પડશે.

માનવીય ગુણોની આવશ્યકતા પર ભાર મૂકતાં લેખક કહે છે: ૧. સેવામાં સમર્પણની ભાવના પેદા થાય ત્યારે એવી સેવા તેજ અને ઓજસ પ્રગટાવે છે. ૨. ભારતીય જીવનશૈલી માણસને માણસ તરીકે જોવાના સંસ્કાર આપે છે. તેથી કેળવણી જ્ઞાન સાથે સંસ્કારલક્ષી હોવી જોઇએ. ૩. દેશનો યુવાન રાષ્ટ્રપ્રેમી બને, ભાઇચારો કેળવી સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે એ

આજની માંગ છે.

રાજકારણ-ભ્રષ્ટાચાર બાબતે લેખકનો આક્રોશ-પુણ્યપ્રકોપ  કેટલાક વિચારોમાં પડઘાય છે. જેમ કે- ૧. ભ્રષ્ટાચાર ફેલાવાનું કારણ દુષ્ટોની તાકાત નહિ, પણ સજ્જનોની નિષ્ક્રિયતા-નબળાઇ અને પોતાનો મત પ્રગટ કરવામાં ભય અનુભવવાની વૃત્તિ છે. ૨. રાજ્ય-દેશમાં દોરવણી આપનાર પ્રામાણિક નેતાઓ ઊભા કરવા માટે સમાજસેવકો-સંતોએ જવાબદારી હવે નિભાવવી પડશે. ૩. દેશનો મોટો ભાગ ખેતી પર નભતો હોય ત્યારે ખેતી સાથે જોડાયેલાં કુટુંબો માટે રોજગારીની વ્યવસ્થા અને તેમનો બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી સરકારની છે. સરકારની ઉદાસીનતા અને રાજજારણથી ખેડૂતોની આત્મહત્યા અને ખેડૂતોનાં આંદોલનો સર્જાય છે. ૪. નવી પેઢીને સારું શિક્ષણ આપવું હશે તો હંગામી ધોરણે અપાતી નિમણૂકો તથા આર્થિક શોષણ બંધ થાય એવી વ્યવસ્થા સરકારે ઊભી કરવી પડશે. ૫. સાચા અર્થમાં મતદાનની યોગ્યતા પૂરવાર થાય તો ભાવિ પેઢીને સારા-સાચા રાજકીય કાર્યકર્તાઓ મળે.

બિનસાંપ્રદાયિકતાને આવકારતાં લેખક કહે છે, કોઇપણ ધર્મ-સંપ્રદાય યા જાતિ-જ્ઞાતિનો સમાજ આખરે તો વિશાળ બગીચાનો ખીલેલો છોડ હોવાથી એના જતનથી જ દેશનો બાગ નવપલ્લવિત અને સલામત રહી શકે. માતૃભાષા વિશે લેખક જણાવે છે, આજના યુગમાં વિશ્વ સાથે સંવાદ સાધવા આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે અંગ્રેજીનું જ્ઞાન આવકાર્ય છે, પરંતુ આપણો સંસ્કારવારસો, આપણી માતૃભાષા છોડીને તે આવકાર્ય નથી.

આવાં આવાં અનેક વિચારમોતી લેખકના વિચારસાગરમાંથી આપણને સાંપડે છે. નવી પેઢી માટે આ પુસ્તક થકી વિચારોનાં વાવેતર કરનાર ડૉ.સી.એલ. પટેલ ૮૧ વર્ષમાં પ્રવેશ્યા છે ત્યારે સૅરલિપના નિયામકશ્રી ડૉ. હરિ દેસાઇ આ પુસ્તક પ્રકાશન દ્વારા ડૉ.સી.એલ. પટેલના વિચારોને વાચકો સુધી વિસ્તારવામાં નિમિત્તરૂપ બન્યા છે. એ આ વિદ્યાજગતની યોગાનુયોગ ઘટના પ્રસંગે આ પુસ્તકને વધાવી-આવકારી પ્રસન્નતા સાથે લેખક પ્રકાશક ઉભયને અભિનંદન છે. આ પ્રસંગે ડૉ.સી.એલ. પટેલને શુભેચ્છા સહ તેમના તંદુરસ્ત દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના છે. આ વિદ્યાજગતને-સમાજને તેમના તરફથી સેવા અને વૈચારિક ભાથું સાંપડતું રહે એવી અભ્યર્થના પણ છે.

(માનદ નિયામક, એઆઇપીએસ, શ્રીરામકૃષ્ણ સેવામંડળ, આણંદ, મોઃ ૯૮૨૫૮૫૦૩૪૮)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ


'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ  www.ecvm.net ૫૨ જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

॥ સમીક્ષા ॥

# સાર્થક જલસો : વિષયવૈવિધ્ય અને અનોખાપણાનો જલસો

**પ્રણવ અધ્યારુ**




'હવે પહેલાં જેવું ક્રિકેટ નથી રમાતું' — એવો અફસોસ કરનારા કોઈએ અસલ ક્રિકેટની મજા મળી રહે એવી મેચો ગોઠવ્યાનું જાણ્યું છે? 'હવે પહેલાં જેવી સીરિયલો નથી આવતી'-એવો બળાપો કાઢનારા કોઈએ દૂરદર્શનના જમાનાની સીરિયલોની યાદ અપાવે એવી કોઈ સીરિયલનો પાયલોટ એપિસોડ બનાવ્યાનું જાણ્યું છે? 'હવે પહેલાં જેવી દિવાળી નથી રહી'- એવું નિસાસો નાખીને કહેનારાએ દિવાળીમાં પોતાના ઘેર મીઠાઈ-નાસ્તા બનાવીને પોતાનાં સગાં-વ્હાલાંને આગ્રહ કરીને બોલાવ્યા કે એમના ઘેર હક કરીને મળવા ગયા હોવાનું જાણ્યું છે?

અફસોસ પ્રગટ કરવો કે બળાપો કાઢવો — એકંદરે સરળ છે. પરંતુ આપણા જેવો જ અફસોસ કે બળાપો કોઈને ના થાય તે માટે કશુંક નક્કર વિચારવું અને અમલમાં મૂકવું અઘરું છે. આવું અઘરું લાગતું કામ 'સાર્થક-જલસો'ની ટીમ છેલ્લાં બે વરસથી અને ચાર અંકથી કરી રહી છે. સરસ મજાનું અને ઊંચા ગજાનું વાંચવાની આદત હોય એવા ગુજરાતી વાંચનરસિયાઓ છેલ્લાં કેટલાક સમયથી નિરાશા અનુભવતા હતા. મુખ્ય પ્રવાહનાં છાપાં-મેગેઝિનોમાં જાહેરાતો છાપ્યા પછી બાકી વધતી જગ્યામાં ઠલવાતી વાંચનસામગ્રીના સ્તર બાબતે માત્ર અફસોસ પ્રગટ કરવાના બદલે, સાર્થક ટીમ દ્વારા ઉત્તમ વાંચન કેવું હોય એના નમૂનારૂપ મેગેઝિન પ્રગટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

સાર્થક પ્રકાશનના છ માસિક 'સાર્થક જલસો'ના ચારેય સંપાદકો—ઉર્વીશ કોઠારી, દીપક સોલિયા, બીરેન કોઠારી અને ધૈવત ત્રિવેદી-- પત્રકારત્વ અને સાહિત્ય ક્ષેત્રે માફકસરનું અને નોંધ લેવી પડે તેવું ખેડાણ કરી ચૂક્યા છે, પરંતુ તેમનામાં રહેલો વાચક આજની તારીખે પણ એટલો જ જીવંત અને ડિમાન્ડિંગ છે — જેટલો આજથી બે-અઢી કે ત્રણ દાયકા અગાઉ હતો.અને એટલે જ સારું વાચન ઝંખતા અને તેની ખોટ મહેસૂસ કરતા વાચકોને કેવું વાચન મળવું જોઈએ? તેનો તેમના મનમાં ઉગેલો જવાબ હતો : 'રસાળ પણ છીછરું નહીં, મનોરંજક પણ ચીલાચાલુ નહીં, અભ્યાસપૂર્ણ પણ માસ્તરીયું નહીં, ઊંડાણભર્યું પણ શુષ્ક નહીં, સાહિત્યિક પણ પાંડિત્યપૂર્ણ નહીં, વર્તમાન સાથે નાતો ધરાવતું પણ છાપાળવું નહીં....'

આદર્શ ઘડવા સહેલા છે, પરંતુ તેનો અમલ અઘરો છે. એ હિસાબે સાર્થક-જલસો મેગેઝિનમાં કેવી સામગ્રી આપવી જોઈએ એ બાબતે ઘડેલી રૂપરેખામાં ફીટ બેસે તેવું લખાણ અને તેના લખનારા લાવવાનું કામ સહેજ પણ સરળ નહોતું. અને એટલે જ સાર્થક ટીમે ચોક્કસ સ્તર અને વાચકોને જલસાનો અહેસાસ કરાવી શકાય એવું ધોરણ જળવાઈ રહે એ માટે વર્ષે માત્ર બે અંક — ઓક્ટોબરમાં અને એપ્રિલમાં - કાઢવાનું નક્કી કર્યુંઃ ઝડપી બદલાવના આ સમયમાં લોકો અઠવાડિકો ને માસિકો ભૂલી જતા હોય, ત્યાં છમાસિક કાઢવાનો શો અર્થ? એવો સવાલ કોઈને પણ થાય. પણ જે કક્ષાનું વાચન આપવાની મથામણ હતી, એવી સામગ્રી અઠવાડિક, માસિક કે ત્રૈમાસિકમાં આપવાનું શક્ય નહોતું. કારણ કે એવી નિયમિતતા જાળવવા માટે સૌથી પ્રથમ ગુણવત્તાનો ભોગ લેવાય એવી શક્યતા હતી. સરવાળે દર છ મહિને નક્કર વાંચન આપતું એક મેગઝિન પ્રગટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ નિર્ણય પ્રકાશકો માટે જાહેરાતો મેળવવાથી માંડીને ચોક્કસ નકલો વેચવા માટે અઘરો પરંતુ વાચકોના હિતમાં રહ્યો.

અત્યાર સુધી પ્રગટ થયેલા ચાર અંક જોયા પછી એવું કહી શકાય કે મુખ્ય ધારામાં કે સમાંતર ધારાનાં સામયિકો-વિચારપત્રોમાં જે જાતનાં લખાણો માટે વિવિધ કારણોસર જગ્યા હોતી નથી, છતાં જે લખાણોનું આગવું મૂલ્ય-મહત્વ હોય છે, એવાં ચુનંદાં લખાણ 'સાર્થક જલસો'ની મુખ્ય સામગ્રી બન્યાં છે. સાર્થક-જલસોનું મુખ્ય ધ્યેય વાચકોને બીજે ભાગ્યે જ વાંચવા મળે એવાં, તેમને વાંચવાં ગમે એવાં અને કેટલાક સંજોગોમાં તેમણે વાંચવા જોઈએ

એવાં લખાણ પીરસવાનું છે. એના લેખકો જાણીતા છે કે અજાણ્યા, નીવડેલા છે કે નવોદિત, એ ગૌણ બાબત છે. 'સાર્થક જલસો'માં છપાતા લખાણનું મૂલ્ય લેખકના નામ કે લેખની લંબાઈ પરથી નહીં, માત્ર તેની ગુણવત્તાના આધારે નક્કી થાય છે. એટલે જ, તેના અત્યાર સુધીના ચારેય અંકોમાં જાણીતાં નામોની સાથોસાથ નવોદિત કે ગુજરાતી વાચકોને અજાણ્યાં લાગે એવાં નામ અફલાતૂન લખાણો સાથે રજૂ થયાં છે. અગાઉ ક્યારેય ના લખ્યું હોય કે ભાગ્યે જ લખવા તૈયાર થતા હોય તેવા મિત્રો પાસેથી વાતચીત દરમિયાન મળેલો ખજાનો શબ્દોમાં ઉતારવાની રીતસર મહેનત કરવામાં આવે છે. અને કોઈ સરસ લખનારને અગાઉ ક્યારેય ના સ્પર્શ્યા હોય તેવા વિષય પર લખાણ મોકલી આપવાનો જાસો પાઠવવામાં આવે છે.

સૌથી મહત્વની અને ઘરેડમાં કામ કરનારા સંપાદકોને ખટકે એવી વાત સાર્થક-જલસોમાં સમાવેશ પામતા લેખોની લંબાઈની છે. પ્રચલિત માપદંડ પ્રમાણે ઘણા લાંબા લાગે એવા — વીસ-બાવીસ-પચીસ પાનાં સુધી પથરાયેલા લેખો પણ સાર્થક-જલસોમાં સમાવેશ પામે છે. જરૂરી નથી કે દરેક લેખ આટલા લાંબા જ હોય. અને એ જ રીતે દરેક લેખ માફકસરની લંબાઈના હોય એવું પણ ધારાધોરણ રાખવામાં આવ્યું નથી. લોકોને સારું વાંચન આપવા માટે પ્રગટ થતા આ મેગેઝિનના સંપાદકો એક વાત બાબતે તદ્દન સ્પષ્ટ છે કે લેખ લાંબો કે ટૂંકો નહીં, સારો કે ખરાબ હોય છે. 'સાર્થક જલસો'માં દુર્લભ તસવીરી સામગ્રી સાથે પથરાયેલા લેખમાં વાચકો એવા તરબોળ થાય છે કે લેખ પૂરો થાય ત્યારે કેટલા શબ્દો વાંચ્યા એનો થાક નહિ, પરંતુ કેટલું અઢળક પામ્યા એનો સંતોષ જ મનમાં અનુભવે છે.

આ વખતના સાર્થક જલસો-૪ માં પ્રગટ થયેલા બે લેખનો જ દાખલો લઈએ. કુલ ચોવીસ પાનામાં પથરાયેલી મહેન્દ્ર મેઘાણીની મુલાકાત વાંચો એટલે 'અરધી સદીની વાચનયાત્રા' આપનારની અત્યાર સુધીની જીવનયાત્રાના સાક્ષી બન્યાનો અહેસાસ થાય. એવી જ રીતે હર્ષલ પુષ્કર્ણાએ ખેડેલી લદ્દાખની રફ ટ્રીપનું વર્ણન એકાદ પાનું પણ ઓછું હોત તો વાચકને અધૂરપ લાગી હોત.

વિષય વૈવિધ્ય બાબતે પણ સાર્થક-જલસો સવાયું મેઘધનુષી છે. એક જ અંકમાં તમને પ્રખર અભ્યાસી અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રજની કોઠારી અંગે અગાઉ ક્યારેય ના વાંચી હોય તેવી વિગતો અને સંભારણાં મળે, તો બહુ જાણીતા ગીતોના અજાણ્યા ગીતકાર યોગેશની ફિલ્મી લાગે એવી સાચી જીવની મળે. નિરાંતે વાંચવા જેવા અને માંડીને વાત કરતા લેખોની વચ્ચે, જેમનાં લખાણોમાં શિષ્ટ હ્યુમર સતત છલકાતી રહે એવા ઓછા જાણીતા લેખકો પણ પૂરતી મોકળાશ સાથે વાચકોને મળે. અનાવિલોની જાતિગત અને સ્વભાવગત વિશેષતાઓ રમૂજના આવરણમાં લપેટીને મૂકવામાં આવી હોય કે રેલવેના પાટાની આસપાસ રચાયેલી દુનિયાનો હળવા અંદાજમાં પરિચય હોય — બધું જ સાર્થક-જલસો સિવાય ક્યારેય અને ક્યાંય વાંચવા મળ્યું ના હોત.

અને આવું તો કેટકેટલા લેખો વિશે કહી શકાય. જેમ કે, 'સ્કોપ', 'ફ્લેશ' અને 'સફારી' જેવાં અનન્ય સામયિકોથી ખ્યાત નગેન્દ્ર વિજયનો પહેલવહેલો સચિત્ર-દીર્ઘ ઈન્ટરવ્યુ, આખા બ્રિટનને હચમચાવનાર ૬૯૦ દિવસની હડતાલનાં ગુજરાતી નાયિકા જયાબહેન દેસાઈની પ્રેરકકથા, હિન્દી ફિલ્મોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ગુજરાતીઓની યાદીમાંથી વિસરાયેલા વીરેન્દ્ર દેસાઈની ફિલ્મી લાગે તેવી સત્યકથા, કક્કાની કેડે કઠાણાથી કેનેડાની સફર, મૂળ નામને ભૂલાવી દેતા ખીજ-નામ, ખલીલ ધનતેજવીના ફિલ્મ પત્રકારત્વના અનુભવો, સાચું લખવા બદલ રાજદ્રોહના કેસથી લઈને ખૂનની ધમકી પછી પણ વિચલિત ન થનારા પત્રકાર પ્રશાંત દયાળની મુલાકાત, કળાગુરુ રવિશંકર રાવળે પત્રો દ્વારા કળાદીક્ષા આપ્યાનો વૃંદાવન સોલંકીનો અનુભવ, ગુજરાતી સાહિત્યજગતના વિશિષ્ટ પાત્ર હરિશ્ચંદ્ર ભટ્ટની ભૂલાઇ ગયેલી કથા, 'ગુજરાતનો નાથ' નવલકથાના પ્રતાપી પત્ર 'મંજરી'નું નિકટ દર્શન, તસવીરકાર હોમાય વ્યારાવાલાની પત્રછબી — આ યાદી ખાસ્સી લાંબી છે અને 'સાર્થક જલસો'ના દરેક અંક સાથે વિસ્તરતી જશે.

'સાર્થક-જલસો' અને બે વર્ષમાં પ્રકાશિત ૧૪ પુસ્તકો દ્વારા 'સાર્થક પ્રકાશન' ગુજરાતી વાચકોના રસ-રુચીને સંકોરવાનું અને તેને નવા-ઊંચા સ્તરે લઇ જવાનું કામ ધીમી પણ મક્કમ ગતિએ કરી રહ્યું હોય એવું લાગે છે. છ માસિક 'સાર્થક જલસો'માં આવતાં લખાણ વાંચીને સારા વાચનની આશા ગુમાવી બેઠેલા વાચકો ફરી સળવળે- સક્રિય બને. ગુણવત્તા ઝંખતા વાચકો અને નક્કર લખતા લેખકો વચ્ચે નવેસરથી નાતો બંધાય અને ફરિયાદને બદલે બન્ને પક્ષે આનંદ-સંતોષ અનુભવાય, એ જ 'સાર્થક-જલસો'ની સાર્થકતા.

(સાર્થક જલસો, કિંમતઃ રૂ. ૫૦, પાનાંઃ ૧૪૪ સાર્થક પ્રકાશન, ૩, રામવન, ૬૭, નેહરુ પાર્ક, દિલીપ ધોળકિયા માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫, ફોન-૯૮૨૫૨ ૯૦૭૯૬ ઈ-મેઈલઃ spguj2013@gmail.com)

## કન્યાના બાળવિવાહ

**પારુલટીના દોશી**

દદ્યાદગુણવતે કન્યાં નગ્નિકાં બ્રહ્મચારિણે...

બૌધાયન સ્મૃતિના આ શ્લોકનો અર્થ છેઃ નગ્નિકા કન્યાને કોઇ ગુણવાન યુવક સાથે પરણાવવી.[૧]

સ્મૃતિગ્રંથોમાં નગ્નિકા શબ્દના ત્રણ અર્થ જોવા મળે છે. પહેલા અર્થ પ્રમાણે નગ્નિકા એ છે જેનો ઋતુકાળ નિકટ હોય. બીજા અર્થ મુજબ નગ્નિકા એટલે એવી કન્યા જે પરિધાન વિના પણ સુંદર લાગે. અને ત્રીજા અર્થ અનુસાર જે હજુ યુવતી ન થઇ હોય એવી કન્યા એટલે નગ્નિકા, ગૌરી, રોહિણી, કન્યા અને રજસ્વલા તેમાંથી નગ્નિકાને વિવાહ માટે શ્રેષ્ઠ ગણવામાં આવી છે. વશિષ્ઠે નગ્નિકાના વિવાહનું સમર્થન કર્યું છે.  તેમના મતે ઋતુકાળના ભયથી પિતાએ કન્યાની નગ્નિકા અવસ્થામાં તેના વિવાહ કરી દેવા જોઇએ.[૨] મનુ પણ આ વિધાનનું પુનરાવર્તન કરતાં કહે છે કે ઋતુકાળનો ભય હોય તેણે કન્યાને તેની નગ્નિકા વયમાં જ પરણાવી દેવી જોઇએ.[૩] મનુએ તો એવું પણ કહ્યું છે કે જો ઉત્તમ વર મળે તો તેને વિધિ પ્રમાણે કન્યા આપી દેવી, પછી ભલે તે કન્યાની ઉંમર ન થઇ હોય.....[૪]

મનુએ કન્યાની વિવાહયોગ્ય ઉંમર પણ નિર્ધારિત કરી છે. તે અનુસાર ત્રીસ વર્ષના પુરુષે બાર વર્ષની કન્યાને પરણવું અથવા તો ચોવીસ વર્ષના યુવકે આઠ વરસની કન્યા સાથે વિવાહ કરવા.[૫] આમ મનુએ કન્યાની વિવાહવય આઠ વર્ષ અને બાર વર્ષ નિર્ધારિત કરી છે. એ જ રીતે પરાશર અને સંવર્તે પણ કન્યાના વિવાહની વય નક્કી કરી છે. તેમણે કન્યાના ચાર પ્રકાર કહ્યા છે. આઠ વર્ષની ગૌરી, નવ વર્ષની રોહિણી દસ વર્ષની કન્યા અને એથી વધુ વયની રજસ્વલા.[૬] પરાશરના મતે દસ વર્ષની કન્યા કહેવાય છે અને કન્યાના વિવાહ કરવાનું ધર્મશાસ્ત્રમાં કહ્યું છે.[૭] પણ રજ વિનાની હોય તો બાર વર્ષની કન્યાને પણ પરણી શકાય છે. પરંતુ સંવર્તનો મત જુદો છે.તેમના કહેવા પ્રમાણે, કન્યાની વય આઠ વર્ષની હોય એટલે કે તે ઋતુમતી થાય એ પહેલાં જ તેના વિવાહ કરવા જોઇએ.[૮] વેદવ્યાસ અને યાજ્ઞવલ્ક્ય પણ એવું જ માને છે કે, ઋતુકાળ પહેલાં જ કન્યાના વિવાહ કરવા જોઇએ.[૯] એટલે એમ કહી શકાય કે સ્મૃતિકારો કન્યાના બાળવિવાહના હિમાયતી હતા.

સ્મૃતિકારોએ કન્યાના બાળવિવાહ ન કરવામાં આવે તો તેનાં માતાપિતાને જાતજાતના દોષ લાગવાનો ભય દર્શાવ્યો છે.[૧૦] યાજ્ઞવલ્ક્યે એવો ડર બતાડ્યો છે કે જો કન્યાદાનનો અધિકારી કન્યાદાન ન કરે તો કન્યાના પ્રત્યેક ઋતુકાળમાં તેને ભ્રૂણહત્યાનું પાપ લાગે છે.[૧૧] પરાશરના મતે, કન્યાને બારમું વર્ષ બેસે તો પણ જે પિતા તેને પરણાવતો નથી તેના પિતૃઓ તે કન્યાને દર મહિને ઉત્પન્ન થનારા રજનું નિરંતર પાન કરે છે.[૧૨] અને કન્યાને રજસ્વલા થયેલી જોનારા માતા-પિતા તથા મોટો ભાઇ-એ ત્રણે નરકમાં જાય છે.[૧૩] વળી જે મદમોહિત બ્રાહ્મણ એવી કન્યા સાથે વિવાહ કરે તેની સાથે વાત ન કરવાનો તથા તેની પંગતમાં બેસીને ભોજન પણ ન કરવાનો[૧૪] પરાશરે આદેશ આપ્યો છે. તેમણે આવા બ્રાહ્મણને વૃષલી એટલે કે શૂદ્રાનો પતિ કહ્યો છે. એ જ રીતે સંવર્તે એવી ચેતવણી આપી છે કે, માતાપિતા અને મોટો ભાઇ કન્યાને વિવાહપૂર્વે ઘરમાં રજસ્વલા જુએ તો તે ત્રણે નરકગામી થાય છે.[૧૫] બૌધાયને પણ એમ જ કહ્યું છે કે, રજસ્વલા કન્યાને પિતાના ઘરમાં રાખવાથી દોષ લાગે છે. જે પિતા ઋતુમતી કન્યાને ત્રણ વર્ષ સુધી પરણાવતો નથી તેને ભ્રૂણહત્યાનું પાપ લાગે છે તેમાંકોઇ શંકા નથી.[૧૬] નારદ કહે છે કે કન્યાએ પોતાનું ઋતુ પ્રારંભ થવાની સૂચના સંબંધીઓને આપવી જોઇએ. તે પછી કન્યાના વિવાહ યોગ્ય વર સાથે ન કરે તો સંબંધીઓ ભ્રૂણહત્યાના પાપી બનશે.[૧૭]

આ પ્રકારની ચેતવણીઓને પગલે પાપના ભાગી ન બનવું પડે એ હેતુથી સ્મૃતિકાલીન માતાપિતા કન્યાના બાળવિવાહ કરી દેતાં. આ સિવાય બીજું પરિબળ પણ કન્યાના બાળવિવાહ માટે જવાબદાર હતું. તે હતું કન્યાને ઉપનયનની મનાઇ. એ વિશે ડૉ.લતા સિંહલે 'ભારતીય સંસ્કૃતિ મેં નારી'માં નોંધ્યું છે કે, 'કન્યાના ઉપનયન પર પ્રતિબંધ મૂકવાનું સૌથી ખરાબ પરિણામ એ આવ્યું કે તેની વિવાહવય ઘટાડીદેવામાં આવી. ઋતુમતી થતાં પહેલાં કન્યાના વિવાહ કરી દેવા સમાજમાં પ્રશંસનીય મનાવા લાગ્યું. સ્મૃતિકારોએ તો કન્યાની વિવાહવયમાં એકદમ ઘટાડો કરી નાખ્યો. આઠ, નવ કે દસ વર્ષની કન્યા વિવાહ યોગ્ય ગણાવા લાગી. પછી તો નગ્નિકા અર્થાત્ ચાર વર્ષની કન્યને પરણાવવાની હોડ ચાલી. આમ ઉપનયનના અભાવે કન્યાના બાળવિવાહની પ્રથાને વેગ

મળ્યો.'[૧૮] આ વિધાનમાં સૂર પુરાવતાં ડૉ.એ.એસ. અલ્તેકરે 'પ્રાચીન ભારતમાં શિક્ષણ'માં લખ્યું છે કે, ''વૈદિક કાળમાં કન્યાનાં લગ્ન ૧૬મા કે ૧૭મા વર્ષે થતાં. પણ ઇ.સ. પૂર્વે ૫૦૦ સુધીમાં તેમને ઋતુકાળ પછી તરત જ પરણાવવાનો રિવાજ શરૂ થયો. છતાં આ કાળના ધર્મગ્રંથો, જો કન્યા માટે યોગ્ય વર ન મળે તો લગ્નવયને ૧૬મા કે ૧૭મા વર્ષ સુધી લઇ જવાનું કહે છે. પરંતુ સ્મૃતિકાળના યાજ્ઞવલ્ક્ય, સંવર્ત અને યમ જેવા સ્મૃતિકારોએ કન્યાને ઋતુકાળ પહેલાં ન પરણાવનાર પિતાની ખૂબ નિંદા કરી છે. અંતિમ સ્મૃતિઓએ તો કન્યાનાં લગ્ન સાત, આઠ કે નવ વર્ષની ઉંમરે થાય તેની પ્રશંસા કરી છે.''[૧૯]

લગભગ તમામ સ્મૃતિકારો કન્યાના બાળવિવાહ અંગે એકમત છે. એ સહુ કન્યાના બાળવિવાહને એક અવાજે વધાવે છે. તેનું કારણ જણાવતાં ડૉ.રાજીવ નયને 'યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ કા વ્યાવહારિક એવં સૈદ્ધાન્તિક પક્ષ'માં લખ્યું છે કે, 'કન્યા મોટી ઉંમરની હોય ત્યારે તે પોતાના મનમાં ભાવિ પતિ વિશે કાલ્પનિક ચિત્ર તૈયાર કરે છે. પણ તેને પોતાની કલ્પના પ્રમાણેનો પતિ ન મળે તો તેનું દાંપત્જીવન ડામાડોળ થઇ શકે છે. પરિવારમાં તણાવ ઊભો થઇ શકે છે. પરંતુ જો કન્યાની વય ઓછી હોય તો આ પ્રકારની પરિસ્થિતિ સર્જાવાની શક્યતા રહેતી નથી. ઓછી ઉંમરે કન્યાના માનસમાં ભાવિ પતિનું ચિત્ર અંકિત થયું હોતું નથી. એટલે વિવાહ પછી એને પતિને અનુકૂળ થતાં ઝાઝો સમય લાગતો નથી. એટલે બાળવિવાહ લાભદાયક સિદ્ધ થાય છે. એવી માન્યતાને આધારે સ્મૃતિકારોએ નાની વયમાં કન્યાના વિવાહ કરવાની હિમાયત કરી છે.'[૧૯]

આમ, વિવિધ કારણોસર સ્મૃતિકાળમાં કન્યાના બાળવિવાહની પ્રણાલીને પ્રોત્સાહન મળ્યું. કન્યાને નાની વયમાં પરણાવવાનો જુવાળ ઊભો થયો. પરંતુ ક્યારેક એવું બનતું કે યોગ્ય વર ન મળવાને કારણે કે કોઇ અન્ય કારણસર ઋતુમતી થતાં સુધીમાં કન્યાના વિવાહ ન થઇ શકતા. આવા સંજોગોમાં કન્યાએ શું કરવું તેનું માર્ગદર્શન પણ સ્મૃતિકારોએ કર્યું છે. મનુ કહે છે કે ઋતુમતી કન્યા ત્રણ વર્ષ સુધી રાહ જુએ અને પછી પોતે જ યોગ્ય વર મેળવી લે.[૨૧] આ રીતે કન્યા સ્વયં પતિ પ્રાપ્ત કરે તો તે વરકન્યાને કશું જ પાપ લાગતું નથી.[૨૨]મનુ આ રીતે વિવાહકરનાર કન્યાને સલાહ આપે છે કે તેણે માતા-પિતા કે ભાઇ પાસેથી ઘરેણાં ન લેવાં. જો લઇ જાય તો તે ચોરઠરે છે.[૨૩] મનુએ વરને એવી શિખામણ આપી છે કે તેણે કન્યાના પિતાને કોઇ મૂલ્ય ન આપવું, કેમ કે કન્યાનો ઋતુકાળ રોકવાથી પિતાની કન્યા પરની માલિકી દૂર થાય છે.[૨૪] આમ, મનુએ કન્યાને સ્વયં વર પસંદ કરવાનો અધિકાર આપ્યો છે.

મનુની જેમ અન્ય સ્મૃતિકારોએ પણ કન્યાને જાતે જ વર શોધી લેવાની છૂટ આપી છે. યાજ્ઞવલ્ક્યે કહ્યું છે કે, જો કન્યાદાન કરનાર કોઇ જ ન હોય તો કન્યાએ યોગ્ય વરનું સ્વયં વરણ કરી લેવું જોઇએ.[૨૫] ગૌતમે પણ સૂર પુરાવતાં કહ્યું છે કે, કન્યા ત્રણ વાર ઋતુમતી થવા છતાં તેના વિવાહ ન કરવામાં આવે તો તે કન્યા પોતાનાં આભૂષણ ઘરમાં મૂકી દે અને પછી કોઇ યોગ્ય વર સાથે વિવાહ કરી શકે છે. વિષ્ણુ પણ એવો જ મત ધરાવે છે. તે કહે છે કે, ત્રણ ઋતુ પછી કન્યા સ્વયં વરણ કરે કારણ કે ત્રણ ઋતુ પછી કન્યાને પોતાના માટે વર પસંદ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.[૨૬] બૌધાયન કહે છે કે, ઋતુમતી કન્યા માટે ગુણવાન વર ન મળે તો કોઇ ગુણહીન પુરુષને તેનું દાન કરી દેવું જોઇએ.[૨૭] પણ પિતા કોઇ કારણસર કન્યાદાન ન કરી શકે તો કન્યાએ માત્ર ત્રણ વર્ષ સુધી પિતાને આધીન રહેવું, પછી ચોથા વર્ષે તેણે પોતાને માટે યોગ્ય હોય તેવો પતિ સ્વયં પ્રાપ્ત કરવો. એ યોગ્ય પતિ ન મળે તો ગુણહીન પતિનું વરણ કરી લેવું જોઇએ.[૨૮] જોકે મનુ આ સૂચન સાથેસંમત નથી. એ કહે છે કે, ઋતુમતી કન્યાને ગુણવાન પતિ ન મળે તો ભલે તે આજીવન પિતાને ઘેર રહે, પણ તેને ગુણહીન વરને કદી ન આપવી.[૨૯] આમ મનુએ યોગ્ય વર ન મળે તો કન્યાને જીવનભર કુંવારા રહેવાની મોકળાશ પણ આવી છે.

એક બાજુ મનુ કન્યાના બાળવિવાહની હિમાયત કરે છે, પણ બીજી બાજુ ગુણવાન વર ન મળે તો કન્યાને આજીવન અપરિણીત રહેવાની છૂટ પણ આપે છે, એ મનુનું પ્રશંસાપાત્ર પગલું છે!

**સંદર્ભ:**


૧. दद्याद्गुणवते कन्यां नग्निकां ब्रह्मचारिणे ।

बौधायन स्मृति, बीस स्मृतियां, पंडित श्रीराम शर्मा आचार्य, पृ. ४८

નગ્નિકા કન્યાને ગુણવાન બ્રહ્મચારી સાથે પરણાવવી.

૨. स्मृति साहित्यमें गृहस्थाश्रम एक विवेचन, अतिया दानिश, पृ. १४९।

૩. प्रयच्छन्नग्निकां कन्यामृतुकालभयान्वितः।

मनुस्मृति ९.८।

ઋતુકાળના ભયવાળાએ કન્યાને તેની નગ્નિકા વયમાં જ પરણાવી દેવી.

૪. उत्कृष्टायाभिरुपाय वराय सदृशाय च।

अप्राप्तामपि तां तस्मै कन्यां दद्याद्ययाविधि ॥

मनुस्मृति ९.८८

ઉત્કૃષ્ટ, સુંદર અને યોગ્ય એવો વર મળી આવે તો તેને વિધિ પ્રમાણે કન્યા આપી દેવી-પછી ભલે તે કન્યા ઉંમરે ન આવી હોય.

૫. त्रिशंद्वर्षो वहेत्कन्यां हृद्यां द्वादशवार्षिकीम्।

त्र्यष्टवर्षोडष्टवर्षां वा धर्मे सीदति सत्वरः॥

मनुस्मृति ९.९४

ત્રીસ વર્ષના પુરુષે બારવર્ષની મનગમતી કન્યા પરણવી અથવા ચોવીસ વર્ષનાએ આઠ વર્ષની કન્યા વરવી.

૬. अष्टवर्षा भवेद्गौरी नववर्षा तु रोहिणी।

दश वर्षा भवेत्कन्या अत ऊर्ध्वं रजस्वला ॥

पराशर स्मृति ७.४

આઠ વર્ષની ગૌરી, નવ વર્ષની રોહિણી, દસવર્ષની કન્યા અને તે પછીની રજસ્વલા કહેવાય છે.

૭. પરાશર સ્મૃતિ, પ્રાણજીવન હરિહર શાસ્ત્રી (ભાષાંતરકર્તા), પૃ. ૧૨૫

૮. तस्माद्विवाहयेत कन्यां यावन्नर्तुमती भवेत्।

विवाहोडष्टमवर्षाया: कन्यास्तु प्रशस्यते।

संवर्त स्मृति, बीस स्मृतियां पंडित, श्रीराम शर्मा आचार्य, पृ. १६०

કન્યા ઋતુમતી થાય તે પહેલાં જ તેના વિવાહ કરવા જોઇએ. કન્યાના વિવાહ આઠ વર્ષની આયુમાં જ પ્રશસ્ત મનાયા છે.

૯. याज्ञवल्क्य स्मृति का व्यवहारिक एवं सैद्धान्तिक पक्ष, डॉ. राजीव नयन, पृ. १३४.

૧૦. ऋतुमत्यां हि तिष्ठन्त्यामेनो दातारमृच्छति।

मनुस्मृति ९.८८

ઋતુમતી કન્યાનું દાન કરનારને પાપ લાગે છે.

૧૧. अप्रयच्छन्समाप्नोति भूणहत्यामृतावृतौ।

याज्ञवल्क्य स्मृति, ३.६४

કન્યાદાનનો અધિકારી કન્યાદાન ન કરે તો કન્યાના પ્રત્યેક ઋતુકાળમાં તેને ભ્રૂણહત્યાનું પાપ લાગે છે.

૧૨. प्राप्ते तु द्वादशे वर्षे यः कन्यां न प्रयच्छति।

मासि मासि रजस्तस्यां पिबन्ति पितरोडनिशम्॥

पराशर स्मृति ७.५

કન્યાને બારમું વર્ષ બેસે તો પણ જે પિતા કન્યાને પરણાવતો નથી તેના પિતૃઓને કન્યાના દર મહિને ઉત્પન્ન થનારા રજનું નિરંતર પાન કરે છે.

૧૩. माता चैव पिता चैव ज्येष्ठो भ्राता तथैव च।

त्रयस्ते नरकं यान्ति दृष्ट्वा कन्यां रजस्वलाम्।

पराशर स्मृति ७.६

કુમારિકાને રજસ્વલા થયેલી જોનારા માબાપ તથા મોટો ભાઇ-એ ત્રણે નરકમાં જાય છે.

૧૪. यस्तां समुद्वहेत्कन्यां ब्राह्मणो मदमोहितः।

असंभाष्यो झपाडकेयः स विप्रो वृषकीपतिः।

पराशर स्मृति ७.७

જે મદમોહિત બ્રાહ્મણ એવી કન્યા સાથે વિવાહ કરી તેની સાથે ભાષણ કરવું નહીં અને તેની પંક્તિમાં બેસીને ભોજન પણ કરવું નહીં તે બ્રાહ્મણ વૃષલીપતિ કહેવાય છે.

૧૫. चैव पिता चैव ज्येष्ठोभ्रता तथैवचा।

नमस्ते नरकं यान्ति दृष्टा कन्यां रजस्वलाम्।

संवर्त स्मृति, बीस, स्मृतियां, पंडित श्रीराम शर्मा, आचार्य, पृ. १६०

માતાપિતા અને તેનો મોટો ભાઇ- આ ત્રણ કન્યાને વિવાહપૂર્વે ઘરમાં રજસ્વલા જુએ તો નરકગામી થાય છે.

૧૬. त्रीणिं वर्षाण्यृतुमती यः कन्यां न प्रयच्छति।

स तुल्यं भ्रूणहत्यायै दोषमृच्छत्यसंशयम्।

बौधायन स्मृति, बीस स्मृतियाँ, पंडित श्रीराम शर्मा आचार्य, पृ. ४४८।

ત્રણ વર્ષ સુધી જે પોતાની કન્યાને આપતો નથી

તેને ભ્રૂણહત્યાનું પાપ લાગે છે તેમાં શંકા નથી.

૧૭. याज्ञवल्क्य स्मृति का व्यवहारिक एवं सैद्धान्तिक पक्ष, पृ. १३५

૧૮. भारतीय संस्कृति में नारी, डॉ. लता सिंहल, पृ. १३९.

૧૯. પ્રાચીન ભારતમાં શિક્ષણ, ડૉ. એ.એસ. અલ્તેકર, અનુવાદઃ પ્રા. ડોલરરાય માંકડ, પૃ. ૧૭૯, ૧૮૦.

૨૦. याज्ञवल्क्य स्मृति का व्यवहारिक एवं सैद्धान्तिक पक्ष, पृ. १३४, १३५.

૨૧. त्रीणी वर्षाण्युदीक्षेत कुमार्युतुमती सती ।
ऊर्ध्वं तु कालदेतस्माद्विन्देत सदृशं पतिम् ॥

मनुस्मृति ९.९०

ઋતુમતી કુમારિકા ત્રણ વર્ષ સુધી રાહ જુએ. પછી તેણે પોતે જ લાયક વર મેળવી લેવો.

૨૨ अदीयमाना भर्तारमधिगच्छेद्यदि स्वयम् ।
नैनः किंचिदवाप्नोति न चयं साडधिगच्छति ॥

मनुस्मृति ९.९१

સમય થયા છતાં કોઇને ન દેવાતી કન્યા પોતે જ પતિ મેળવી લે, તો તે કન્યાને તેમ જ તેને જે પરણે તેને કશું જ પાપ લાગતું નથી.

૨૩. अलंकार नाददीत पित्र्यं कन्या स्वयंवरा
मातृकं भ्रातृदत्तं वा स्तेना स्याद्यदि तं हरेत् ॥

मनुस्मृति ९.९२

એ રીતે ઇચ્છાવર કન્યાએ પિતા, માતા અથવા ભાઇ તરફનાં ઘરેણાં ન લેવાં. જો તે લઇ જાય તો ચોર ઠરે છે.

૨૪. पित्रे न दद्याच्छुल्क ं तु कन्यामृतुमतीं हरन् ।
स हि स्वाम्यादतिकामेदृतूनां प्रतिरोधनात् ॥

मनुस्मृति ९.९३

ઋતુમતી થતી કન્યાને લઇ જનારે કન્યાના પિતાને મૂલ્ય આપવું નહીં, કેમ કે તે કન્યાના ઋતુકાળને રોકવાથી કન્યા ઉપરનું તે પિતાનું સ્વામીપણું જતું રહે છે.

૨૫. गम्यं त्वभावे दातृणां कन्याकुर्यास्वयं वरम् ॥

याज्ञवल्क्य ३.६४

કન્યાદાન કરનાર કોઇ જ ન હોય તો કન્યાએ યોગ્ય વરનું સ્વયં વરણ કરી લેવું જોઇએ.

૨૬. स्मृति साहित्य में गृहस्थाश्रम- एक विवेचन, पृ. १५०

૨૭. अपि वा गुणहीनाय नोपरुन्ध्याद्रजस्वलाम् ।
बोधायन स्मृति, बीस स्मृतियां, पंडित श्रीराम शर्मा आचार्य, पृ. ४४८

જો કોઇ ગુણયુક્ત વર ન મળે અને કન્યા રજસ્વલા થઇ ગઇ હોય તો કોઇ ગુણહીન પુરુષને તેનું દાન કરી દેવું.

૨૮. त्रीणी वर्षाण्यृतुमती कांक्षेत पितृशासनम् । तत श्च तुर्थे वर्षे तु विन्देत सदृशं पतिम् ।
अविद्यमाने सदृशे गुणहीनमपि श्रयेत् ।
बौधायन स्मृति, बीस स्मृतियां, पृ. ४४८

ઋતુમતી કન્યાએ ત્રણ વર્ષે સુધી પિતાના શાસનન્માં રહેવું ચોથા વર્ષમાં તેણે પોતાને યોગ્ય વર સ્વયં પ્રાપ્ત કરી લેવો જોઇએ જો યોગ્ય વર ન મળે તો ગુણહીન પતિનું વરણ કરી લેવું.

૨૯. काममाभरणात्तिष्ठेद् गृहे कन्यातुर्मत्यपि ।
न चैवेनां प्रयच्छेतु गुणहीनाय कर्हिचित् ॥

मनुस्मृति ९.८९

કન્યા ઋતુમતી થતી હોય તોયે ભલે તે મરણ સુધી ઘેર રહે, પણ તેને ગુણધીન વરને કદી ન આપવી.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલોઃ૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઇકાકા સ્ટૅચ્યુ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫)

## HUMAN GENETIC DISORDERS-AN OVERVIEW

**Kundankumar Mishra**

A genetic disorder is a disease caused by abnormalities in an individual's genetic material or genome. Advances in the knowledge of molecular genetics, cytogenetic and biochemical genetics have led to availability of diagnostic tests for various genetic disorders. The most important application is use of this new technology in prenatal diagnosis for lethal, incurable and chronic disabling genetic diseases. In Utero, diagnosis has become a main option for parents who come for genetic counseling. Prenatal diagnosis offers prospective parents the assurance of having an unaffected child, when the risk of having an effected one is high. Clinical genetics is one of the most rapidly advancing fields in medicine. Much of its progress has been propelled by recent advances in molecular genetics. A major contribution of these advances has been in the areas of prevention and avoidance of disease. Genetics cut through all medical subspecialties has pivotal role to play in reproductive health[1].

Common genetic disorders of today's concern are Thalessemia, Sickle cell anemia, haemophilia, Muscular dystrophy, Cystic fibrosis, Phenylketonuria, colour blindness, albinism, some neurological disorders like Alzheimer, Huntingston diseases and Parkinsons etc. There is no permanent treatment for such disorders. Because of advancement in new genetic technologies the prenatal diagnosis of these disorders prevents birth of affected children and reducing the burden on the family and the society. In this article we will try to thraw some light on few of these diseases.

### CAUSES OF GENETIC DISORDER

Gene mutations can be either inherited from a parent or acquired. A hereditary mutation is a mistake that is present in the DNA of virtually all body cells. Hereditary mutations are also called germ line mutations because the gene change exists in the reproductive cells and can be passed from generation to generation, from parent to newborn. Moreover, the mutation is copied every time body cells divide. Mutations occur all the time in every cell in the body. Each cell, however, has the remarkable ability to recognize mistakes and fix them before it passes them along to its descendants. But a cell's DNA repair mechanisms can fail, or be overwhelmed, or become less efficient with age. Over the time, mistakes can accumulate which manifest in the disease [1].

### MUTATIONS

1. Single Gene Mutations- Changes or mutations that occur in the DNA sequence of one gene. More than 6,000 single-gene disorders (about 1 out of every 200 births) are known. e.g. cystic fibrosis , sickle cell anemia ,Marfan syndrome , Huntington's disease.
2. Multifactorial-Combination of environmental factors and mutations in multiple genes. e.g. heart disease, high blood pressure, Alzheimer's disease ,arthritis, diabetes, cancer, obesity.
3. Chromosomal-Abnormalities in chromosome structure such as missing or extra copies or gross breaks and rejoicings (translocations). e.g. Down syndrome, Turner syndrome.
4. Mitochondrial-Rare type of genetic disorder is caused by mutations in the non-chromosomal DNA of mitochondria [2].

### SOME IMPORTANT HEREDITARY DISEASES

### 1. SICKLE CELL ANEMIA

**Introduction**

An inherited, chronic disease in which the red blood cells, normally disc-shaped, become crescent shaped. As a result, they function abnormally and cause small blood clots. These clots give rise to recurrent painful episodes called "sickle cell pain crises". Sickle cell disease is most commonly found in African American populations. This disease was discovered over 80 years ago, but has not been given the attention it deserves.

Recent research in biology has connected known "disease genes" first to specific sites on specific chromosomes, and then to the altered proteins these genes specify in the organism. Hemoglobin is a prime example; it is the well known protein that carries oxygen in the red blood cell. The hemoglobin protein is made of four polypeptide chains: 2 alpha chains (141 amino acids long and 2 beta chains (146 amino acids long). Hence there is a gene for the alpha globin peptide chain and another gene for the beta globin peptide chain. There are many known mutations in the HBB gene (beta globin gene) leading to a variety of inherited diseases. The genetic disease sickle cell anemia is one in which the genetic code is altered such that the amino acid in position six is replaced by another amino acid [3].

**Clinical features**

The signs and symptoms of sickle cell anemia are different in each person. Some people have mild symptoms. Others have very severe symptoms and are often hospitalized for treatment. Although sickle cell anemia is present at birth, many infants don't show any signs until after 4 months of age. The most common signs and symptoms are linked to anemia and pain. Other signs and symptoms are linked to some of the complications of the condition.

The general signs and symptoms of anemia are fatigue (tiredness), pale skin and nail beds, jaundice (yellowing of the skin and eyes), and shortness of breath. Pain (Sickle Cell Crisis). Sudden episodes of pain throughout the body are a common symptom of sickle cell anemia and are often referred to as “sickle cell crises.” A sickle cell crisis occurs when the red blood cells sickle (become “C” shaped) and stick together in clumps. The clumps block the flow of blood through the small blood vessels (capillaries) in the limbs and organs. Sickle crises can cause acute or chronic pain. Acute pain is the most common type. This is sudden pain that can range from mild to very severe. The pain usually lasts from hours to a few days. Chronic pain usually lasts for weeks to months. Chronic pain can be hard to bear and mentally draining. This pain may severely limit daily activities. Almost all people with sickle cell anemia have painful crises at some point in their lives. Some have a crisis less than once a year. Others may have 15 or more crises in a year.

**Treatments**

Effective treatments are available to help relieve the symptoms and complications of sickle cell anemia, but in most cases there’s no cure. The goal is to relieve the pain; prevent infections, eye damage, strokes and control complications if they occur. Painkiller medicine: acetaminophen, nonsteroidal anti-inflammatory drugs (NSAIDs), and narcotics such as meperidine, morphine, oxycodone, and etc can be administered. Under acute circumstances Heating pads, Hydroxyurea, Folic Acid treatment and Blood Transfusions are the few option available.

## 2. CYSTIC FIBROSIS

**Introduction**

Cystic fibrosis is a heterogeneous recessive genetic disorder with features that reflect mutations in the cystic fibrosis transmembrane conductance regulator (CFTR) gene. Heterozygous carriers (those who have inherited only one copy of the altered gene) are asymptomatic. Two altered genes must be present for CF to appear. This means that if both parents are CF carriers, their offspring would only express CF symptoms if they had inherited one defective copy of the CFTR gene from each parent[4].

**Clinical features**

Classic cystic fibrosis is characterized by chronic bacterial infection of the airways and sinuses, fat maldigestion due to pancreatic exocrine insufficiency, infertility in males due to obstructive azoospermia, and elevated concentrations of chloride in sweat. Patients with non classic cystic fibrosis have at least one copy of a mutant gene that confers partial function of the CFTR protein, and such patients usually have no overt signs of maldigestion because some pancreatic exocrine function is preserved. Cystic fibrosis (CF) is a chronic, progressive, and frequently fatal genetic (inherited) disease of the body's mucus glands. CF primarily affects the respiratory and digestive systems in children and young adults. Sweat glands and the reproductive system also are usually involved. On average, individuals with CF have a lifespan of about 30 years.

**Treatment**

The only way to cure CF would be to use gene therapy to replace the defective gene or to give the patient the normal form of the protein before symptoms cause permanent damage. The major goal in treating CF is to clear the abnormal and excess secretions and control infections in the lungs, and to prevent obstruction in the intestines. For patients with advanced stages of the disease, a lung transplant operation may be necessary. Although treating the symptoms does not cure the disease, it can greatly improve the quality of life for most patients and has, over the years, increased the average life span of CF patients to 30 years. Due to pancreatic disorders, children with CF require a modified diet, including vitamin supplements (vitamins A, D, E, and K) and pancreatic enzymes. Maintaining adequate nutrition balance is essential. The diet which is typically low in fat and high in protein is preferred. Patients or their caregivers should consult with their health care providers to determine the most appropriate diet. CF once was always fatal in childhood. Better treatment methods developed over the past 20 years have increased the average lifespan of CF patients. At present, neither gene therapy nor any other kind of treatment exists for the basic causes of CF, although several drug-based approaches are being investigated.

## 3. MUSCULAR DYSTROPHY COMMONLY CALLED DUCHENNE MUSCULAR DYSTROPHY (DMD)

**Introduction**

Muscular dystrophy is a disease caused due to the deletion of dystrophin gene present on the X chromosome (expressed under X-linked recessive condition) hence males and females both are affected. In this disease muscles of the body get weaker and weaker and slowly stop working because of a lack of a certain protein. It can be passed on by one or both parents, depending on the form of MD and therefore it is autosomal dominant and recessive type of disease [5].

**Clinical Features**

Progressive muscle weakness, Mainly in a wheelchair by early teens, Respiratory muscles eventually involved, Death usually in late teens, early twenties. Affected boys stand up by bracing their arms against their legs (Gower’s manoeuvre) because their

proximal muscles are weak.

**Treatment**

The only way to cure DMD would be to use gene therapy to replace the defective gene or to give the patient the normal form of the protein before symptoms cause permanent damage.

**4. ALZHEIMER'S DISEASE**

**Introduction**

Alzheimer's disease (AD), also known as Senile Dementia of the Alzheimer Type (SDAT) or simply Alzheimer's is the most common form of dementia. This incurable, degenerative, terminal disease was first described by a German psychiatrist and neuropathologist Alois Alzheimer in 1906 and was named after him. Many scientists believe that Alzheimer's disease results from an increase in the production or accumulation of a specific protein (beta-amyloid protein) in the brain that leads to nerve cell death [5].

**Clinical features:**

Alzheimer's disease (AD) is a slowly progressive disease of the brain that is characterized by impairment of memory and eventually by disturbances in reasoning, planning, language, and perception.

Generally, it is diagnosed in people over 65 years of age, although the less-prevalent early onset of Alzheimer's can occur much earlier. In 2006, there were 26.6 million sufferers worldwide. Alzheimer's is predicted to affect 1 in 85 people globally by 2050.

Treatment- Although there is currently no way to cure Alzheimer's disease or stop its progression, researchers are making encouraging advances in Alzheimer's treatment, including medications and non-drug approaches to improve symptom management.As per the recent reports a novel molecule designed by a Purdue University researcher to stop the debilitating symptoms of Alzheimer's disease has been shown in its first phase of clinical trials to be safe and to reduce biomarkers for the disease. The molecule, called a beta secretase inhibitor, prevents the first step in a chain of events that leads to amyloid plaque formation in the brain. This plaque formation creates fibrous clumps of toxic proteins that are believed to cause the devastating symptoms of Alzheimer's. Researchers at Mount Sinai School of Medicine have found that a compound called NIC5-15, might be a safe and effective treatment to stabilize cognitive performance in patients with mild to moderate Alzheimer's disease.

**Methods for the diagnosis of genetic disorders:**

Following techniques are used for genetic testing of hereditary disease

1. Direct examination of the DNA molecule itself.
2. Biochemical tests for gene products such as enzymes and other proteins.
3. Microscopic examination of stained or fluorescent chromosomes.

In our country it is important to prevent birth of a child with a malformation of genetic disease thus reducing the socio-economic burden of a handicapped child. Moreover if the normality of a fetus is ensured, it is likely that the parents will limit the number of pregnancies, so that they will more readily accept family planning process [6].

**REFERENCES**


[1] Badano, J. L., & Katsanis, N. Beyond Mendel: An evolving view of human genetic disease transmission. Nature Reviews Genetics 3, 779–789 (2002).

[2] Jackson, John F Genetics and You. Totowa, NJ: Humana Press, 1996. Basic principles of genetics, genetic counseling, and prenatal testing.

[3] Abbadi, N., et al. Additional case of female monozygotic twins discordant for the clinical manifestations of Duchenne muscular dystrophy due to opposite X-chromosome inactivation. American Journal of Medical Genetics 52, 198–206 (1994).

[4] Guggino, W. B., & Stanton, B. A. New insights into cystic fibrosis: Molecular switches that regulate CFTR. Nature Reviews Molecular Cell Biology 7, 426–436 (2006).

[5] Antonarakis, S. E., & Beckmann, J. S. Mendelian disorders deserve more attention. Nature Reviews Genetics 7, 277–282 (2006).

[6] Baker, Catherine. Your Genes, Your Choices. Washington, DC: American Association for the Advancement of Science, 1997. A clear introduction to the ethical, legal, and social issues raised by genetic research.



(Assistant Professor in Biotechnology,
N. V. Patel College of Pure and Applied Sciences,
Vallabh Vidyanagar 388120 M:09426543818)

# વાસંતિક વમનઃ શ્રેષ્ઠ ઋતુની શ્રેષ્ઠ ચિકિત્સા

**હિમાંશુ ફુલતરિયા[1], નેહા ડોલાસિયા[1], એમ.સરદેશપાંડે[2], બિપીન સાવંત[3]**

આયુર્વેદ એક મહાન પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે, જે આપણને ઋષિઓ દ્વારા પ્રાપ્ત થઇ. આયુર્વેદ એટલે નિરોગી જીવન જીવવાની કળા. આયુર્વેદનો મુખ્ય હેતુ કાયમ એ જ રહ્યો છે કે સ્વસ્થ વ્યક્તિને સ્વસ્થ રાખવો અને રોગીને રોગમુક્ત કરી સ્વસ્થ બનાવવો. આથી જ કહેવાય છે કે પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોર. જેવી રીતે સોમ(ચંદ્ર) અને સૂર્ય પ્રકૃતિનું સમતોલન (સંતુલન) જાળવે છે તેવી જ રીતે આયુર્વેદશાસ્ત્રમાં પણ વાત, પિત અને કફ દોષ શરીરનું સંતુલન જાળવે છે. આ સંતુલન શરીરને સ્વસ્થ બનાવે છે તેમજ આ દોષોનું અસમતોલન રોગ ઉત્પન્ન કરે છે.

આ ત્રણ દોષનું સમતોલન રાખવું એને જ ચિકિત્સા કહેવાય છે. આ ચિકિત્સા આયુર્વેદમાં બે પ્રકારની દર્શાવેલી છે. ૧. દોષોને શરીરમાં સ્વસ્થાને શમન કરાવની ચિકિત્સા, ૨. વૃદ્ધિ પામેલા દોષોને શરીરના પ્રાકૃતિક માર્ગથી બહાર કાઢી નાખવાની ચિકિત્સા, જે શ્રેષ્ઠ છે. આ ચિકિત્સાને પંચકર્મ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પંચકર્મ ચિકિત્સામાં વમન, વિરેચન, બસ્તિ, નસ્ય અને રક્તમોક્ષણ વિધિનો સમાવેશ થાય છે.

આજે આપણે માત્ર વમનવિધિ વિશે વાત કરીશું. પરંતુ આ વિધિ વિશે જાણતાં પહેલાં, આ ચિકિત્સાની શરીરને શા માટે જરૂર પડે એ જાણવું અગત્યનું છે. સામાન્ય રીતે આપણે ઋતુ મુજબ આહાર-વિહાર કરીએ છીએ. તે પ્રમાણે ઋતુ પરિવર્તન થતાં આહાર-વિહાર બદલીએ છીએ. બે ઋતુ વચ્ચેનો પરિવર્તનનો સમય ઋતુ સંધિ કહેવાય, જેમાં દોષો અસ્થિર થવાની શક્યતા વધી જાય છે, પરિણામે રોગ થઇ શકે છે. આવા રોગોની સારવાર માટે પંચકર્મ પ્રભાવી છે. જેવી રીતે ડેમમાંથી ઓવરફ્લો થયેલું પાણી ચારેબાજુ પ્રસરી જાય છે તેવી જ રીતે ઋતુસંધિના કાળ દરમિયાન આપણા શરીરમાં પાછલી ઋતુના પ્રભાવને લીધે વધેલા દોષો રોગ ઉત્પન્ન કરવામાં સક્ષમ હોય છે. આ ઘટના વસંતઋતુ દરમિયાન કફ દોષની સાથે બને છે.

શિયાળાની ઋતુ દરમિયાન આપણે સ્નિગ્ધ, ભારે ખોરાક (અડદિયા, વસાણા, ખજૂરપાક વગેરે) લઇએ છીએ જેથી શરીરને બળ મળવાની સાથે કફ દોષ પણ વધે છે. આ વધેલો કફ દોષ વસંતમાં ઓગળે છે જેથી શ્વાસના રોગો, અપચો, અરુચિ થાય છે. સ્વાભાવિક રીતે આપણને બધાને થાય કે જે રીતે સંપૂર્ણ ભરાયેલા ડેમના દરવાજા ખોલી નાખીએ તો ડેમ તૂટવાનો કે ઓવરફ્લો થવાનો ભય જ નથી તેમજ પાણી ને યોગ્ય માર્ગ મળે છે. આપણા શરીરમાંથી કફદોષને બહારકાઢવાનો શ્રેષ્ઠ દરવાજો વમન છે, જેના દ્વારા શરીરમાંથી વધેલા કફ દોષને કાઢી નખાતા કફજ રોગથી બચી શકાય છે.

આ વમનની ચિકિત્સા વસંતઋતુમાં શ્રેષ્ઠ લાભ આપે છે એટલે જ તેને વાસંતિક વમન કહેવામાં આવે છે. વમન ચિકિત્સા લેવાથી કફવૃદ્ધિથી થતા રોગો જેવા કે જૂની શરદી, સૂકી અથવા કફની લાંબા સમયથી રહેતી ખાંસી, શ્વાસને લગતા રોગો, અપચો, ખોરાકની અરુચિ, ઉબકાની તકલીફો, ઉલટી, ચામડીના રોગો, વધુ પડતી ઊંઘ, આળસ, થાક જેવા ઘણા બધા રોગોથી બચી શકાય છે. આ ચિકિત્સા તંદુરસ્ત તેમજ બીમાર બંને પ્રકારના વ્યક્તિઓ માટે છે.

આ વમન ચિકિત્સા અંતર્ગત સ્નેહન, સ્વેદન, પથ્યાપથ્ય જેવી વિધિઓનો સમાવેસ થાય છે. જેમાં ૩ થી ૭ દિવસ સુધી ઔષધિયુક્ત ઘી પીવડાવવામાં આવે છે. ત્યાર પછી ફૂલ બોડી મસાજ (માલીસ) અને સ્ટીમ બાથ (ઔષધિયુક્ત પાણીની વરાળથી શેક) ૨ થી ૩ દિવસ કરવામાં આવે છે.

આ પૂર્વકર્મ કર્યા પછી દિવસે સવારે વમન ઔષધ પીવડાવવામાં આવે છે જેનાથી ઉલટી કરાવવામાં આવે છે અને આ પ્રક્રિયા ૪૫ મિનિટથી ૧ કલાક સુધી ચાલે છે. હવે વમન થઇ ગયા પછી પશ્ચાત કર્મના ભાગરૂપે સુનિયોજિત ડાયેટ પ્લાન(આહાર ક્રમ)નું પાલન કરાવવામાં આવે છે.

આ વિશેષ આહાર ક્રમ દ્વારા શરીરને બાળ પ્રાપ્ત થાય છે અને પાછું રોજિંદું જીવન શરૂ કરી શકાય છે. (આ સંપૂર્ણ પ્રક્રિયામાં ફક્ત એક દિવસ માટે હોસ્પિટલમાં દાખલ થવું અનિવાર્ય છે.)

આ વાસંતિક વમન ચિકિત્સા શરીરને બળપ્રદાન કરનારી તથા આવનારા રોગો અને થયેલા રોગોમાંથી મુક્તિ અપાવનારી છે.

આ ચિકિત્સાનો લાભ ઘરઆંગણે છે જ, હા આપણા ન્યૂ વલ્લભ વિદ્યાનગરમાં આવેલી 'એસ.જી. પટેલ આયુર્વેદિક હોસ્પિટલ'માં ઉપલબ્ધ છે. આણંદ-વિ.વિદ્યાના ઘણા લોકો આ ચિકિત્સાનો લાભ લઇને શરીરને નિરોગી રાખી રહ્યા છે તો આવો આપણે પણ આપણા ઋષિમુનિઓની આ દેનને શરીરના આરોગ્ય માટે ઉપયોગમાં લઇએ.

(૧. દ્વિતીય વર્ષ બી.એ.એમ.એસ.નાં વિદ્યાર્થીઓ, ૨.આચાર્ય અને સુપ્રિન્ટેન્ડેન્ટ, ૩.સહપ્રાધ્યાપક, દ્રવ્યગુણ વિભાગ, જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૧ ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

॥ સામ્પ્રત ॥

# ભારત-ચીન સંબંધોનો મહિમા

## હરિ દેસાઇ

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ત્રિદેશીય વિદેશયાત્રા ભણી સૌની મીટ મંડાયેલી હોય ત્યારે ચીન, મોંગોલિયા અને દક્ષિણ કોરિયાના પ્રવાસમાં સૌથી વધુ મહત્ત્વ ચીન સાથેના સંબંધોમાં કેવી નવી ઉષ્મા ભરવામાં એ સફળ રહેશે એ ગણાશે. ભારત અને ચીન બેઉ પ્રાચીન સંસ્કૃતિ ધરાવતાં રાષ્ટ્રો હોવા ઉપરાંત વિશ્વનાં સૌથી મોટાં રાષ્ટ્ર હોવાની હકીકત કેન્દ્રસ્થાને છે. ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે પોતાના વતનપ્રાંતમાં વડાપ્રધાન મોદીની આગતા-સ્વાગતા કરી એટલા માત્રથી રાજીના રેડ થઇ જવાની જરૂર નથી. મોદીએ ચીની રાષ્ટ્રપતિને અમદાવાદમાં આવકાર્યા, ઝૂલે ઝૂલાવ્યા અને ચા-પાણી કરાવ્યાં. એ રીતે વડાપ્રધાન ચીનની મુલાકાતે ગયા ત્યારે રાષ્ટ્રપતિ શીએ પ્રોટોકોલને બાજુએ સારીને એમનું સ્વાગત કર્યું. એમાં વધુ પડતું સમજવાની જરૂર નથી. બીજિંગમાં ભારત અને ચીન વચ્ચે જે ૨૪ કરાર થયા એમનો અમલ કઇ રીતે થાય છે એ મહત્ત્વનું છે. શી ગયા સપ્ટેમ્બર મહિનામાં ભારત આવ્યા ત્યારે થયેલા બંને દેશો વચ્ચેના કરારોના અમલ આજના સમયે સમીક્ષા માગી લે છે.

વર્ષ ૨૦૦૩ના જૂનમાં તત્કાલીન વડા પ્રધાન અટલબિહારી વાજપેયી ચીનની મુલાકાતે ગયા હતા. ભારત તરફથી તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ ગણાવવા સાટે સિક્કિમને ભારતીય પ્રદેશ તરીકેની આડકતરી કબૂલાત કરાવવામાં વાજપેયી સફળ રહ્યા હતા. સિક્કિમને ૧૯૭૫માં તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ જનમત લેવડાવીને ભારત સાથે જોડવાના સંજોગો સર્જ્યા હતા અને એ ભારતનું રાજ્ય બન્યું હતું. જોકે, ચીન એને ભારતનું અંગ સ્વીકારતું નથી. વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની જેમ મોદી પણ ભૂતાનમાં જનમત લેવડાવીને એને ભારત સાથે જોડવામાં સફળ રહે તો એમની વાહવાહ થવી સ્વાભાવિક છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના સરસંઘચાલક કુપ્પહલ્લી સીતારામૈયા સુદર્શને એનડીટીવીના વૉક-ધટૉકમાં શેખર ગુપ્તાને ભારતીય વડા પ્રધાનોમાં સર્વશ્રેષ્ઠ વડા પ્રધાન તરીકે ઇન્દિરા ગાંધીનું નામ આપ્યું હતું. એનાં અનેક કારણો હતાં. પાકિસ્તાનને ભાંગીને એની પૂર્વ પાકિસ્તાન પાંખને બાંગલાદેશમાં રૂપાંતરિત કરવામાં ઇન્દિરાજીનું યોગદાન બેનમૂન હતું. નંબર-વનના આકાંક્ષી નરેન્દ્ર મોદીએ હજુ ઘણું કરવાનું છે. રાતોરાત ચીન ભારતનું મિત્ર થઇ જાય એવું નથી.

ચીનની વાત આવે ત્યારે વડા પ્રધાન વાજપેયીના કાર્યાલયમાં કાર્યરત મંત્રી રહેલા પ્રમોદ મહાજને (હવે સ્વ.) 'સો ચૂહે માર કે બિલ્લી હજ કરને' જેવો શબ્દ પ્રયોગ કરીને ક્ષમાપ્રાર્થના કરવી પડી હતી, એ વાતનું સ્મરણ થવું સ્વાભાવિક છે. વિદેશનીતિ અને રાજનીતિમાં ઘણું અંતર છે. ઘરઆંગણે રાજકારણના ખેલ ખેલવામાં પણ સરદાર પટેલ કે જવાહરલાલ નેહરુ જેવા નેતાઓ પરિપક્વતા જાળવી વિદેશી સંબંધોમાં પણ એટલી જ ગરિમા જાળવીને રાજનેતાથી વિશેષ રાજપુરુષ(સ્ટેટ્સમેન)નું બિરુદ હાંસલ કરે છે, ત્યારે વર્તમાન શાસકોએ પરિપક્વતા કેળવવાની ખૂબ જરૂર છે. વિદેશમાં જઇને ઘરઆંગણાના રાજકારણની વાતને છેડવાનું ઇન્દિરા ગાંધીની ઇમર્જન્સી જેવા અપવાદરૂપ સંજોગોમાં જ વિપક્ષના નેતાઓ કરે તો એને લોકશાહીના જતન કે બચાવના ઘટનાક્રમ સાથે મેળ બેસાડવાનું શક્ય ગણાય, પરંતુ વિદેશની ધરતી પર ભારતીય સત્તાપક્ષના અગ્રણીઓ કે મંત્રીઓ પોતાના દેશના વિપક્ષ કે પૂર્વ સત્તાપક્ષની બદબોઇ કરે તો એને સારા સંકેતોમાં ગણાતું નથી. ભાજપના વરિષ્ઠ નેતા અને વાજપેયી સરકારમાં નાયબ વડા પ્રધાન- ગૃહ પ્રધાન રહેલા લાલકૃષ્ણ આડવાણી પાકિસ્તાનની મુલાકાતે ગયા ત્યારે એમને ત્યાંનાં પ્રસાર માધ્યમોના પ્રતિનિધિઓએ સોનિયા ગાંધી વિશે ઘણા સવાલ કર્યા હતા.આંડવાણીની જીભ ત્યાં એકેય વાર લસરી નહોતી. એમણે સતત એક જ ઉત્તર વાળ્યોહતોઃ 'શી ઇઝ અવર લીડર'. ઘરઆંગણે સોનિયા ગાંધી પર આક્ષેપોની ઝડી વરસાવનાર આડવાણીએ વિદેશમાં સોનિયા ગાંધીને કૉંગ્રેસનાં નેતા નહીં, પણ 'અમારાં નેતા' ગણાવ્યાં હતાં, એ ઘણું બધું સૂચક છે. આજના ભાજપીનેતાઓએ આ બોધપાઠ લેવો ઘટે.

ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં સુધારણાની અપેક્ષા જરૂર કરીએ, પરંતુ ચીનનો વિશ્વાસ કેટલો કરી શકાય એ વીતેલા દાયકાઓ દરમિયાનના એના આચરણમાંથી સમજી શકાય છે. બંને દેશોની પ્રાચીન સંસ્કૃતિની વાતનાં ગાણાં ગાવા માત્રથી ભારત અને ચીન વચ્ચે ફરીને ભાઇ-ભાઇના સંબંધ પુનઃસ્થાપિત થઇ જાય એવું નથી. વડાપ્રધાન મોદી ત્રણ દિવસ ચીનની મુલાકાત લઇ ચીની રાષ્ટ્રપતિથી લઇને ત્યાંની પ્રજા સુધી સૌની સાથે હળેમળે એટલા માત્રથી ભારત-ચીન સંબંધો સારા થઇ જાય એવું નથી. રાજદ્વારી સંબંધોની પ્રગતિ ધીમી હોય છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા કે ચીનીપ્રમુખ શી જિનપિંગને ચા પીરસવાથી, 'ચાય પે ચર્ચા'ની ઘોષણાથી બે દેશોના સંબંધો સુધરી જતા નથી. સંબંધો સુધરવામાં વર્ષો કે દાયકા લાગે છે, પણ એ કથળવાના હોય તો જરા અમથું છમકલું એના માટે પૂરતું હોય છે. ચીન હોય કે મોંગોલિયા, દક્ષિણ કોરિયા હોય કે અમેરિકા, રખે આપણે માની લઇએ કે કોઇને ભારત કે ભારતીય સંસ્કૃતિ માટે પ્રેમ ઊભરાઇ જાય છે અથવા તો કોઇ ભારતને વિશ્વગુરુ તરીકે સ્વીકારી લેવા તલપાપડ છે. પ્રત્યેક દેશ પોતાનું હિત જોઇને જ અન્ય દેશ સાથેના સંબંધોમાં હૂંફ કે બરછટપણું દર્શાવે છે. બે દેશ વચ્ચેના સંબંધો સુધારવાની દિશામાં અનુકૂળતા જોવા મળે તો એ સુધારા માટેનાં અનેક 'કૉમન ગ્રાઉન્ડ્સ' મળી આવે છે.

ભારતમાંથી બૌદ્ધ ધર્મ ચીન, તિબેટ, મોંગોલિયા, કોરિયા કે બર્મા(મ્યાનમાર), સિલોન(શ્રીલંકા) ભણી પ્રસર્યો. બુદ્ધ જન્મ્યા તો લુમ્બિની(નેપાળ)માં, પણ ઉત્તર ભારતમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર વધ્યો. જો કે બ્રાહ્મણવાદી પરંપરાઓએ એમના ધર્મને રીતસર દેશવટો દીધો. ૧૨૦૦ વર્ષ પછી ડૉ.બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધ ધર્મને ભારતમાં પુનઃસ્થાપિત કરવાનું કામ કર્યું. એ પહેલાંની સદીઓમાં બૌદ્ધ ધર્મને કોઇએ જાળવ્યો તો ચીન, તિબેટ, બર્મા કે શ્રીલંકાએ. પ્રાચીન સંસ્કૃતિનાં અંતરંગ મિલનો ભારત અને ચીનને ક્યારેક એક કરતાં હતાં. ૧૯૨૪માં કવિવર રવીન્દ્રનાથ ટાગોર ચીનના પ્રવાસે ગયા અને ત્યાં એમનો આદરસત્કાર થયો. તેમણે વ્યાખ્યાનો આપ્યાં. એ વેળા ભારત ચીનના મોટાભાઈની અવસ્થામાં ગણાનાર દેશ હતો. આજે એ સ્થિતિ રહી નથી.

૧૯૪૯માં માઓની ક્રાંતિને પગલે ચીન સામ્યવાદી બન્યું. સમયાંતરે એ ભારતથી દૂર થતું ગયું. ૧૯૫૦માં નેહરુ વડા પ્રધાન હતા અને સરદાર પટેલ નાયબ વડાપ્રધાન. બંનેના ચીનવિષયક અભિગમ નોખા હતા. નેહરુને 'હિંદી-ચીની ભાઈ ભાઈ'માં વિશ્વાસ હતો. સરદાર પટેલને તિબેટને ગપચાવનાર ચીનની આંખોમાં રમતાં સાપોલિયાં અને એના દુષ્ટ ઇરાદા દેખાતા હતા. તિબેટના ધાર્મિક નેતા અને રાજકીય શાસક દલાઇ લામા ૧૯૫૯માં ભારત ભાગી આવ્યા અને હજારો તિબેટવાસીઓ સાથે આજ લગી એમણે ભારતમાં રાજ્યાશ્રય મેળવ્યો છે. દલાઇ લામાને રાજ્યાશ્રય આપવાના મુદ્દે જ ચીને છંછેડાઇને ૧૯૬૨માં ભારત પર આક્રમણ કર્યું અને આપણું નાક કાપ્યું. નેહરુ માટે વિશ્વાસુ મિત્ર કનેથી દગો થયાનો આઘાત અસહ્ય થઇ પડ્યો અને ૧૯૬૪માં એ જ આઘાતથી એમનું અવસાન થયું. બેય દેશો વચ્ચેના સંબંધોમાં કટુતા છેક ૧૯૮૮માં રાજીવ ગાંધીએ વડા પ્રધાન તરીકે ચીનની મુલાકાત લીધી ત્યાં લગી જળવાઇ. સમયાંતરે ભારત અને ચીનના નેતાઓની મુલાકાતો અને મંત્રણાઓ વધતી ચાલી એટલે સંબંધોમાં ઉષ્મા જોવા મળી, પણ ગમે ત્યારે ચીની સૈનિકોની ઘૂસણખોરીના અટકચાળા ચાલતા રહ્યા એટલે તંગદિલીનો મામલો અખંડ રહ્યો. જે દલાઇ લામા માટે ભારતે ચીન સાથે ૧૯૬૨નું યુદ્ધ વહોરીને ખાનાખરાબી સહેવી પડી એ જ દલાઈલામા એ હવે તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ ગણાવ્યું છે.

ચીન અને ભારત વચ્ચે વેપારીસંબંધો અને કૈલાસ-માનસરોવરની યાત્રાના વધુ એક રૂટની છૂટછાટ સહિતના કરારો છતાં બેઉ દેશ અરુણાચલ પ્રદેશ અને સિયાચીનના મુદ્દે હજુ સંમતિ સાધી શક્યા નથી. બંને દેશો વચ્ચેની સરહદને અંતિમ સ્વરૂપ અપાયું નથી. ભારત કરતાં પાકિસ્તાન ચીનને નજીકનું લાગે છે કારણ જમ્મૂ-કાશ્મીર પ્રદેશમાં પાકિસ્તાને ગપચાવેલી ભૂમિ અને ચીને બથાવેલી જમીન ભારતને પરત કરવાની વૃત્તિ એનામાં નથી.

વાજપેયી સરકાર વેળા તિબેટને ચીનનો પ્રદેશ જાહેર કરવાનું પગલું ભારતે ભર્યાં છતાં બેઉ દેશો વચ્ચે વિશ્વાસ બેસે એવી પ્રગતિ સાધી શકાઇ નથી. ઓછામાં પૂરું સરહદી પ્રદેશમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી અને અરુણાચલ પ્રદેશને પોતાનો પ્રદેશ ગણાવવાની બદદાનત જ નહીં, એ પ્રકારના નકશા પણ પ્રકાશિત કરવાની એની નીતિ ઉપરાંત ભારતને ચોમેરથી ઘેરવાની વૃત્તિને અનુસરવા જેવાં પગલાં સરદાર પટેલે ૭ નવેમ્બર ૧૯૫૦ના રોજ પંડિત જવાહરલાલ નેહરુને લખેલા તિબેટ અને ચીનવિષયક પત્રમાં વ્યક્ત કરેલી શંકાઓને સુદૃઢ કર્યા વિના રહેતાં નથી. નવાઇ એ વાતની છે કે ચીન વારંવાર ભારતીય પ્રદેશમાં ઘૂસણખોરી કરે છે, ભારત સરકાર એ સામે વિરોધ નોંધાવે છે છતાં ભારતીય સંસદમાં સંરક્ષણમંત્રી મનોહર પર્રીકર લિખિત ઉત્તરમાં ૫ મે ૨૦૧૫ના રોજ એવું કહે છે કે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ચીની લશ્કરીદળોએ ભારતીય પ્રદેશોમાં આવી કોઇ ઘૂસણખોરી કરી નથી!

૧૯૫૪માં ભારતીય વડા પ્રધાન જવાહરલાલ નેહરુ ચીનની મુલાકાતે ગયા. એ પછી છેક ૧૯૮૮માં એમના દોહિત્ર અને ભારતીય વડા પ્રધાન રાજીવ ગાંધી ચીનની મુલાકાતે જનારા બીજા વડા પ્રધાન હતા. ૧૯૯૩માં વડા પ્રધાન પી. વી. નરસિંહ રાવ અને ૨૦૦૩માં વડા પ્રધાન અટલબિહારી વાજપેયી ચીનની મુલાકાતે ગયા હતા. એમના અનુગામી ડૉ.મનમોહન સિંહ ૨૦૧૩માં ચીનની ત્રિદિવસીય મુલાકાતે ગયા પછી વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ત્રિદિવસીય ચીન મુલાકાત યોજાતી હોય ત્યારે બેઉ દેશો વચ્ચે સંબંધ સુધારવાની કવાયતનું સાતત્ય જોવા મળે છે. વાજપેયી ચીન ગયા ત્યારે ચીની વિદ્યાર્થીઓ સમક્ષ કવિ તરીકે પેશ થયા હતા અને ભારતીય બાબતોના અભ્યાસ કેન્દ્રનો શુભારંભ કરીને આવ્યા હતા. વડાપ્રધાન મોદી પણ કવિહૃદય છે. એ ચીનમાં મહાત્મા ગાંધી કેન્દ્રનો શુભારંભ કરાવીને 'તોપના નાળચામાંથી સત્તાને પ્રગટતી નિહાળનાર' માઓ ઝેડાંગના ચીનને અહિંસાનો સંદેશ આપવાનો સંકલ્પ કર્યો હોય એવું લાગ્યા વિના રહેતું નથી. ચીને જમ્મૂ-કાશ્મીર અને અરુણાચલ પ્રદેશ વિનાના ભારતના નકશાને એનાં પ્રસાર માધ્યમોમાં વડાપ્રધાન મોદીની ચીન મુલાકાતે ટાણે જ દર્શાવવાની દાખવેલી ગુસ્તાખી અંગે ભારત તરફથી વિરોધ નોંધાવાયો કે મૌન સેવવામાં આવ્યું એની સ્પષ્ટતા પણ વડાપ્રધાને કરવી રહી. માત્ર પ્રાચીન સંસ્કૃતિઓ અને કૈલાસ માનસરોવરના જૂન ૨૦૧૫થી શરૂ થનારા નવા રૂટને બીજિંગની લીલી ઝંડી મળ્યા માત્રથી સંતોષ માની લેવાની જરૂર નથી.

(નિયામકઃ સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપ,
સીવીએમ બંગલો-૧૮, ભાઇકાકા લાઇબ્રેરી સામે,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મો:૯૮૯૮૫૪૩૮૮૧)

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફતી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિામાં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિા માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ **'ચારુતર વિદ્યામંડળ'**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ડૉ. હરિ દેસાઈ**
**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર**, સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ,
ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર- ૩૮૮૧૨૦, જિ. આણંદ
ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭, ૯૮૯૮૫૪૩૮૮૧
ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com, haridesai@gmail.com

લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦
**આજીવન :** ₹ ૧૫૦૦
**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ **£** આજીવન ૧૦૦ $ અથવા ૭૦ **£**
**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦

# વરસાદ ભીંજવે

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે

ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઊગ્યું રે વરસાદ ભીંજવે
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે

નહીં છાલક, નહીં છાંટા રે વરસાદ ભીંજવે
દરિયા ઊભા ફાટ્યા રે વરસાદ ભીંજવે
ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે
ધૂળ લવકતા રસ્તા ખળખળે વળાંક ખાતા ખૂટ્યા રે વરસાદ ભીંજવે

પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે
નેવાં નીચે ભડભડ બળતો જીવ પળવા મેલો રે વરસાદ ભીંજવે

બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે
લીલોઘમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે વરસાદ ભીંજવે

અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે
થરથર ભીંજે આંખકાન વરસાદ ભીંજવે
કોને કોનાં ભાનસાન વરસાદ ભીંજવે

- રમેશ પારેખ

V-Vidyanagar 17 (5) June 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Monday, 25.05.2015 No. of Pages 40 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# Fisherman



**Chandrakant Prajapati**

Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)